કર્મયોગી સ્વ. સાંકળચંદ પટેલ જીવનઘડતર ગ્રંથશ્રેણી : 4

# મેઘાણીચરિત

કનુભાઈ જાની



ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ પ્રકાશન

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ ઇ-બુક શ્રેણી : 3

કર્મયોગી સ્વ. સાંકળચંદ પટેલ જીવનઘડતર ગ્રંથશ્રેણી : 4

# મેઘાણી ચરિત

લેખક

**કનુભાઈ જાની**

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના પ્રકાશનો ઓનલાઈન જોવા માટે લિંક
https://gujarativishwakosh.org/ebooks

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ
અમદાવાદ

**Meghanicharit : A biography of Zaverchand Meghani**
by **Kanubhai Jani**
Pub. : Gujarat Vishvakosh Trust
Usmanpura, Ahmedabad 380 013

© ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ

પહેલી આવૃત્તિ : 2002
પુનર્મુદ્રણ : ફેબ્રુઆરી 2006

કિંમત : રૂ. 80-00

: પ્રકાશક :
ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ
રમેશ પાર્કની બાજુમાં, વિશ્વકોશ માર્ગ, ઉસ્માનપુરા,
અમદાવાદ – 380 013. ફોન નં. 2755 1703

: મુદ્રક :
ક્રિશ્ના ગ્રાફિક્સ : નારણપુરા ગામ, અમદાવાદ - 380 013

: પ્રાપ્તિસ્થાન :
ગૂર્જર એજન્સીઝ, રતનપોળ નાકા સામે, ગાંધીમાર્ગ,
અમદાવાદ - 380 001
ફોન નં. 22144663, 22149660
*
ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ

# પ્રકાશકનું નિવેદન

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટે ગુજરાતી ભાષામાં વિશ્વકોશની ગ્રંથશ્રેણી ઉપરાંત મહત્વના લોકોપયોગી વિષયો અને વિશિષ્ટ વ્યક્તિઓ વિશે પ્રમાણભૂત અને સર્વગ્રાહી માહિતી અલગ પુસ્તક રૂપે પ્રગટ કરવાનો ઉપક્રમ રાખેલો છે. તે મુજબ આજ સુધીમાં ટ્રસ્ટ તરફથી ‘કૅન્સર’, ‘ગાંધીચરિત’, ‘ગુજરાત’, ‘ગુજરાતના સ્વાતંત્ર્યસૈનિકો’ (માહિતીકોશ), ‘ભૂકંપ : માહિતી અને ઘટના’, ‘વિરલ વિભૂતિ વિક્રમ સારાભાઈ’, ‘વિશ્વકોશવિમર્શ’ તથા ‘નાટક દેશવિદેશમાં’ પ્રકાશિત થયેલ છે.

હવે ‘રાષ્ટ્રીય શાયર’નું બિરુદ પામેલા, ગુજરાતના લોકસાહિત્યના સમર્થ સંશોધક ને ઉદ્ધારક ઝવેરચંદ મેઘાણી વિશેનું પુસ્તક તે વિષયના આરૂઢ અભ્યાસી પ્રો. કનુભાઈ જાની પાસેથી ઉપલબ્ધ થાય છે. તેમાં સાહિત્યકાર મેઘાણીનું સર્વ પાસાંને પ્રગટ કરતું સંપૂર્ણ ચરિત રોચક અને તળપદી શૈલીમાં લેખકે ઉપસાવી આપ્યું છે.

ગુજરાતી ભાષામાં વિશ્વકોશ હોવો જ જોઈએ એવો સંકલ્પ કરી વિશ્વકોશના ભગીરથ કાર્યની પ્રેરણા આપનાર સ્વ. સાંકળચંદભાઈ પટેલની સ્મૃતિમાં આ સંસ્થા ‘કર્મયોગી સ્વ. સાંકળચંદ પટેલ જીવનઘડતર ગ્રંથશ્રેણી’ પ્રગટ કરી રહી છે. તેમાં ‘ગુજરાતના સ્વાતંત્ર્યસૈનિકો’, ‘ભૂકંપ : માહિતી અને ઘટના’ તથા ‘વિરલ વિભૂતિ વિક્રમ સારાભાઈ’ પછી આ ચોથું પ્રકાશન છે. સાહિત્યરસિક વાચકોને તે ગમશે એવી શ્રદ્ધા છે.

આ પુસ્તક ખૂબ ચીવટપૂર્વક તૈયાર કરવા બદલ પ્રો. કનુભાઈ જાનીનો, સ્વ. શ્રી મેઘાણીના ફોટોગ્રાફ ઉપલબ્ધ કરી આપવા બદલ મેઘાણી પરિવારનો અને મુદ્રણકાર્ય બદલ ક્રિશ્ના ગ્રાફિક્સનો અમે હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

**ધીરુભાઈ ઠાકર**

**કુમારપાળ દેસાઈ**

# અનુક્રમ


સંસ્કાર ........ 13

'સૌરાષ્ટ્ર'માં ........ 18

'રસધાર' ........ 22

'સોરઠી બહારવટિયા' ........ 26

ભાવનગર-નિવાસ ........ 30

કાવ્યપ્રયાણ ........ 34

મુંબઈ-નિવાસ ........ 40

પાછા સોરઠમાં ........ 46

સમાજઘડતર : પુસ્તિકાઓ, વ્યાખ્યાનો, વાર્તાઓ ........ 54

કવિરંગ અને કથારંગ ........ 61

માનવીય ગરિમાની કથા ........ 75

ધણીને દ્વાર ........ 92

પરિશિષ્ટ 1 : મેઘાણીસાહિત્યસૂચિ ........ 104

પરિશિષ્ટ 2 : શબ્દસૂચિ ........ 109

# શેષ-વિશેષ

સાહિત્યકારનું ચરિત્ર નાનું હોય કે મોટું અને ચરિત્રકારે ભલે એનું સાહિત્ય અનેક વાર વાંચેલું હોય છતાં, લખતી વખતે પાછું સમગ્ર સાહિત્ય ફરી વંચાય તો જ લેખન તાજું અને શ્રદ્ધેય બને. પણ (નાનાં-મોટાં સોએક પુસ્તકોવાળા) મેઘાણી જેવામાં એમ કરવા જતાં કેટલો સમય લાગે ! લાગે. પણ સારો રસ્તો તો એ જ.

બીજી વાત : સાહિત્યિક ચરિત્ર ('લિટરરી બાયૉગ્રાફી') બાબતે અન્ય વિવેચકોની સામગ્રી પર બહુ ભરોસો ન રાખવો. જ્યારે સાહિત્યકારની સામગ્રી મબલક ને વિવિધ હોય ત્યારે પ્રત્યેક વિવેચક પોતાની પસંદગી અને અનુકૂળતા પ્રમાણે ચયન કરતો હોવાથી, ક્યારેક કશુંક ન મળે (દા. ત., અમુક પુસ્તિકાઓ વિ. મ. ભટ્ટને ન મળી એમ) કે ન ગમતું હોય તો ટાળતો હોય છે. ને એવા વિવેચકનું નામ મોટું હોય ત્યારે પછી એને અનુસરીને ઘણુંખરું લખાણ થતાં, એણે ટાળેલી સામગ્રી પ્રત્યે પરંપરાથી દુર્લક્ષ અપાતું રહે છે ! ગતાનુગતિકતા બધે છે. મેઘાણીનુંયે કેટલુંક એ રીતે વણજોવાયેલું રહ્યું છે. 'રાજારાણી' જેવું આખું નાટક વર્ષો સુધી ના જ વિવેચાયું ! (વિવેચક એ સમગ્ર સાહિત્યનો વાચક નથી; એ ચાયનિક છે.) મેઘાણીના ચરિત્રસાહિત્યનો જથ્થો સામટો ક્યાં વિવેચાયો ? તેમાંય 'વસન્ત-રજબ અંગેનું તો સંપાદન છે, ચાલશે'–ની વૃત્તિ હોય ! જોયા વિના જ મહત્વ-ના-મહત્વ મનમાં બાંધી લેવાય ! ક્યારેક નવાં વલણો-શાસ્ત્રોની માહિતી વિવેચક પાસે ન પહોંચી હોવાને કારણે કોઈ મહત્ત્વની સામગ્રી ન જોવાય કે સરખી રીતે ન મૂલવાય એમ પણ બને. દા. ત., 'રંગ છે બારોટ' એ મેઘાણીનાં લોકકથાસંપાદનોમાં વધુમાં વધુ શાસ્ત્રીય અભિગમવાળો સંગ્રહ, જે યુનિવર્સિટીમાં આ વિષય હોય ત્યાં તો એક ઉત્તમ પાઠ્યપુસ્તકને અનુરૂપ, પણ 'રસધાર'નો રસપ્રવાહ જોરદાર હોય ત્યાં આ કૃતિ નજરમાંથી છટકે. બહારવટિયાઓ વિશે નવી

દૃષ્ટિએ એ સ્થાનિક ઇતિહાસ અને લોકનો મૌખિક ઇતિહાસ (oral history) છે, એ દૃષ્ટિએ હવે એને જોવો પડે. 'ઓરલ હિસ્ટરી'નો વિષય નવો નથી, પણ એને 'વિદ્યા'–'ડિસિપ્લિન'–તરીકે જોવાની નવી શાસ્ત્રદૃષ્ટિ જે આવી છે તે ખપની છે. મેઘાણીનું ચરિત્રસાહિત્ય નાની નાની પુસ્તિકાઓનું બનેલું, એટલે ઘણુંખરું એ વણજોયું રહ્યાં કરે ! અહીં આ બાબતોનું મેં ધ્યાન રાખ્યું છે.

એમ કરવામાં મેઘાણીવિવેચનાની ક્ષતિપૂર્તિ થાય, એમ કરવા મથ્યો છું. એટલે એવે સ્થળે લંબાણ સહેતુક છે. બાકી, પ્રત્યેક કૃતિનાં વસ્તુ, પ્રકાશન, મહત્વ આદિનો શક્ય તેટલા ઓછામાં ઓછા શબ્દોમાં પરિચય મળે, ને એ રીતે સંક્ષેપે છતાં સમગ્રતયા મેઘાણીનાં જીવન અને શબ્દકાર્ય બન્નેની શ્રદ્ધેય માહિતી મળે તેમ કરવાનો યત્ન છે. એટલે દોડતી કલમે, ક્યાંક તો ઇશારાથી ચલાવીને, કેવળ નોંધ-ટાંચણ આપીને આગળ વધ્યો છું; તો જરૂર લાગી ત્યાં ખપ-પૂરતી ચર્ચા પણ છેડી છે. ચરિત્રના સ્વરૂપની કે શૈલીની ચિન્તામાં પડ્યો નથી. શબ્દોની કરકસર ખરી, પણ તે સમજની વ્યાપ્તિને ન નડવી જોઈએ. ચિત્ર સમગ્રનું મળે, એમાં અગાઉ જે આપણે ત્યાં ચર્ચાઈ ગયું હોય ને ઉપ-લબ્ધ હોય તે છોડવું ને જે મુદ્દો ન ચર્ચાયો હોય કે અન્યથા અનિવાર્ય લાગે તે ઉપસાવવો એવો ઉપક્રમ રાખ્યો છે. પણ આમ થયું – ન થયું તો પરખંદા જે ઠરાવે તે.

સંદર્ભો જુદા આપવાને બદલે જે તે સ્થળે જ આમેજ કરી લીધા છે. સામાન્ય સાહિત્યરસિકને ખ્યાલમાં રાખ્યો છે. વળી, મેઘાણીનું જીવનકાર્ય શબ્દજગતના ત્રિવિધ વિસ્તારોમાં છે : લોકવાઙ્મય, પત્રકારત્વ અને સર્જન. એટલે એમના જીવનચિત્રમાંયે નજર તો માંડેલી રાખી છે શબ્દ પર જ; વ્યા-વહારિક / સામાજિક જીવન પર પ્રસંગે-પ્રસંગે નજર ફેરવતો જાઉં છું એટલું જ. આ જીવનચિત્ર નથી એમ નહીં; પણ મેઘાણીના વ્યાવહારિક / કૌટુમ્બિક જીવન અને એમનાં ચિત્તસંચલનો, મનન-મંથનો વગેરેના ચિત્રણને અહીં બહુ અવકાશ નથી. ફલક સાંકડું પડે. જોકે ઝીણી નજરે જોનારને બાળક-કિશોર ઝવેર, સોરઠી સંસ્કારો અને યુનિવર્સિટીમાંનું ઉચ્ચ અંગ્રેજી શિક્ષણ પામી, કલકત્તામાં 'પઘડીબાબુ' થઈ, 'સૌરાષ્ટ્ર'માં જોડાઈ કલમના અજબ કલાધર બન્યા ત્યાં સુધીના વિકાસનું ચિત્ર, એનાં પરિબળો ને પરિશ્રમ સહિત, મળશે જ – એ માટેની બધી જ મહત્વની ઘટનાઓના ઇશારા સહિત.

ચરિત્ર એ મોટા ફલક પરનું કામ છે. મોટા ફલકને નાની પરિધિમાંય જોઈ શકાય. પણ ત્યારેય તે, શ્રમ તો સરખો જ પડે ! સામગ્રી તો બધી જ જોવી પડે ! આકાશને ઘરમાંથી પણ જોઈ શકાય બારીવાટે; પણ એની બે

શરતો : એ એટલી ઊંચી હોવી જોઈએ કે જેથી સમગ્રને જોઈ શકાય, અને એવી પણ હોવી જોઈએ જ્યાંથી દૃષ્ટિની આડે કશું ન આવે; તથા બારીના સળિયા કે એની જાળી કે એનો કાચ જો હોય તો તે એવાં સાફ હોવાં જોઈએ કે દર્શન સાફ મળે ! ચરિત્ર માટેય આ સાચું છે. સ્મૃતિપટ પર બધું સ્પષ્ટ સમાય એટલે ઊંચે જવું પડે, પછી એની આડે કોઈનાં મૂલ્યાંકનો કે પોતાના ગ્રહો-આગ્રહો ન નડે તેય જોવું પડે.

સાહિત્યિક ચરિત્ર દુર્ગમ છે. આમ તો, ચરિત્ર-માત્ર દુષ્કર; પણ સા-હિત્યકારનું વિશેષે. એનું એક કારણ એ કે એ જણને જીવનની ઘટનાઓ બહાર બને તેથી વિશેષે તો મનમાં ઘટતી હોય છે ! એની એ મનોયાત્રા સુધી પહોંચવા–એટલા પૂરતો ચિત્તપ્રવેશ પામવા એણે મથવું પડે. વળી, બીજાં બે મોટાં ભયસ્થાનો છે : એના સાહિત્યનું જ જો અનુગ્રહણ કરીને ચાલવામાં આવે તો એ જે-તેના વ્યક્તિગત સાહિત્યનો ઇતિહાસ બની જાય; અને સાહિત્યના અભ્યાસની છાનબીનમાં પડો તો એ વિવેચન થઈ જાય. સાહિત્યિક વ્યક્તિને સતત ચિત્તના કેન્દ્રમાં 'ફોકસ'માં રાખવી પડે. આમ છતાં એ સાહિત્યના ઇતિહાસની કે એના અભ્યાસની સામગ્રી તો બને જ. એ આનુષંગિક લાભ છે. એ બન્ને રીતે એની વિશ્વસનીયતા ઘટે નહિ એની તકેદારી રાખવી પડે.

મારો તો અહીં, નમ્રતાનો દાખડો કર્યા વિના કહું તો, એક જ દાવો છે : આ નાના દેખાતા ચાટલામાં આભલું પ્રતિબિંબાવવા ગયો છું ! મૂળ કૃતિઓને આ નિમિત્તે ફરી વાંચીને ચિત્તે તાજી ઝીલીને ચાલ્યો છું. સામગ્રીને કાળક્રમ આપતાં, ખાસ તો એક નાનકડા ગાળામાં જ્યારે એકસામટી ઘણી ઘટનાઓની ભરમાર હોય ત્યારે એની આનુપૂર્વી ઠેરવતાં મૂંઝાયો છું. પણ પ્રયત્ન તો કાળાનુક્રમનો જ રહ્યો છે. હા, એક જ સ્વરૂપની સર્વ સામગ્રીનું સહચિન્તન જરૂરી લાગ્યું ત્યાં કાળક્રમને જડ નિયમ ગણીને વળગી નથી રહ્યો. પણ જાણકારોનેય, જોશે તો, ચોક્કસ સ્થળકાળનિર્દેશનો મારો શ્રમ ને ઉપક્રમ જણાઈ આવશે. ક્યાંક અનિવાર્ય બનેલ કાળવ્યત્યય છતાં એક સતત કાળદોર ચાલુ રહે એમ કરવા મથ્યો છું.

આ કાળનિર્ણયમાં અન્ય સામગ્રી ઉપરાંત બેય પત્રસંગ્રહો (તેમાંય વિશેષે 'લિ૦ હું... આવું છું') મને વારંવાર બહુ ઉપયોગમાં આવ્યા છે. એ જ રીતે 'અંતર-છબિ' પણ. મેઘાણીના અંતર સુધી પહોંચવાની ઇચ્છા/જિજ્ઞાસા/

રસ-વાળા માટે એ બન્ને સંગ્રહો અ-નિવાર્ય બને છે. મને નથી લાગતું કે આવી-આટલી સામગ્રી આ રીતે કોઈ ભાષામાં કોઈ સાહિત્યકારના પરિવારે મોટે મને ને શ્રમપૂર્વક એકત્ર કરીને સુલભ કરી આપી હોય. નવલિકા, કવિતા, નાટક, રસધાર, બહારવટિયા, વિવેચન – એ બધાંની જે સંકલિત આવૃત્તિઓ થઈ એમાં જે-તે રૂપની બધી સામગ્રી એક સ્થળે મળવાનો લાભ તો છે જ, પણ એ સામગ્રી માટેની આનુષંગિક વિગતોની નોંધો પણ એવી સરસ રીતે અપાઈ છે કે ભવિષ્યના ચરિત્રકારને – અને અભ્યાસવાંછુને – ઓછે શ્રમે સહજમાં ઘણું મળી જાય છે ! મેં જ્યાં જ્યાં જેનો જેનો ઉપયોગ કર્યો છે ત્યાં ત્યાં તેનો નિર્દેશ કર્યો છે જ. એ સૌનો હૃદયથી આભારી છું જ. વિનોદભાઈ તથા જયન્તભાઈ મેઘાણીએ થોડીક સરતચૂકો બતાવી, એય ઋણભાવ કેમ ભુલાય ? મહેન્દ્રભાઈ, અનિલભાઈ-ઇન્દુબહેન, નાનકભાઈ – એમને પત્રથી, ફોનથી કે રૂબરૂ સહજમાં સ્વજનની માફક મળી શકાય છે, એનોય આનંદ છે. મેઘાણીનાં પુસ્તકોની સંશોધિત પ્રકાશનસાલ જયન્ત મેઘાણીએ હમણાં જયન્ત કોઠારી સંપાદિત ‘મેઘાણીવિવેચનાસંદોહ’(2002)માં આપી છે. તે હવે શ્રદ્ધેય ગણાય. છેલ્લે તેનું અનુસરણ છે.

લેખનનું કે અભ્યાસનું કોઈ કામ, વ્યક્તિનું લાગે તે પણ અનેકોની હાથ-બટાઈવાળું હોય જ છે. હું તો અભ્યાસનેય સહકારી પ્રવૃત્તિ માનું છું. કરે છે વ્યક્તિ, ત્યારેય પાછળની ભૂમિકા પૂરી પાડી હોય છે અનેકે; અને કામ માંડે છે ત્યારેય તે થોડી થોડી પણ મહત્વની સહાય તો અડખેપડખેથી મળતી જ હોય છે. અભ્યાસમાં એકાન્ત જરૂરી, પણ એકલાપણું નહિ જ ! એ સામૂહિક ચેતનાને પ્રજ્વલિત રાખતો એકાન્તિક યોગ છે.

આ અભ્યાસયોગ સાંપડ્યો જ, તો વસ્તુની ઉપયોગિતા ને મહત્વના મારા અંદાજને જ ખ્યાલમાં રાખી, તેને અનુસર્યો છું. એમ કરવા જતાં પાછલાં પ્રકરણ લાંબાં થયેલાં લાગશે. એ બેને જ ચારેક પ્રકરણમાં વિભક્ત કરીને મૂકત તો સારું દેખાત ! પણ હું સર્જનાત્મક ઢબે નહીં, અભ્યાસાત્મક રીતે જ ચાલ્યો છું. આ શબ્દાનુસંધાની ચરિત છે; મેઘાણીની કલમનો એમના જીવનની ભૂમિકામાં મૂકેલો આલેખ છે; મેઘાણીના જીવનઉદ્યોગનું ચિત્ર છે.


મનેય આ યોગ અહીં સાંપડ્યો તેનું શ્રેય અંગત સંબંધે પણ મારા તો જે આદરણીય વડીલ છે તે ડૉ. ધીરુભાઈ ઠાકરને અને એક વારના મારા સાથી મિત્ર ડૉ. ચન્દ્રકાન્ત શેઠને જાય. વિશ્વકોશનો હું આભારી છું કારણ કે એમણે

મને પૂરતો સમય આપ્યો, અને પછી અધિકરણનું અધિકકરણ પણ આમ પુરસ્કાર્યું ! છેલ્લે છબિઓની પસંદગી વગેરેમાં ડૉ. કુમારપાળે મદદ કરી. એમનો અને સ્વચ્છ મુદ્રણ બદલ ચન્દ્રિકા પ્રિન્ટરીનો પણ આભાર. આવો જ સંતર્પક સ્નેહાનુભવ મારાં આવાં નાનાંમોટાં કામોમાં હાથવાટકો થઈને ને આવા લખાણનો પ્રથમ પ્રતિભાવક બનીને કરાવે છે યુવાન મિત્ર તુષાર પ્ર. રાવળ. બધી ભૂખોમાં મોટામાં મોટી ભૂખ માણસને માણસની. ને એનો આસ્વાદ કંઈ ઓર જ હોય છે. થૅન્ક ગૉડ !

આ ચરિત્રમાં હું મોટે ભાગે મેઘાણીના શબ્દને અનુસર્યો છું. એમના જીવનની વિગતોને મેં આછી ભોંયરૂપ – પોર્ટ્રેટ પેઇન્ટર જેમ એક જ રંગની ભોંય (બૅકગ્રાઉન્ડ) રાખે છે આછી કે ઘેરી – તેમ રાખી છે; પણ એ ભોંય પણ શ્રદ્ધેય બને એની ઘટતી તકેદારી તો રાખી છે જ. છતાં ભૂલો કે સરતચૂકો નહીં હોય એમ કેમ કહું ? જે કામ કરે એને ભૂલોનોય અધિકાર છે. કોઈ બતાવશે તો હું ઉપકૃત થઈશ. પણ આ મુદ્દો તો એ માટે કે આ હજી પૂર્ણ ચરિત્ર નથી; મુદ્દાસરનું, ઘટતી વિગતોવાળું સાહિત્યિક ચરિત્ર છે. અભ્યાસુઓ અને મેઘાણી-જીવન તેમજ સાહિત્યમાં રસ ધરાવનારાઓ બન્નેને ઉપયોગી થશે એમ માનું છું.

**– કનુભાઈ જાની**

‘વેણુ’, 6, ઘોષા સોસાયટી,
થલતેજ રોડ, અમદાવાદ 380 054
ફોન : 6855467



મેઘાણી : ૧૯૩૩

લાગ્યો કસુંબીનો રંગ
રાજ મને લાગ્યો કસુંબીનો રંગ.

જનનીના હૈયામાં પોઢંતાં પોઢંતાં
પાયો ~~[illegible]~~ કસુંબીનો રંગ.

ધોળાં ધાવણ કેરી ધારાએ ધારાએ
પીધો કસુંબીનો રંગ - રાજ

બહેનીનાં હોઠેથી ઝરતાં હાલરડાંમાં
ઘોળ્યો કસુંબીનો રંગ.
~~પ્રભાતના [illegible] [illegible]~~
~~[illegible]~~
છોળ્યો કસુંબીનો રંગ
- રાજ૦

દુનિયાના વીરોનાં લીલાં બલિદાનોમાં
વાંચ્યો કસુંબીનો રંગ.

સાગરને પાર સ્વાધીનતાની કબરોમાં
મહેક્યો ~~[illegible]~~ કસુંબીનો રંગ
- રાજ૦.

ભક્તોના તંબુરથી ટપકેલો મસ્તીભર
ચાખ્યો કસુંબીનો રંગ.
વહાલી દિલદારાના પગની મેંદીમાંથી
ચૂમ્યો કસુંબીનો રંગ
- રાજ૦

° ° °

ધોળી ધોળી જ્વાળાનાં લહરિયાં; રંગીલાં હો!
પીજો કસુંબીનો રંગ.

દોરંગાં દેખી ડરશરિયાં; ટેકીલાં હો!
લેજો ~~[illegible]~~ કસુંબીનો રંગ.

**(મેઘાણીના હસ્તાક્ષર)**

# 1
# સંસ્કાર

ગુજરાતના અગ્રણી લોકવિદ્યાવિદ, સમર્થ સાહિત્યકાર અને ધ્યેયનિષ્ઠ પત્રકાર શ્રી ઝવેરચંદ મેઘાણીનો જન્મ ચોટીલા(સૌરાષ્ટ્ર)માં તા. 28 ઑગસ્ટ, 1896ના રોજ થયો હતો. તેમણે 'વિલાપી', 'શાણો', 'વિરાટ', 'સાહિત્યયાત્રી'–એ તખલ્લુસથી તેમજ દ. સ. ણી., M., JH., Z. એમ સંક્ષિપ્ત સહીથી લખાણો કર્યાં હતાં.

પિતા કાળીદાસ દેવચંદ મેઘાણી (1864-1926) દશા શ્રીમાળી વણિક, એજન્સી-પોલીસમાં નાની પાયરી પર અમલદાર. એમનાં ત્રીજી વારનાં પત્ની (ધારીના વીરજી રૂપાણીનાં પુત્રી) ધોળીમાનું બીજું સંતાન તે ઝવેરચંદ. જન્મ, શાળામાં નોંધાવ્યા પ્રમાણે, સં. 1952ની શ્રાવણ વદ પાંચમે – નાગપાંચમે. 19મી ને 20મી સદીનો એ સંધિકાળ. કાઠિયાવાડમાં 202 રજવાડાં. ખટપટો ને બહારવટાં, એકહથ્થુ રાજાશાહી; ત્યાં એને પોતાની પરિધિમાં લાવવા મથતી અંગ્રેજી હકૂમતની અમલશાહી. એની સામે નવી કેળવણીએ ક્યાંક ક્યાંક જગવેલ અજંપો અને આ બધાંથી અલિપ્ત-અજ્ઞાત અશિક્ષિત, મૂંગે મોઢે બધું સહન કરતો પરંપરાગત જીવન જીવ્યે જતો સંસ્કારસમૃદ્ધ કંઠસ્થ વારસાવાળો બહોળો ભાતીગળ સામાન્ય લોકસમાજ. બહાર આ સ્થિતિ હતી. ઝવેરને ઘરમાંથી મળ્યાં પિતાનાં સાહસ-ટેક, માતાનું મધુર ગળું, ટાંચાં સાધનોવાળા બહોળા

કુટુમ્બમાં રહેવાનું હોઈ કરકસર ને સ્વાશ્રય–સાદાઈના સંસ્કારો. રહેવાનું પોલીસ-બેડામાં, તેથી સાહસશૂરા ગુનેગારોની વાતો ને સ્થિતિ-પ્રશ્નોનો નિકટ પરિચય. પિતાની વારંવાર થતી બદલીઓને કારણે પહાડ-ગાળી, નદી-નેરાં-વોંકળા, ઝાડીજંગલવાળી સૌરાષ્ટ્રની ધિંગી ધરતીનો અને મેર, આહીર, કાઠી, ચારણ જેવી આગવી જીવનરીતિઓ–બોલીઓવાળી તળપદી કોમોનો તથા તેમના કંઠોપકંઠ વહેતા રહેલા સાહિત્યનોયે પરિચય. બેથી આઠની વય રાજકોટમાં; તે સિવાય ઘરથી વેગળા રહીને ભણવાનું. દાઠા, પાળિયાદ, બગસરા, લાખાપાદર, વઢવાણ, અમરેલી... એમ જુદે જુદે સ્થળે ભણવાનું થયું. એકલા પરઘેર કે મિત્રો મળીને અમરેલીમાં 'બગસરા મિત્રમંડળ' કરીને એક ભાડાના મકાનમાં સાથે રહેતા એમ રહેવાનું. રજામાં ઘેર જવા મળે :

> ''પાણીના પ્રવાહ વચ્ચે આવતાં કદી કદી બેસી જનારાં ટારડાં ટટ્ટુ પર, અગર તો ઊઠતાં તેમ જ બેસતાં અસવારના શિશુ શરીરને શીર્ષાસનની તાલીમ આપતા ઉસ્તાદ સરીખા અઢારવંકા ઊંટની પીઠ પર બેસીને....'' ''નદીની ભેખડ પરના અમારા નિવાસોની નાની બારીઓમાં થઈને હૂહૂ–હૂહૂ ભૂતનાદ કરતા પવન સુસવાટાએ મારી નીંદરું ઉડાવી દઈને પહાડોના સંદેશા સંભળાવ્યા છે. ફાગણી પૂનેમની હુતાશણીના ભડકા ફરતા ગોવાળીડા જુવાનો – અને ઘરડાખખ ખેડૂ દુહાગીરો પણ સામસામા દુહાસંગ્રામ માંડતા તેનો હું બાલભોક્તા હતો.''
>
> ('પરકમ્મા', 1981; પૃ. 273-275)

પોતાને એ 'પહાડનું બાળક' કહે છે. નિસર્ગશ્રીના ને લોકવાઙ્મયના સંસ્કારો વ્યાપક. ને કલાપી–ન્હાનાલાલનું વાચન તથા મિત્રમંડળીઓમાં નાટકો-સંવાદો રચી ભજવવાં, જોડકણાં કરવાં, ગીતો લલકારવાં ગમે. તેથી મિત્રોમાં 'વિલાપી' તરીકે સ્થપાયેલા ઝવેરચંદ 1912માં અમરેલીથી મૅટ્રિક થયા ને જૂનાગઢનું એક સત્ર (જુનિયર બી.એ.નું) બાદ કરતાં ભાવનગરની શામળદાસ કૉલેજમાંથી 1917માં અંગ્રેજી–સંસ્કૃત સાથે બી.એ. થયા. દરમિયાન એક કાવ્ય શિખરિણીમાં લખ્યું :

> ''નિહાળું છું આજે જગતરમતી મંગલપ્રભા''

– એવો આરંભ; પણ છેલ્લે જાગૃતિસૂચક નિઃશ્વાસ :

> ''ગયાં ચાલ્યાં રે શું મુજ જીવનનાં વીશ વરસો !
> પ્રભાતો કૈં આવાં ઝળહળ પ્રકાશી વહી ગયાં,
> છતાં મારાં ગાત્રો ક્યમ નવ અરે, જાગ્રત થયાં ?''

શામળદાસ કૉલેજ મૅગેઝિનના બીજા અંકમાં (Vol. I, No. <, 1916-17) 'M' સંજ્ઞાથી 'કંઈક જુદું' મથાળે એક વાર્તા લખી. તે પછીના અંકમાં (Vol. II, Nos. 1-2) 'M'ની સંજ્ઞાથી 'અધીરીના ઉમળકા' નામે લખાણ છે તે પણ વાર્તાત્મક છે. કપિલભાઈ ઠક્કર જેવાની મૈત્રી. એમને ત્યાં કપિલભાઈ, એમના ભાઈ રામુભાઈ અને ઝવેરચંદ કાવ્યરચનાવિનોદે ચડે; ત્રણેએ શીઘ્ર રચના કરતા જવાની એવી રમત !

> ''અમારા કારખાનામાં કવિતાઓ બને ઝાઝી !''

કેવી ? નીચેની પંક્તિઓમાં કપિલભાઈ, રામુભાઈ ને ઝવેરચંદ ત્રણેય ક્રમે કહે છે :

> ''પ્રત્યેક કવિતા એક તાકા રૂપ છે.
> અમ ઇશ્કનો સંચાર ઊંડો કૂપ છે,
> અહીં આશકોની જીભ સઘળી ચૂપ છે.
> તેની દવા લોબાનનો ને લીંબડાનો ધૂપ છે.''

('વીસમી સદી', 1919, ફેબ્રુ.; પૃ. 375)

વળી એ ઘરમાં લોકસાહિત્ય પણ સજીવ. મોંઘીબાને હૈયે વ્રતકથાઓ ને લોકગીત સહજમાં છલકાય : રાધાની રઢ :

> ઊડણ દાંત ન વોરશો
> હું નૈં પે'રું જમણે હાથ;
> પીળા પોગરનો ચૂડલો રે
> મારી બાવડલી ઢંકાય !

હાલરડાં ને ભજનોય તે :

> ''સમસ્ત કુટુમ્બ મારે માટે ગીતો-વાતોનું અખૂટ પરબ.''

('અંતરછબિ', પૃ. 124)

કપિલભાઈ એક હરિજન-છાત્રાલય ને સનાતનધર્મ હાઈસ્કૂલના સંચાલનમાં પણ સક્રિય. મેઘાણીએ કૉલેજકાળ દરમિયાન એક પૂનમે હરિજન-છાત્રાલયમાં જઈ એક હરિજનને હાથે પાન ખાધેલું ને પછી જમવામાં થયેલો બહિષ્કાર વહોરેલો. 1915માં ગાંધીજી આવતાં તેનો પ્રભાવ પણ પડેલો સૌ મિત્રો પર, ને સ્વદેશી વસ્તુઓનું વેચાણ ને સેવાકાર્યો પણ ચાલ્યાં. મેઘાણી બી.એ. થયા તે જ સાલ. (1917) મે માસમાં કપિલભાઈના સ્નેહી ને કલાપીમિત્ર દરબારસાહેબ વાજસુર વાળાએ થિયૉસૉફીનો જે શિબિર યોજ્યો તેમાં જવાનું થતાં મેઘાણીને, જેમને એ પોતાના લોકસાહિત્યના એક રાહબર માનતા તે, દરબારસાહેબનો નિકટનો પરિચય થયો અને રાસ-ભજન-લોકગીત-ગાન-લોકકથાનો એમને ચિત્તે પ્રથમ ઊંડો વ્યાપક સંસ્કારપટ પડ્યો. એમ.એ. કરવાના ખ્યાલથી, બી.એ. પછી તુરત, ભાવનગરની સનાતનધર્મ હાઈસ્કૂલમાં ખંડ સમયના શિક્ષક તરીકે બે વરસની બાંહેધરીથી જોડાયા. ઔદીચ્ય-બોર્ડિંગમાં ગૃહપતિકાર્ય સ્વીકારી, માતા-પિતા વગેરેને બોલાવી લીધાં. નાટક, ગાન, સ્વદેશીપ્રચાર, શાળા-બોર્ડિંગનું કામ, એમ.એ.ની તૈયારી, ક્યારેક વળી જાહેર વ્યાખ્યાન (દા. ત., 1918માં મહાસભાસપ્તાહની ઉજવણી નિમિત્તે ‘સ્વરાજ્ય’ પર) – એમ પ્રવૃત્તિરત હતા, ત્યાં 1918ના મેના અરસામાં કલકત્તામાં મોટા ભાઈ લાલચંદભાઈની માંદગીનું જાણ્યું કે ત્યાં પહોંચ્યા.

**કલકત્તામાં**

લાલચંદભાઈની માંદગી લંબાઈ ને ઝવેરચંદને રોકાવાનું થયું. પહોંચ્યાનાં થોડાં અઠવાડિયાંમાં જ બંગાળી આત્મસાત્ કરી લીધું હતું. ત્યાં સોરઠી ઉદ્યોગવીરો – રામજીભાઈ કામાણી, હરખજી વ્યાસ અને ગાંધીપ્રેમી સખાવતી જીવણલાલ મોતીચંદ શાહનો સંપર્ક થયો. એમની પેઢી ત્યારે પારસી એદલજી ગઝદરની હૂગલી પારની ધૂંસરીની જમીન પર ઍલ્યુમિનિયમનાં વાસણોનું કારખાનું કાઢવાની હતી; એમાં વિદેશ અને સરકારના વ્યવહારમાં પદે પદે અંગ્રેજીની જરૂર પડતી; ઝવેરચંદને ય ફેરફાર અનુકૂળ લાગતાં રહી ગયા. (1918) ત્યાં પણ સહવાસીઓ ગાનપ્રેમી – સાહિત્યપ્રેમી હતા. ઝવેરચંદને વાંચવાનો તો એવો નાદ કે જમવા સુધ્ધાંનો સમય વાંચવામાં વાપરતા ! રવીન્દ્ર–દ્વિજેન્દ્રનાં ગીતો–નાટકો, વાર્તાનુવાદો, રવિવારીય બ્રહ્મોસમાજમાં વ્યાખ્યાનશ્રવણ, બંગાળી લોકકથા, બાલકથાઓ, મિત્રમજૂમદાર ને સેનનાં લો-

કસાહિત્યનાં પુસ્તકો – એમ, વ્યવસાયની સમાન્તરે, જોરદાર પ્રવૃત્તિ ચાલી. રૂપાન્તરો પણ કરે ને સ્નેહીઓને સંભળાવે. કારખાનું વિકસ્યું ને વિલાયતનો ત્રણેક માસનો સફળ ફેરો પણ થયો. કારખાનામાં આ 'પઘડીબાબુ' સૌના લાડકા અને મૅનેજર જેવા. મૅનેજરપદું પણ હાથવેંતમાં જ હતું. પણ અંતરનું સંચલન જુદું હતું. એક અંતરદીપ આ પ્રવાસીને યાત્રાપથ પલટવાનું કહેતો હતો ! એક ઊંડી અકળ વેદના વચ્ચે એ દીવડો વારંવાર ઝબૂકતો હતો ! એક મિત્રને પત્રમાં ત્યારે લખે છે :

> "The lamp was burning there, in that ruined temple,
> with its light unimpaired..."

દીપ કહે છે, ઓ પ્રવાસી, તેં જન્માન્તરોથી આપેલું વચન પાળ. ('લિ. હું...', પૃ. 51) ઉજાસના અહેસાસવાળો એ અંધકારનો યાત્રી જાણે ગાઈ ઊઠે છે : મેઘાણીભાઈનું એ પહેલું ગીત : (રાગ બિહાગ) :

> દીવડો ઝાંખો બળે ! રે મારો.....

1918નું એ મંથન, '21 સુધી અંતરમાં ચાલ્યું છે. આ તરફ ચપટી વગાડતામાં તરક્કી (મૅનેજરપદ) છે, ત્યાં અચાનક અંતરના અવાજને અનુસરવાનો નિશ્ચય કરી, મિત્રને એની જાણ કરે છે. આવો પત્ર (તા. 18-9-1921) બીજા કોઈનો જાણમાં નથી !

> "નવા જીવનની છોળો આવી છે. જીવનનો ગંભીર ધ્વનિ કાને પડ્યો છે. એક અદશ્ય હાથની ઇશારત હું મારી સામે જોઈ રહ્યો છું, અને જવાબ આપું છું કે 'આવું છું...' અંધારું થતું જાય છે... ધરાઈને આવું છું. જીવનની આ ગોધૂલિને સમયે, અંધકાર અને પ્રકાશની મારામારીને વખતે મારો ગોવાળ મને બોલાવી રહ્યો છે. હું રસ્તો નહીં ભૂલું. એના સાદને હું ઓળખું છું.... લિ. હું આવું છું."
>
> ('લિ. હું આવું છું', પૃ. 64)

અને સાડાત્રણેક વર્ષના કલકત્તાવાસ પછી એ બગસરા પહોંચી ગયા. (નવેમ્બર 1921).

●

# 2

# ‘સૌરાષ્ટ્ર’માં

**લગ્ન અને વ્યવસાય : રાણપુર :**

હડાળાદરબાર સહિત અન્ય ત્રણેક મિત્રો જોડે વ્યવસાયની ચર્ચા; ત્યાં ને બંગાળીમાં વાંચેલી તે બાલકથાઓનું રસાયણ કરી ‘ડોશીમાની વાતો’ની અને રવીન્દ્રકૃત ‘કથા ઓ કાહિની’ની પદ્યકથાઓના ગદ્યરૂપાન્તરની હસ્તપ્રતો; તાજા શરૂ થયેલ ‘બાલમિત્ર’માં મોકલી અંગ્રેજીમાંથી કરેલ રૂપાન્તરિત કથાઓ અને બે રચનાઓ ‘માઘેલો બાળ’ અને ‘દાદાજીના દેશમાં’ : એમ લેખન-કાર્ય ચાલ્યાં. રૂપાન્તરની હથોટી બેઠી. રવીન્દ્રકૃત ‘માતૃવત્સલ’ની આ પંક્તિઓ રૂપાન્તર નહીં લાગે :

> “હું મોજું જળનું બનું, તું પરદેશી તીર,
>
> દેશાટન કરતો ફરું, તારે સકળ શરીર.”
>
> (‘સોના-નાવડી’, 1997; પૃ. 242)

દરમિયાનમાં, ક્ષયગ્રસ્ત લાભુબહેનને આગ્રહે, મુંબઈમાં કાપડના વેપારી મણિલાલ માણેકચંદ શાહની પુત્રી, જે ત્યારે, ક્રિકેટર અને અમલદાર બન્ને તરીકે જાણીતા એના માસા શિવલાલ પુ. ગોસળિયાને ત્યાં જેતપુર રહેતી તે દમયન્તીબહેન સાથે લગ્ન થયાં (જૂન, 1922). તે પહેલાં, 2-10-1921ને રોજ રાણપુરથી અમૃતલાલ શેઠે ‘સૌરાષ્ટ્ર’

સાપ્તાહિક શરૂ કરેલું તેમાં મોકલેલ 'મોતીની ઢગલીઓ', 'અમર રસની પ્યાલી' અને 'ચૉરાનો પોકાર' જેવાં લખાણ વાંચીને, લગ્ન પછીને જ મહિને, રાખી લીધા; તેથી રાણપુર ગયા (જુલાઈ, 1922) ને કુટુમ્બને પણ બોલાવી લીધું. સ્વરાજની લડતના જુવાળ-ટાણે, સેંકડો રજવાડાંના ત્રાસ સામે, એમની વચમાં રહીને આવું સાપ્તાહિક – ટાંચાં સાધને – પણ જોડાનારે એક બનીને ચલાવવું એ એક પ્રકારનું બહારવટું જ હતું. એમાં અમૃતલાલ શેઠની સાથે હતા કકલભાઈ, હરગોવિંદ પંડ્યા, 'સુશીલ' (ભીમજીભાઈ પારેખ), બળવન્તરાય મહેતા જેવા. પત્ર આરંભાયા પછીના નવેક માસ બાદ જોડાયા મેઘાણી.

## પત્રકારત્વ અને લોકવિદ્યા

એ સાપ્તાહિક હતું. એટલે સોમથી ગુરુ કામ ચાલે; ફાજલ પડેલા શુક્ર, શનિ, રવિમાં મેઘાણી લોકસાહિત્યની ખેપે ઊપડે : કોઈ ડુંગરા, જંગલો, નેસડા, ડાયરા; ઘોડું, ઊંટ, ગાડું, વહાણ, રેલવે કે પેદલ. લોકભેળા લોક થઈને ભળે અને જે મળે તે લખીને 'સૌરાષ્ટ્ર'ને પાને મૂકે. આ ક્ષેત્રકાર્ય દસેક વરસ ચાલ્યું :

> ''પત્રકારત્વની સ્ફૂર્તિ ન હોત તો લોકસાહિત્યનો આ રસ જીવતો રહી શક્યો હોત શું ?...'' ''ટીપે ટીપે, ટુકડે ટુકડે, સમસ્ત જીવન, વાણી, કવિતા, રીત-રસમો, પશુઓ, પરંપરાઓ, પહેરવેશો, સંસ્કારો, ભૌગોલિક અવસ્થાન્તરો ઇત્યાદિનું સમગ્રતાએ ખેડાણ કરતો કરતો હું લોકસાહિત્યમાં પલોટાયો છું... બિન્દુએ બિન્દુએ મધુસંચય વગર અને પોતાની અંદરના રસ વડે એ વનમધુનું નૂતન રસાયન નિપ-જાવ્યા વગર મધપૂડો બનતો નથી.'' ''(હેતુ) લોકવિદ્યાનો સર્વદેશીય રસ કેળવવાનો હતો.''
>
> ('પરકમ્મા', '81; પૃ 3, 27, 6).

બે વસ્તુ એકસાથે બની : પત્રકારત્વ અને લોકવિદ્યા – એ માટે જીવન્ત માનવસમ્પર્ક :

> ''એ જીવનસામગ્રીની વિપુલ પ્રાપ્તિ જો ન થતી રહી હોત તો... જૂની અને નવી બન્ને વાણીમાં આજે રમણ કરવું ગમે છે તે (અને) વાર્તાના વીરો અને નાટકોના નાયકો ઉપરાંત જીવનના મૂંગા વીરો

અને નાયકો જોવા–સમજવાને મળ્યા છે તે ન (થયું) હોત.''

('પરકમ્મા', પૃ 78)

ઋણભાવ સહજ; એટલે માહિતીદાતાનાં નામઠામ સહેજે નોંધાયાં. કાર્ય સતત ચાલ્યું ને પ્રગટતું રહ્યું એટલે સામગ્રી વિવિધ મબલખ પ્રમાણમાં મેળવાઈ :

''દિશા ખોવાઈ જાત જો લોકસાહિત્યના એકાદ કોઈ પ્રદેશને નિરાળો રાખીને ભમ્યાં કર્યું હોત તો...'' ('પરકમ્મા', પૃ. 79)

આ સતત ક્ષેત્રકાર્યની અનુકૂળતા સાપ્તાહિકે ફાજલ પાડેલ ત્રણ દિવસોને કારણે; ને લેખન ત્રિવિધ પણ સાપ્તાહિકને કારણે – પત્રકારી, લોકવિદ્યાકીય (સંપાદન–સંશોધન–ટિપ્પણી) અને સ્વકીય (સર્જન/રૂપાન્તર).

## 'કુરબાનીની કથાઓ' અને નાટ્યાનુવાદો

જોડાયા કે છ માસમાં પ્રસિદ્ધ થયું 'કુરબાનીની કથાઓ' (1922). એવું ઊપડ્યું કે ત્રણ માસે તો બીજી આવૃત્તિ ! રવીન્દ્રનાથે ભારતીય સંસ્કૃતિની ત્યાગ-સ્વાર્પણની જે 34 ગીતકથાઓ 'કથા ઓ કાહિની' નામે લખેલી (1910) તેમાંથી 18 અને એમની 'નાટ્યકવિતા'માંથી બે – એમ કુલ વીસનું 'સ્વતંત્ર રંગપૂરણી' સાથે અહીં ગદ્યકથામાં રૂપાન્તર કરેલું છે. (આમાંની ત્રણનું વળી પદ્યરૂપાન્તર પણ પછી કર્યું : 'વીર બંદો', 'અભિસાર' અને 'જૂતા-આવિષ્કાર'. એમાં મૂળના સંસ્કૃતને સ્થાને આવતા તળપદા પ્રયોગો વિશેષ ધ્યાનાર્હ : 'ગેગેલા એ શરીર ઉપરે...' એ પ્રયોગ તો અદભુત !) અહીં કથાઓ પણ તળપદી બોલાતી ભાષામાં છે. ભાવોમાં ક્યાંક વધુ ઘેરા રંગો અને અપવાદ રૂપે, ઉતાવળમાં એક સ્થળે ('રાણીજીના વિલાસ') એ પૌરાણિક કથામાં 'દીવાસળી દીવાસળી' ઉદગાર, કે ('વિવાહ'માં) મૂળના 'માથે'નું 'સાથે' વંચાતાં 'દુર્વાનાં પવિત્ર તરણાં સાથે બંધાવ્યાં' – એ બે સ્મૃતિદોષો સિવાય કથાઓ એના પ્રવાહમાં વેગે ખેંચી જાય છે.

ઘરકામમાં પત્નીની સાથોસાથ રહેતા મેઘાણીનું, પ્રથમ સંતાનપ્રાપ્તિએ (1923 : મહેન્દ્રભાઈ) કામ વધ્યું હતું છતાં, પ્રત્યેક સપ્તાહે એક વિષય પર એક કે વધારે પુસ્તકોને આધારે એક દીર્ઘ સ્વાધ્યાયલેખ આપવાના ઉપક્રમમાં પણ એમણે આપ્યું કોરિયા પરનું પુસ્તક : 'એશિયાનું કલક' (18-2-1923). એમનાં આવાં ઇતિહાસ-ચરિત્રાદિવિષયક પંદરેક પુસ્તકોનું અગ્રેસર, પ્રત્યેક

આવૃત્તિએ કોરિયા વિષેનું નવું વાચન એમાં ઉમેરાતાં 1947માંની આવૃત્તિમાં 1945 સુધીની માહિતી આપનાર ને એમના આ જાતના લેખનના બે છેડાને જાણે જોડનાર પણ એ રહ્યું ! આ જ યોજનામાં 'સળગતું આયર્લૅન્ડ' (1923) અને 'મિસરનો મુક્તિસંગ્રામ' (1930) પણ.

મેઘાણીની સંપાદનેતર લેખનકારકિર્દીમાં સ્વરૂપ પરત્વે જાણે કે ચોક્કસ ઋતુઓ આવી છે : 1922-27 નાટક–લોકકથાનું પ્રભુત્વ, '28–'35 : કાવ્ય ને પછી નવલો. આ પહેલા ગાળાના ત્રણ મહત્ત્વના નાટ્યાનુવાદો : 'રાણો પ્રતાપ' (1923), 'રાજા-રાણી' (1924) અને 'શાહજહાં' (1927). દ્વિજેન્દ્રનાં બે નાટકોની વચ્ચે રવીન્દ્રનાથનું 'રાજા-રાણી' મૂળ પયારછંદી, ગુજરાતીમાં ગદ્યમાં. ત્રણેય આદર્શ-અનુવાદના નોંધપાત્ર નમૂના જેવા છે. દ્વિજેન્દ્રી સંસ્કૃ-તાઢ્યા ભાષા અહીં બોલચાલની, અને નાટ્યમાંના સમયને અનુરૂપ મોગલકા-લીન બને છે. 'નિક્ષેપ', 'ગૃહશૂન્ય', 'અપત્યકા', 'દુર્ગાધિપતિ', 'મંત્રણાકક્ષ', 'કપર્દક', 'પ્રતિશોધ', 'તૃણશય્યા', 'બર્બર', 'ઉત્તરાધિકારી', 'ધર્મ', 'અપરા-હન' જેવાને સ્થાને આવે છે. 'ઘા', 'ખંડેર', 'ખેતર', 'કિલ્લેદાર', 'મસતદાર', 'દુકાની', 'વેરની વસૂલાત', 'દર્ભની પથારી', 'જંગલી', 'વારસ', 'ઇમાન', 'બપોર' વગેરે. એમ પૂરું ગુજરાતીકરણ થઈ ગયું છે. રંગમંચાનુસારી પણ તેમાંય 'શાહજહાં' તો વર્ષો સુધી ભજવાતું રહ્યું – રંગમંચીઓનું લાડકું.

### કથાઓ

કથા મેઘાણીને સૌથી વધુ ભાવી-ફાવી; અનેક પ્રકારની આપી. 'સૌરા-ષ્ટ્ર'માં જોડાવા ગયા ત્યારે જેની હસ્તપ્રત તૈયાર હતી તે 'ડોશીમાની વાતો' (1923), પહેલાંની 'કુરબાનીની કથાઓ' અને પછીની 'દાદાજીની વાતો' (1927). ત્રણેય બાલકથાઓ તરીકે મહત્ત્વનાં. બંગાળી સુખલતા સેનના 'આરોગલ્પ'માંથી છ, 'ગલ્પેર બઈ'માંથી ત્રણ ને બાકીની દક્ષિણારંજન મિ-ત્રમજમુદારની 'ઠાકુરમા-2 ઝૂલી'– 'ઠાકુરદા-ર ઝૂલી'માંથી, એમ કેટલીક પ્રતિનિર્માણ પામીને કથાઓ આવી છે. (પછી 'ડોશીમાની વાતો'ની પાંચ અને 'દાદાજીની વાતો'ની કેટલીક લઈને 'દાદાજીની વાતો'ની સંકલિત આવૃત્તિ (1946માં) આવતાં, 'ડોશીમાની વાતો'નું સંપાદન રદ થયું.) મેઘાણીની આ બાલવાતોમાં એમની બહુશ્રુતતાનો અને રૂપાન્તરકળાનો બહુ મોટો ફાળો છે.

•

# 3
# ‘રસધાર’

## આરંભ

કલમના આરંભની સાથે જ ને પછી લેખનની સમાન્તરે જીવનભર લોકસાહિત્યની કામગીરી ચાલી. એ વિષે એ કહે છે :

“(આરંભ) જીવનનાં જોશીલાં અંગોનું વાર્તા રૂપે સંશોધનથી (‘રસધાર’ વગેરેમાં) થયેલો. (પછી) મેં (એ) એકાંગી અવલોકન અને રજૂઆતથી અસંતોષાઈને સર્વાંગી સંપર્ક શરૂ કર્યો. 1924માં ‘રઢિઆળી રાત’... બાળગીતો ને હાલરડાં, લોકવ્રતો..., ઋતુગીતો...., નાવિકગીતો.... (એના) માત્ર સંગ્રહો કરીને ન મૂકી દેતાં મેં એ પ્રત્યેકની મીમાંસા કરતા લાંબા પ્રવેશકો જોડ્યા. અને એમાં અન્ય પ્રાન્તો તેમજ દેશોના તે તે લોકવાણી-પ્રકારોની તુલના આપી... મેં ભજનવાણી પણ આપી. આને પરિણામે આ સમસ્ત લોકવાણીનું શક્ય તેટલું સર્વાંગી અને સમગ્રતાપુરઃસરનું દર્શન મળ્યું”.... “આમ વિવેચનની નક્કર ભૂમિકા પર એક પૂરા હક્કદાર, સાહિત્ય તરીકે લોકસાહિત્ય આવી પહોંચ્યું.” (‘સમાલોચન’ 46; 138, 139, 142)

એનો આરંભ અનાયાસે 1922માં ‘સૌરાષ્ટ્ર’માં આપેલી, ‘દરિયાપીરની દીકરી’, ‘આહીરની ઉદારતા’ વગેરે પાંચેક વાતોથી થયો. એની લોકપ્રિયતા જોઈને અમૃતલાલ શેઠે જ, અગાઉથી, ‘સૌરાષ્ટ્રની રસધાર’ એવું નામ પણ પોતે જ આપીને, એવી કથાઓનો સંગ્રહ ભેટપુસ્તક રૂપે આપવાની

જાહેરાત કરી દેતાં, ઝડપથી કામ કરવું પડ્યું. **1923થી 1927 સુધી પ્રત્યેક વર્ષે એક ભાગ એમ પાંચ વરસમાં 'રસધાર'**ના પાંચ ભાગોમાં 98 કથાઓ અપાઈ. (એમાં બે અન્યની બાદ કરતાં, હાલ 1997ની સંકલિત આવૃત્તિમાં 96 મળે છે.) એના લેખન બાબતમાં ભાગ ત્રીજાના નિવેદનમાં કહે છે : "પ્રથમ ભાગમાં ચોક્કસ ભાષાશૈલી નહોતી સ્વીકારી." બીજાથી સોરઠી ભાષાશૈલી યોજી. "ત્રીજામાં એ શૈલીને જરા જોર અપાયું..." પછી "અસલી જીવનની જોરદાર છાપ" માટે એ "ભાષાનું જોર રાખ્યું..." "શૈલી અને સામગ્રીનું બન્યું તેટલું શુદ્ધીકરણ કર્યું." જેમ મંડાય તેમ ઉતારી લેવાને બદલે કથાનો ઘાટ અને ભાષા-શૈલી બન્ને બદલે છે. ભાષા તળપદી રહે છે ખરી, લોકજીવનનાં મૂલ્યો ઘેરાં પમાય છે; કથા tale અને talkની વચ્ચેનો, ક્યારેક તો છેક નવલિકા સુધી પહોંચતો ઘાટ લે છે; પણ એને કારણે જ સાહિત્યપ્રિય વિદ્વાનોથી માંડીને સામાન્ય જનતા અને ડાયરાના કલાકારો સુધીનાને તે આકર્ષે છે.

**વસ્તુ અને ઘાટ**

આ 'રસધાર' એ મેઘાણીના લોકસાહિત્યનું જ નહીં, એમના સમગ્ર સાહિત્યનું પ્રવેશદ્વાર છે. એમનો સાહિત્યરંગી લોકસાહિત્ય-અભિગમ; ઉતારવા–કંડારવાની પદ્ધતિ; તળપદી ને સરળ, બોલચાલની જ છતાં સાલંકૃત છટાદાર ભાષા; નાટ્યાત્મક ગતિમય પ્રસંગાલેખન; ધારદાર સંવાદો; નજરોનજર દશ્યો ખડાં કરી આપતી વર્ણનશૈલી; કથાગત જીવનમૂલ્યોનું મહત્વસ્થાપન, ગદ્યમાં ક્યારેક આવી જતી ન્હાનાલાલીય લયલીલા, સૌરાષ્ટ્રીય તળપદા જીવનની ને ભાષાની ઝીણી ઝીણી જાણકારી; લોકજીવન પ્રત્યે તો અનર્ગળ પ્રેમ – આ બધું, એમનાં સ્વભાવલક્ષણોનું સમગ્ર સંચલન એમાં ઊતર્યું છે. સામાન્ય રીતે લોકસાહિત્યનો સંપાદક, માહિતીદાતા પાસેથી જે મળે તે યથાતથ, જરૂરી નોંધ સાથે, ઉતારી, એનાં નામ-ઠામ સાથે પૂરા ઋણસ્વીકારથી પછી, લક્ષમાં તો રાખે છે માહિતીને જ; મેઘાણી તો માહિતી અને પ્રદાતા બન્નેમાં જીવન્ત રસ લઈ, એ બન્નેને ક્યારેક જોડી દે છે – એવાં કે પ્રદાતા જ પાત્ર બની બેસે ! ગોધરામાં કુમુદબહેને નથુની વહુની વાત કહી, એને 'રૂપી' નામ મેઘાણીએ આપ્યું એટલું જ નહીં, એના પાત્રવિધાનમાં ખુદ કુમુદબહેનની વૈધવ્યમાધુરી કામ કરી ગેઈ ! એણે 'ઓળીયો'ને (ભા. 1) એમની એક શ્રેષ્ઠ

કથા બનાવી. 'ધૂંધળીનાથ......'વાળી (ભા. 2) ઢાંકના પતનની ચમત્કારપ્રધાન કથામાંનો માલધારી કહે છે : 'હું તો આ ડુંગરે ડાંગનો ટેકો લઈને જ્યારે ચલમ ચેતાવું...... ત્યારે મને તો ધૂંધળીનાથ–સિદ્ધનાથની જોડી જીવતીજાગતી લાગે છે. હજાર વરસ તો મારી આંખના પલકારા જેટલાં જ બની જાય છે.' લોકકથાની સાથે લોકમાનસનુંયે પ્રત્યક્ષીકરણ થાય છે. એનાં શૌર્ય, સ્વાર્પણ, સ્નેહ, વફાદારી, ખૂટલાઈનો તિરસ્કાર, રખાવટ, આતિથ્ય, ભૂમિપ્રેમ, પશુપ્રેમ, ઔદાર્ય, સરળતા, વચનપરસ્તી – એવાં એવાં સનાતન મૂલ્યોને આ કથાઓ સાકાર કરે છે. એક વાર એ સમાજમાં આવું હશે, એવી પ્રતીતિ સાથે કોઈ અદભુત સૃષ્ટિમાં વિહરતા હોવાનો અનુભવ થાય છે. એમાં પોતાની પુનર્લ-ગ્નની પત્ની સોન પાવૈયામાં ભળેલ એના પ્રથમ પતિ વીકમસીને દિલથી ચાહે છે એ જાણતાં જ લખમસી જાતે એને ફરીથી વીકમસીને પરણાવે, ત્યારે એ પત્નીની, સાથે પૌરુષની પણ પ્રાપ્તિ કરે ! ('આહીરની ઉદારતા', ભા. 1); એવી જ, પત્નીનો અપરપ્રેમ જોઈ એને સોંપી દેવાની અજોડ ઉદારતા 'શે-ત્રુંજીને કાંઠે' (ભા. 5)માં જોવા મળે; ઢોલરાનું આશ્ચર્ય સૌનું બને છે :

> ''દીકરિયું દેવાય, વઉવું દેવાય નઈ'' (સંક. આ., પૃ. 418)

અહીં દેવાય છે ! બીભત્સ રસની કથાઓ ભાગ્યે જ જામતી હોય છે, પણ અહીં (ભા. 4, સંક. આ., પૃ. 389) 'સંઘજી કાવઠિયો'માં પિતૃપ-ક્ષને મહેણાંમુક્ત કરવા પોતાના ભાઈને જ પોતાનું માથું ઉતારવા બોલાવે; મિત્રચિતામાં મિત્ર જાત હોમે (4:300 : 'દસ્તાવેજ'); પોતાના દેહની ગરમી આપીને જિવાડનાર બહેન પોતાની નિરાધારતામાં ક્ષણિક લાભપ્રેરી, દુકાળમાં પોતાનો આશરો બનનાર એ જાલુભાના દીકરાને દાગીના ખાતર મારે છે ત્યારેય જાલુભા એને ક્ષમા આપે (1:169 : 'ભાઈબંધી'); આવી જ બીજી દેહશેકકથામાં એવી ધર્મની બહેનના પતિને જિવાડવા પોતાના પુત્રનું એભલ બલિદાન દે (1:366 : 'સાંઈ નેહડી'); પતિને ઓછું ન આવે માટે કાઠિયાણી દાંત પાડી નાંખે (1:386); માણસિયો સમડીને દેહ તોડી તોડી ખવરાવે (4:136 : 'માણસિયો વાળો'); આશરે આવતા ચારણથી હોળી દરમિયાન અજાણતાં જેનો કુંવર વઢાઈ ગયો છે તે જ મંદોદરખાન પોતે પોતાની ઘોડી આપીને નસાડી મૂકે (5:320 : 'દીકરાનો મારનાર'); દુકાળમાં સગ્ગા ભાઈને ઘેરથી જાકારો પામેલીને ગામભાઈ જોગડો એવી સહાય કરે કે એના મોતના એ મરશિયા લે; સુદામડાને બચાવતા ઝાંપડાની દરબાર કદર

કરે; એક મુસ્લિમ કન્યાને ખાતર જત-પરમારો એક બનીને એકબીજામાં લોહીનોય ફરક રાખવા ન ચાહી ધિંગાણું ખેલે (2:227 : 'એક અબળાને કારણે'); ઊંચા-રેતાળ-ભીના-ફસકણા કાંઠાવાળી શેત્રુંજીનાં ઘૂઘવતાં પૂરના ભમ્મરિયા વમળમાં બાઈ-બાળકના તરાપે વળી નાગ ચડતાં, વમળોની વચાળે ખાબકી નાગને હણતા પોતાના માલિકને ને તરાપામાંનાં બેય જીવોને અકલ્પ્ય શક્તિથી, પોતાનો જાન આપીને માણકી બચાવે ! (3:71 : 'ઘોડી અને ઘોડેસવાર'.) મેઘાણીની વર્ણનશક્તિનું એ એક શ્રેષ્ઠ ઉદાહરણ છે. આવી આ રસધારો બાબત વિશ્વનાથ મ. ભટ્ટ લખે છે :

> ''સોરઠી સંસ્કૃતિનો આ સર્વતોમુખી સંગ્રાહક....... જાણે જૂના જમાનાનો કોઈ સોરઠી ચારણ નવા જમાનાને પોતાની જૂની સંસ્કૃતિ સમજાવવા આવ્યો'' એમ લાગે.
>
> ('નિકષરેખા', '45; પૃ. 202)

રસધારે અસલી લોકસામગ્રી પણ ઝિલાય એવી વ્યાપક ભૂમિકા ઊભી કરી. ગુજરાતી જીવન અને સાહિત્યમાં શૌર્ય-સાહસયુક્ત કૌતુકરંગી કથાઓની ખોટ પૂરી.

પછી આ સાત વર્ષના (1923થી 1929) ગાળામાં બાલકથાઓ, અદભુત કથાઓ, રસધાર કથાઓ, વ્રતકથાઓ, સંતો ને બહારવટિયાઓનાં ચરિત્રો – એમ વિવિધ કથાઓ મળે છે. **('દાદાજીની વાતો' : 1927; રસધાર 1થી 5; 'કંકાવટી' 1-2 : 1927-1928; 'સોરઠી સંતો' : 1928; 'સોરઠી બહારવટિયા' 1-2-3 : 1927, 1928, 1929).**

•

# 4

# 'સોરઠી બહારવટિયા'

## સ્થાનિક કંઠસ્થ ઇતિહાસ

'સોરઠી બહારવટિયા' રસધારના છેલ્લા ભાગની સાથે પ્રગટે છે. શૈલી રસધારી છે, ને સામગ્રી લોકજીવનની છે પણ કલ્પિત નથી. સ્થાનિક ઇતિહાસની છે. હવે તો બધી જ (તેર) બહારવટિયા-કથાઓ એક ગ્રંથમાં (સંકલિત આવૃત્તિ, 1997; સં. જયન્ત મેઘાણી) મળે છે. એની સામગ્રી એમણે ત્રણ રીતે મેળવી છે : (1) બીમ્સ, બીમન, કિનકેઇડ જેવા અંગ્રેજોના લખાણમાંથી, (2) કંઠોપકંઠની લોકવાતોમાંથી અને (3) એ પ્રસંગો સાથે સંકળાયેલ જાણકારોની મુલાકાતોથી. વળી પોતે પોલીસકુટુમ્બના અને લોકજીવન સાથે ભળેલા, સજીવ સમ્પર્કવાળા હતા; એટલે તપાસદારોની અને તહોમતદારોની – બન્ને પક્ષની વાતો મળી શકી; વળી, મોટા ભાગની વાતો, નજીકના કાળની હતી. તેરેય કથાઓ જોતાં, જૂનાગઢના રા' અને મહમ્મદ બેગડા સામેની, આછાપાતળા ઐતિહાસિક આધાર અને ઝાઝીબધી દંતકથા-ચમત્કાર--સામગ્રીવાળી જેસા વેજાની કથાને બાદ કરતાં, શુદ્ધ બહારવટું જ હોય તેવી બાકીની બધીએ કથાઓ કર્નલ વૉકરની સંધિ (1807) સાથે શરૂ થાય છે ને પ્રથમ વિશ્વયુદ્ધના (1915) અરસામાં શમી જાય છે. મોગલોના પડતીકાળે સેંકડો રજવાડાંના સીમાડાની તાણાતાણ અને ખંડણીને નામે મરાઠ

ઓની રંજાડના ગાળામાં જ 'સંધિ'ને નામે એજન્સીથાણાં જમાવતી કમ્પનીસરકારે એક તરફથી કાયદો (law) અને બીજી તરફથી પોતાતરફી રાજ્યને ફાયદો કરવાની સ્વાર્થી નીતિ – એમ બેવડી ભૂમિકા ભજવી. આ કથાઓને કેટલાક અમલદારોએ કરેલી નોંધો, ધિંગાણાંના સીધા જાણતલોની કેફિયતો તથા ઇતિહાસકારોનાં લખાણ – એમ ત્રણેયની સામગ્રીનો લાભ મળ્યો છે. એ દૃષ્ટિએ આ સૌરાષ્ટ્રની તળભૂમિના સ્થાનિક કંઠસ્થ ઇતિહાસની લોકચરિત્રકથાઓ છે. ભારતના લોકસાહિત્યમાં, રાજસ્થાનને બાદ કરતાં બીજે ક્યાંય આવી કથાઓ નથી. અંગ્રેજીમાં પણ નથી. મરે–રૉબિનહૂડની જે છે તે અનૈતિહાસિક લોકમાનસસર્જિત છે એમ મારીઆ લીચમાં છે :

> ''.....no historical incident to parrallel the story has ever been discovered'' અને ''Robin Hood is absolutely a creation of the ballad-muse.'' (લીચ, 1972ની 'ડિક્ષનરી ઑવ્ ફોકલોર' એક જ ગ્રંથવાળી આવૃત્તિ; પૃ. 836)

એમ ત્યાં એ કથાઓ ફોકલોર/પૉપ્યુલર લિટરેચરની છે; અહીં લોકઇતિહાસ છે, Oral History. આ ઇતિહાસ વિશિષ્ટ લોકજાતિઓ સાથે સંકળાયેલો છે : કાઠી, મેર, મહિયા, આરબ, આયર, વાઘેર, ચારણ વગેરે. એમની ઉત્પત્તિ-કથાઓ, ખાસિયતો, સ્થળો-રહેઠાણો, રિવાજો, પહેરવેશ, બોલીઓ પણ આ પ્રસંગોને સંદર્ભે મળે છે. આમ, પ્રજાતિશાસ્ત્રની (ethnology) અને સમાજ-શાસ્ત્રની દૃષ્ટિએ પણ આનું મૂલ્ય છે. બોલવે સબળ ચારણ ક્યારેક મોઢામોઢ ચોપડાવે પણ છે :

> 'બાવા, તારી બાકરી, કોઈ ન ઝાલે કાન;
> ખરિયું સોતો ખાઈ ગ્યો ભડલીવાળો ભાણ.'

પ્રત્યેક બહારવટિયાને એનો એક ચારણ મોટેભાગે રહેતો. એની રચનાઓથી કથામાં સાહિત્યિક રંગ પણ ભળ્યો છે. ભગવાનલાલ, બીમ્સ, બેલ, કિનકેઇડ વગેરેએ આપેલી વિગતો પણ મેઘાણી ચકાસતા ગયા છે. કિનકેઇડ કહે છે, વૉકરે જ ભૂલ કરીને રાણીંગ પાસેથી પડાવી, જમીન હરસુરને અપાવીને બહારવટિયો ઊભો કર્યો. (''Outlaws of Kathiawar'', C. A. Kincaid; Times Press, Bombay; 1905; પ્રકરણ બીજું.) ત્યારથી આરંભાયેલ બહારવટાંની (એમાં તે પહેલાંની એકને પણ ઉમેરીને) મેઘાણીએ 13 કથાઓ આપી :

## મેઘાણીકથિત બહારવટાં-કથા – કાળક્રમે

(1) જેસાજી-વેજાજી (1473-1494). રા'ખેંગાર સામે બહારવટું. 11 પ્રસંગો. અંતે પરસ્પર એકબીજાને હણે.

(2) 'ભાલે પોંખાણો ભીમ'વાળી, એક જ પ્રસંગમાં ઢળાયેલી ભીમાના સગા ભાણેજ આલા મલેકે કહેલી વાત : ભીમો જત (1800-1850).

(3) કવિ ન્હાનાલાલે જેને 'સોરઠી તવારીખ'માં સાદર સંભાર્યો છે તેની, 21 પ્રસંગોવાળી લઘુનવલ જેવી વાત : જોગીદાસ ખુમાણ (18161829). ભાવનગરે છેવટે સન્માન્યો પણ ત્યારે એ તો હેમાળે ગળવા ચાલ્યો ! કોઈ સંતપંથી જોગીની હોય એવા ઉદાત્ત પ્રસંગોથી સભર. વેરીની રાણી નાનીબાને વનવગડે રાઘો લૂંટવા આવે છે ત્યારે જાનને જોખમે એને બચાવી છેક ભાવનગર પહોંચાડ્યા પછી, જ્યારે રાણી પોતે એને આગ્રહ કરીને મહારાજને મળવા ને પોતે એનું બહારવટું પાર પાડશે એમ કહે છે ત્યારે જવાબ આપે છે : ''માડી ! કાંઈ બદલાની લાલચે મેં તમારી વાર નથી કરી; અને તમારી સિફારસે બા'રવટું પાર પડે એમાં જોગીદાસની વશેકાઈ શી ?'' ત્યારે આ પ્રશસ્તિ સાચી લાગે છે :

> 'ધ્રુવ ચળે, મેરુ ડગે, મહદધ મેલે માણ,
>
> (પણ) જોગો કીં જાતી કરે ખત્રીવટ ખુમાણ !' (સંક. આ., પૃ. 83)

(4) એવી જ કૅપ્ટન ગ્રાન્ટ જેવા ખૂંખાર અંગ્રેજને અઢીક માસ સુધી બંદી કરી ફેરવનાર, જેણે જાગીર તો પાછી મેળવી પણ જે છવીસની યુવાનવયે દગાથી મરાયો એ બાવા વાળાની (1820ની આસપાસ) વાત.

(5) જેનું આલેખન અત્યંત કલાત્મક આકાર પામ્યું છે તેવી, ભેંસોની ચોરીની ફરિયાદ ન સાંભળવાના અન્યાય સામે બહારવટે ચડનાર, જેની કથામાં ગાંધીજીના વડીલ ઓતાબાપાનો ઉલ્લેખ આવે છે તે મેરની વાત : નાથો મોઢવાડિયો (ઈ. સ. 1830 આસપાસ). એને ઝેરથી હરજી થાનકીએ માર્યો.

(6) બહેનને બચાવવા જે બહારવટે ચડેલો, મિત્રને બચાવવા જે જેલ ગયો, ને જનમટીપમાંથી છૂટી ઘરઆંગણે જેનો દેહ પડ્યો તે સફળ ઊજળા બહારવટાની વાત : ચાંપરાજ વાળો (ઈ. સ. 1835ની આસપાસ).

(7) મહિયાનાં બહારવટાં (1853-1883) : કનડાના ડુંગરે થયેલ સમૂહ-રિસામણની, એમાં બીજા એક બહારવટિયા ગીગાની, અને એમાં પાછી એક નાનકડા બહારવટિયા ફકીરાની (પૃ. 173) વાત. ગીગોય છેતરાઈને ઘેરાયો

ત્યારે પોતે જ દેહત્યાગ કર્યો. એ જોતાં મોરલીશાએય એમ કર્યું (178).

(8) લાંબામાં લાંબી, ત્રીસ પ્રસંગોવાળી, જોગી-ખુમાણ જેવી જ ઉદાત્ત કથા છે જોધો માણેક : મૂળુ માણેક (1858-1867). 'ના છંડિયાં હથિયાર' ગીતથી જાણીતી ક્રાન્તિકથા. મૂળુ જે ઘરમાં હતો એને જ સળગાવવામાં આવ્યું, એટલે દુશ્મનને હાથે મરવા કરતાં પોતાના ચારણને હાથે મરવું મૂળુએ પસંદ કર્યું (238). પણ એ જતાં લોકને લાગ્યું કે આખો મુલક રંડાણો !

નારીયું નત્ય રંડાય, નર કદી રંડાય નહીં;
ઓખો રંડાણો આજ માણેક મરતે મૂળવો. (238)

(9) બહારવટિયો રાયદે (1873 ?) : આ 'ચરિત્ર'(242)માં લેખકે વાત કહેનારની જ વાણી તંતોતંત જાળવી છે. લોકજીવનની વિટંબણા અને લોકવાણી – એ બે અહીં મોટાં આકર્ષણો છે. દગાથી ઘેરાતાં રાયદે આત્મ-હત્યા કરે છે. (253)

(10) મોવર સંધવાણી (1878-1884) : માળિયાના આ મિયાણાની લૂંટ/પરાક્રમકથા કરુણાન્ત નથી. ડરપોક સાક્ષીઓને કારણે એ છૂટે છે ને જમાદારી મેળવે છે. (263)

(11) કાદુ મકરાણી (1883-1885) : આ ઇતિહાસકથા કાંઈક નજીકના કાળની છે. પોલીસ અમલદાર હરભાઈ ઉ. દેસાઈ અને બહારવટાના એક સંગી/સાક્ષી જમાદાર ગુલમહમ્મદને મુખેથી ઉતારાઈ છે. (211)

(12) વાલો નામોરી (1890) : કોઈ લોકકવિ ભાવલાએ નામોરીને બિરદાવવા આઠ કડીની આ કથા આપી છે. (પૃ. 302)

(13) રામ વાળો (1915) : પાટુથી પટારો તોડતાં પગે પેઠેલ ખીલાવાળા રામને ઘેરી, એના સ્થાનકને ચોપાસથી સળગાવી, એને ભડાકે દેવાયો ! એ પ્રથમ વિશ્વયુદ્ધનો સમય હતો :

અંગરેજ ને જરમર આફળે, બળિયા જોદ્ધા બે,

(એવું) ત્રીજું ગરમાં તેં રણ જગાવ્યું રામડા !

આમ, આપણા સ્વાતંત્ર્યસંગ્રામના ગાળામાં આ શૌર્યકથાઓ મળે છે. ગરાસ, પરોપકાર, વેર અને લૂંટ એવા ચાર હેતુથી પ્રેરિત બહારવટિયા પણ ચાર પ્રકારના. પોતાનાં સાધનોની માહિતી પણ મેઘાણી આપે છે.

•

# 5
# ભાવનગર-નિવાસ

**‘કંકાવટી’ : વ્રતકથાઓ**

1925-26ના અરસામાં પત્રકારી ઘરેડ મેઘાણીને ‘વે-રાનરૂપ’ લાગી. ‘સૌરાષ્ટ્ર’ ઠક્કરબાપાના આગ્રહે છોડ્યું તો નહીં (‘લિ. હું આવું છું’, 1998, પત્રક્રમાંક 39, પૃ. 84) પણ રાણપુર છોડી ભાવનગર ગયા. ત્યાં દાણીદંપતી, પિંગળશીભાઈ, દુલા કાગ વગેરેના સંપર્કે નવી દિશાઓ ઊઘડી, તેમ જૂનીમાં નવી કેડીઓ સાંપડી. મોંઘીબા-ધોળીમા વગેરે પાસેથી મળેલ વ્રતકથાઓના બે સંગ્રહો ‘કંકાવટી’-1 (1927) અને-2 (1936) થયા. એમાં 19 અને 27 થઈને કુલ 46 વ્રતની વાતો છે. કથાઓ 25, બાકી વ્રતપરિચય. કથાઓમાં અસલ ડોશી-શૈલી/બોલી. એ દૃષ્ટિએ આ લોકવિદ્યાપરિચયનો શાસ્ત્રીય નમૂનો છે, કેવળ ‘ફેરી ટેયલ્સ’, (રૂપકકથાઓ) નથી. વળી બધે જ સબળ પ્રકૃતિકલ્પન પણ નથી, તેથી ‘મિથ’ – પુરાકલ્પનકથા – પણ નથી; પણ એક પ્રકારના તપવાળો પરંપરાગત નારી-ઉત્સવ છે. પોષી પૂનમ, ચાંદરડાં-પૂજા, મોળાકત, અહલીપહલી, એવરત-જીવરત જેવાં કુમારિકાનાં તો વીરપસલી, તુલસીવ્રત, નૉળનૉમ, બૉળચૉથ, નાગપાંચમ, શીતળા સાતમ, શ્રાવણિયો સોમવાર, અગતાની વાત જેવાં નારીવ્રતોને ગીત-કથા-વિધિ-સહિત અસલી રૂપ--શબ્દમાં મઢી લીધાં છે.

## સંતકથાઓ

સંતોના જીવન-ભજનની લગની પણ લાગી. 1927માં 'શારદા'માં
લેખ, પછી '28માં 'સોરઠનો ભક્તિપ્રવાહ' –

અભ્યાસલેખ સાથે 'સોરઠી સંતો' પ્રગટ્યું; તે પછી પણ કામ ચાલુ રહ્યું ને 'પુરાતન જ્યોત' (1938) પ્રસિદ્ધ થયું. બન્ને સંગ્રહોનાં (3 + 3) છ પ્રકરણોમાં, અંધશ્રદ્ધા–ચમત્કાર ન આવે એની તકેદારી સાથે (જોકે પછીથી આ અભિગમ સુધારીને) માનવઘડતરનાં ઉદાત્ત તત્વો ઊપસે એ રીતે, ''મનખા જેવું મહાપદારથ/વેળુમાં ન વે'રાય'' એમ સંતોની રે'ણી ને કે'ણી બન્ને પોતાની રીતે આલેખે છે. મેપો, રતો, જાદરો, ગોરખો, દાના ભગત, વીસામણ, ગીગો, વેલો ને એના બે ચેલા રામ તથા નારણ એટલાનાં ''સોરઠી સંતો''માં, તો દેવીદાસ, મેકરણ અને જેસલની વાત ''પુરાતન જ્યોત''માં છે. કથા ને કાવ્ય બન્નેના રસ અહીં છે. બોધની અભિધા પણ કવિતા બને છે :

જીઓ તાં ઝેર મ થિયો, સક્કર થિયો, સૈંણ;
મરી વેંધાં માડુઆ, રોંધા ભલેંજા વેણ !
(જીવતાં કડવા ના થવું, થવું તો સાકર, સેંણ;
મનખા દેહ જશે ઢળી, રે'શે ભલેરાં વેણ ! – ક૦)

અહીં જ્ઞાતકર્તૃત્વવાળા કવિઓની, 'પૉપ્યુલર લિટરેચર'–લૌકિક સાહિત્ય–ના વિભાગમાં જાય એવી જે વાણી છે તેની આપણા સાહિત્યના ઇતિહાસમાં પણ નોંધ લેવાવી જોઈએ. સંતવાણી લૌકિક છે, પણ આ ચરિત્રો દંતકથાત્મક લોકકથાઓ છે.

## લોકગીત

આમ, લોકકથાના વિવિધ પ્રકારો પકડાતા હતા; તો એ ભાવનગર-નિવાસ દરમિયાન ''કપિલભાઈનાં ઘરનાં બહેનો પોતે તો ગાતાં પણ મારે માટે.....ખવાસણોને તેડાવી રાસડા લેવરાવતાં'' ('અંતરછબિ'; પૃ. 119) મજૂરણોની ટીપણીઓ સંભળાતી :

મોર આદુરદાદુર બોલે છે;
ઝરમર મેવલો વરસે છે.

ત્યાં વળી પોરબંદર તરફ ગયેલા ત્યાં ઢેલીબહેન ઢોળાયાં ! ('લિ. હું આવું છું......'; પૃ. 106) ને આખી રાત રાસડા સાંભળ્યા. 'લોકગીતના સંશોધનનું મંગળાચરણ' થયું. એમાં પહેલું જ ગીત હતું 'વહુએ વગોવ્યાં........'

પછી તો અનેકોએ આપ્યાં. 'રઢિયાળી રાત'ના ચાર ખંડો (1925, 1926, 1927 અને 1942) એમાંથી થયા. એ [બધી જ સામગ્રી 1973માં બે ભાગમાં ઉપલબ્ધ (પણ પછી 1997માં એક ગ્રંથે.] લગ્નગીતો 'ચૂંદડી' એ નામે બે ભાગમાં (1928-1929) પ્રસિદ્ધ થયાં. 'રઢિયાળી રાત'માં કુલ 17 વિષયવિ-ભાગોમાં 410 ગીતો છે. (વિભાગવાર : રાસ 44, રમતગીતો 29, કાનગો-પીનાં 24, ઋતુગીતો 9, જ્ઞાનનાં 7, રમકડાં 18, ઇતિહાસનાં 45, ગીતકથા 19, દામ્પત્યનાં 25, ઇશ્કમસ્તીનાં 33, વિનોદનાં 34, કજોડાનાં 5, કુટુમ્બ-નાં 37, દેરભોજાઈનાં 6, રસગીતો 24, હાલરડાં-બાળગીતો 20, નવરાત્રી--જોડકણાં 16+15.) આમાં 'હાલરડાં' (1928) સંગ્રહનાં 26 અને 'સોરઠને તીરે તીરે'- (1933)માંનાં 'નાવિકોનાં લોકગીતો' 16 ઉમેરતાં ('ઋતુગીતો', 'સોરઠી સંતો', 'પુરાતન જ્યોત' વગેરેમાંનાં લૌકિક ગીતો–ભજનોને અલગ રાખતાં પણ)–ને, દુહા-કુંડળિયા, મેકણ જેવાનાં ચરિત્રોમાં આવતાં દુહા--ગીતોને તથા 'ચૂંદડી–2'માંનાં 36 ખાયણાંને પણ બાકાત રાખતાં, 452 થાય. એમાં 'રઢિયાળી રાત'નાં 178 ઉમેરાતાં કુલ 630 ગીતો – વિષય અને સ્વરૂપે વિવિધ – એમણે આપ્યાં. ગીત સાથે જરૂર પડ્યે ઋણસ્વીકાર, અર્થ, સામાજિક સંદર્ભ, રસ-રહસ્ય-સ્થાનો અન્ય ભાષાઓની આવી સામગ્રી સાથે તુલના વગેરેની અભ્યાસનોંધો પણ મૂકી. વળી, પાંચસોક ઢાળો તો કંઠેય ઉતારી લીધેલા; એ દેશી ગાનસંપાદન તો એ ગળા સાથે જ કાળગ્રસ્ત થયું ! (એમના કંઠની રેકર્ડો, – 'રંગચડાવણ સોરઠા' – તથા ગ્રામોફોન-કમ્પનીઓ પર માંડેલો કેસ વગેરેની વિગતો 'અંતરછબિ'ના પૃ. 594 અને 291-293 પર છે.) આરંભે એ ઉત્સાહી સંગ્રાહક હતા, પણ પછી મૂળના આગ્રહી સંપાદક થયા. ગીત, ગાનાર, ગાન, સામાજિક પરિવેશ, સાહિત્યિક ગુણો, તુલના વગેરેથી એમનું ગીતવિવેચન સમૃદ્ધ છે. ક્યારેક તો એ જગતના તત્કા-લીન પ્રવાહો સાથે તાલ મિલાવતા લાગે ! રાસડાને સંદર્ભે ગ્રીસ-જાપાનની આવી – ગોળ ફરતાં તાળી સાથે ગાવાની – પરંપરા તરફ એ ધ્યાન દોરે છે ! તેમાંય જાપાની Min-Yo-Odoiનો ઉલ્લેખ તો આજેય આશ્ચર્યકર લાગે એટલો વહેલો અહીં ગુજરાતમાં એમણે કર્યો. ''ગીતો ગાતાં ગાતાં કૂંડાળે થતાં સમૂહનૃત્ય જગતસહિયારું તત્વ છે'' – એ કથન પોતાના વિષય માટે ચોમેર ફરતી એમની અભ્યાસુ નજરનું પરિણામ છે. ('બેલડ'/કથામાં 'મો-ટિફ'ની વાત જેવી એલ્વિનના લંડનથી પ્રસિદ્ધ થયેલ પુસ્તકમાં થઈ કે તુરત એમણે અહીં પડઘાવી !) એ જોતાં પોતાના વિષયમાં – લોકવિદ્યા(Folklore) માં એ માત્ર અગ્રણી (pioneer) જ નહીં, ત્યારે તો 'અપ-ટુ-ડેટ' – છેલ્લી વાતના જાણતલ પણ હતા.

## 'ચૂંદડી' : લગ્નગીતો

'ચૂંદડી' (ભાગ 1-2 : 1928, 1929)માં લગ્નગીતો જયાબહેન, વસન્તબહેન વગેરે પાસેથી પોતે ઉતાર્યાં પછી, પૂર્વેના સંગ્રહો જોયા. પછી સંપાદન કર્યું. આરંભે અભ્યાસલેખ. ગીતચર્ચા – સામાજિક, સાહિત્યિક, લોકવિદ્યાકીય ને ઢાળ વગેરેના સંદર્ભમાં – અન્ય ભાષાનાં આવાં ગીતો સાથેની તુલના પણ કરી ને, રસિક રીતે કરી. લગ્ન સાથે સંકળાતાં બે હૈયાંની મનઃસ્થિતિ કલ્પીને ચર્ચા કરી અને ગીતો ગોઠવ્યાં. આ સર્જકદૃષ્ટિનું વર્ગીકરણ છે ! 'સ્વયંવર'માં મનોરથસૂચક 10 ગીતો; 'દર્શન'નાં 20; મિલનનાં 31; મૉલમાંનાં મિલનનાં 27; 'જીવન'(દામ્પત્ય)નાં 8 એમ 96 પહેલા ભાગમાં છે. બીજામાં જુદા જુદા સમાજનાં લગ્નગીતો છે : 6 ચારણી, 34 કાઠી, 20 મિશ્ર, 18 મારવાડી, 4 પારસી અને છેલ્લે 36 ખાયણાં. અહીં વિધિક્રમ નથી તેમ સ્વરૂપદૃષ્ટિ પણ નથી; પણ ગીતો સાર્થ, નોંધો સાથે યથાતથ છે. છતાં તેઓ એટલા સજાગ છે કે પોતાનાં એ આરંભનાં લોકસાહિત્યવિષયક પુસ્તકોનું પોતે જ આત્મપરીક્ષણ આપી દે છે :

> ''આ બાવીસે પુસ્તકોમાં પડેલું તમામ લેખન શુદ્ધ શાસ્ત્રીય ન કહેવાય પણ લોકસાહિત્યના વિષય પર જેમને ઉદ્યમ કરવો હોય તેમના ખપની પુષ્કળ અસલ સામગ્રી મેં તેમાં એકઠી કરી મૂકી છે.''
>
> ('લોકસાહિત્ય : પુસ્તક પહેલું', 1939; પૃ. 10)

આ 'અસલ' તો ખંગ વળી જાય એટલી ને વિવિધ છે. પોતાને માટે લખે છે :

> ''હું મને પોતાને ધરતીનું ધાવણ ધાવેલો તેમજ યુનિવર્સિટીના ખોળામાં ઊછરી મોટો થયેલો માનું છું. કેમ કે લોકસાહિત્ય પ્રત્યે મને અભિમુખ કરી લોકસાહિત્યમાં મૂલ્યાંકન શીખવનાર પણ... યુનિવર્સિટી..... છે. તુલનાત્મક અભ્યાસદૃષ્ટિ અને સત્યાન્વેષણની સાન વિદ્યાલયોમાંથી મળે છે.... ઊર્જા અને આસક્તિની ...... વિદ્યુત્ચેતનાને ...... વિવેકબુદ્ધિ સાથે જોડીએ તો જ સત્યની યાત્રા કરી શકાય છે.''
> ('લોકસાહિત્ય : પુસ્તક પહેલું'; પૃ. 6)

પણ એમની (અન્યથા માંડ સાત–આઠ વર્ષની) કલમયાત્રાને પ્રથમ વારના–1928ના 'રણજિતરામ સુવર્ણચંદ્રક'થી સાહિત્યકારોએ નવાજી – તેય આ લોકસાહિત્યકાર્યનો જ પ્રભાવ. (પ્રદાનવિધિ : 1929)

●

# 6
# કાવ્યપ્રયાણ

## ‘વેણીનાં ફૂલ’ અને ‘કિલ્લોલ’

વિદ્યાકાળના કાવ્યસંસ્કારોની ને કલકત્તામાં જે ઝાંખો હતો તે કાવ્યદીવડાની વાટ ભાવનગરમાં દાણીદમ્પતી જેવાંએ સંકોરતાં, પ્રથમ પુત્ર પછીની પ્રથમ પુત્રીને આનંદે (ઇન્દુબહેન : 1928) પણ પ્રથમ કાવ્યસંગ્રહ પ્રગટ્યો ‘વેણીનાં ફૂલ’ (1928). પછી તો કાવ્યયાત્રા 1944 સુધી ચાલી. (સંગ્રહો : ‘વેણીનાં ફૂલ’ 1928; ‘કિલ્લોલ’ 1929; ‘સિંધુડો’ 1930; ‘કોઈનો લાડકવાયો અને બીજાં ગીતો’ 1931; ‘પીડિતોનાં ગીતો’ 1933; ‘યુગવન્દના’ 1935; ‘એકતારો’ 1940; ‘બાપુનાં પારણાં’ 1943 અને ‘રવીન્દ્રવીણા’ 1944. (એકસામટાં બધાં જ કાવ્યોનું જયન્ત મેઘાણીસંપાદન ‘સોનાનાવડી’ 1997). પણ ‘વેણીનાં ફૂલ’ તો એમાં ‘મોટીબહેનને સ્થાને’. ‘આ ગીતોએ મને કવિતા રચતો કર્યો’ એમ મેઘાણી કહે છે. પ્રસિદ્ધ થતાં જ (એપ્રિલ) એવો ઊપડ્યો કે ચાર માસે બીજી આવૃત્તિ (ઑગસ્ટ) ! કાવ્યબાની ને ઢાળ લોકનાં પણ બાલમાનસ-અનુરૂપ રમત-મસ્તી-ક્રિયા-કલ્પના-ભાવ. 41માંથી મોટા ભાગની (25) રચનાઓ નિસર્ગલક્ષી. એમાં પ્રાણી, પંખી, ગૃહ, ગગન ને પહાડ–દરિયો બધુંયે !

સોનાના ખેલ સવારમાં ખેલ્યાં સૂરજ સંગે;
રાતે રમાડશે ચન્દ્રમા, રૂડે રૂપેરી રંગે. (‘સોનાનાવડી’ 241)

*

રમતાં તે બાળુડાંએ દીઠડાં રે, એવાં અચરજ બેચાર :

ક્યાં રે હાલ્યા આ મોટા કાફલા ! હાં રે કોણે ડોળિયા પાતાળ ! (245)

વાદળી કેવી ?

ઓઢી છે ઇન્દ્રધનુ-ઓઢણી રે૦.....

મેલ્યા બે છેડલા ઢળંત રે૦.....

આષાઢી બીજની આડ્યો કરી રે૦.....

કાંડે તે વીજ કેરી કાંકણી રે૦.....

વાદળગંગાનો ગળે હાર રે૦..... (192)

ને પારેવાં કેવાં ?

આંગણિયે પગ પાડતાં, પારેવાં લ્યો !

ધૂળમાં ગૂંથે ફૂલ, માનાં જનમ્યાં પારેવાં લ્યો ! (206)

હાલરડાં ને વાત્સલ્યગીતો, બેએક શૌર્યનાં પણ (‘દાદાજીના દેશમાં’, ‘ચારણકન્યા’), બે રવીન્દ્ર–અંગ્રેજી પરથી તો એક જાપાની પણ (‘આવજો આવજો વા’લી બા’, ‘માલાગૂંથણ’, ‘કાંઠે રમનારાં’, ‘ચાડિયો કોયલ’, ‘ભાઈ ને બહેન’ અને નોગૂચીની ‘મને સોણલું આવ્યું’). આ જ ભાવ-અભિગમ ‘‘કિલ્લોલ’’(1929)માં :

વત્સલતા, વા’લપ, કરુણાના મોરલા

ટૌકે મારા ગૃહવડલાની છાંય જો !

એમાં સુદીર્ઘ છતાં પ્રત્યેક સ્વતંત્ર કડીવાળું ‘પાપા પગલી’ જેવું ચાલકણું, તો પ્રખ્યાત ‘શિવાજીનું હાલરડું’ પણ. પણ, પછી તો સ્વાતંત્ર્યલડતમાં ‘સૌ-રાષ્ટ્ર’ પત્રે અગવાની કરી (1930) એટલે મેઘાણીની કવિતા રણહાક બની :

નથી જાણ્યું અમારે પંથ શી આફત ખડી છે;

ખબર છે એટલી કે માતની હાકલ પડી છે.

*

કંકુ ઘોળજો જી !.......

## ‘સિંધુડો’

અમૃતલાલ શેઠે ધોલેરામાંથી સત્યાગ્રહમાં ઝંપલાવ્યું તે જ દિવસે (6-4-

1930) મેઘાણીનો પંદર શૌર્યગીતોનો સંગ્રહ ‘સિંધુડો’ તરઘાયો. કાવ્ય કરતાં વિશેષે સંઘલલકાર :

ઘટમાં ઘોડા થનગને.....

*

લોપવી સીમ, અણદીઠને દેખવું,
તાગવો અતલ, દરિયાવ-તળિયે જવું,
ઘૂમવાં દિગદિગન્તો, શૂળી પર સૂવું,
આજ યૌવન ચહે એહ વિધ જીવવું. (‘તરુણોનું મનોરાજ્ય’)

*

ભડ થજે, ભય નથી આજ અમરાપરે.......

## જેલયાત્રા

પણ ભય સરકારને લાગ્યો ! ‘સિંધુડો’ જપ્ત. તો સાઇક્લોસ્ટાઇલ્ડ આવૃત્તિ લોકે કાઢી ! સરકારને મેઘાણીની વાણીનો ડર એવો લાગ્યો કે, જે ભાષણ એમણે ક્યાંય-ક્યારેય આપ્યું નહોતું તેનું આળ ચડાવીને, સાબરમતી-જેલે પૂર્યા. 27-3-1930થી 8-3-1931. તો ત્યાં પ્રગટ્યાં ‘કોઈનો લાડકવાયો’ ને ‘સૂના સમદરની પાળે’ જેવાં મૌલિક રૂપાન્તરો વગેરે (અને એ અનુભવ-માંથી ‘જેલ ઑફિસની બારી’ : 1934), પણ મહત્વની જેલપ્રેરક પ્રાપ્તિ તો ‘સોરઠી ગીતકથાઓ’ (1931).

## ‘સોરઠી ગીતકથાઓ’

જેલમાંથી કોઈ છૂટવાનું હોય તેની આગલી સાંજે જે કાર્યક્રમ રખાય એમાં શેણી-વિજાણંદ જેવી ગીતકથા અવશ્ય હોય. (પ્રવેશક : 1993; પૃ. 20) મેઘાણીનાં બધાં જ લોકસાહિત્યનાં સંપાદનોમાં આ અનોખું : અનેક સ્થળેથી મેળવેલા (તેથી પ્રાપ્તિનિર્દેશ અશક્ય કરતું) 439 દુહાઓનું, આરંભે ટૂંકા કથાસાર ને પાદટીપે 40નાં પાઠાન્તરો, તો દુહાતળે કૌંસમાં ગુજરાતી ભા-ષાન્તર સાથેનું, બીજી કશી ટીકા-ટિપ્પણ વિનાનું, શાસ્ત્રીય સંપાદન. ગીતક-થાઓ તેર : સોન–હલામણ (91 દુહા); મેહ–ઊજળી (59); શેણી–વિજાણંદ (28); રાણો–કુંવર (30); કમો–વીકોઈ (12); નદીમાં તણાઈ ગયેલ ચારણીના વિલાપનું ‘રતન ગીયું રોળ’ (20); રાણક–રા’ખેંગાર (34); પીઠાત–વેજલ

(9); સોમલ–હેમિયો (20); લોડણ–ખીમરો (33); મારૂ–ઢોલો (50); નાગ–નાગમદે (32); બાનરો (22). કથાઓ આમ અણસરખી. પણ મારૂ સિવાયની બધી જ કરુણ ! —

oગર સળગી, ગજબ થયો ! (બાનરો, પૃ. 146)
oતમે પાણી અમે પાળ્ય..... (નાગ–નાગમદે, પૃ. 139)
oલાગી હત જો લા તો આડાં ફરી ઓલવત;
દલડે લાગેલ દા ડુંગર હડેડ્યો હેમિયા ! (સોમલ-હેમિયો, પૃ. 101)
oહીરાગળ ફાટ્યું હોય (એને) તાણો લઈને તૂંણીએ;
(પણ) કાળજ ફાટ્યું હોય (એને) સાંધા ન મળે, સૂરના ! (100)
oબાવળ ને ઝાડ જ બીઆં વાધે નીરવન્યાં;
(પણ) કેળ્યું કૉળે ના પાણીવણની, પોરસા ! (74)

સંપાદક દુહાને જ બોલવા દે છે, પોતે વચમાં ક્યાંય નથી બોલતા. એમને જે કહેવું છે તે પ્રવેશક ‘પહાડોની ગોદમાં’ છે : આત્મપરિચય, મિત્રપરિચય, દુહાસ્પર્ધાની વાત, પોતાના આ દુહાસંપાદનની વાત, પોતાનો અભિગમ ને ગીતસૃષ્ટિની વાત, ‘અભ્યાસીઓ મારી કલમની સૃષ્ટિને નહીં પણ જૂની લોકસાહિત્યની પૂંજીને પિછાને’ એવું બધું આરંભે અલગ મૂકે છે. આપણાં લોકગીત-સંપાદનોમાં એક વિરલ સંગ્રહ.

## ‘સૌરાષ્ટ્ર’ સમેટાયું

જેલથી છૂટી (8-3-1931), દમયન્તીબહેનની આંખોની સારવાર માટે અઠવાડિયું મુંબઈ જઈ આવી, ’30ની લડતમાં બંધ પડેલ ‘સૌરાષ્ટ્ર’ ચાલુ કર્યું પણ વિક્ષુબ્ધ વાતાવરણ વચ્ચે. ગાંધીજીએ ગોળમેજીમાં લંડન જવાનું ઠરાવતાં, 29-8-’31ની સાંજે ગુરુવારે ‘સૌરાષ્ટ્ર’ને પ્રથમ પાને ગાંધીને શુભેચ્છા પાઠવવા ‘છેલ્લો કટોરો’ મેઘાણીએ લખ્યું, 29ને શનિએ ઊપડતી સ્ટીમરે મુંબઈ એ વાંચીને ગાંધીએ ‘મારી સ્થિતિનું સાચું વર્ણન’ કહ્યું (‘નવજીવન’, 20-9-1931) ને ‘જાણે મેઘાણીનો આત્મા ગાંધીનો સતત સાક્ષી’ એ મહાદેવ-અભિપ્રાય જાણીતાં છે; પણ છેવટે ‘સૌરાષ્ટ્ર’ રાષ્ટ્રયજ્ઞમાં હોમાયું. દસ વર્ષ જ ચાલ્યું પણ, ડૉ. યાસિન દલાલ કહે છે :

‘‘‘સૌરાષ્ટ્રે’ પોતાના અલ્પકાળમાં.....સૌરાષ્ટ્ર-ગુજરાતના સમગ્ર નકશાને પલટી નાંખ્યો......આટલા અલ્પ સમયમાં......કોઈ

> વર્તમાનપત્રે આટલી મોટી અસર ઊભી કરી હોય એવા દાખલા વિશ્વના પત્રકારત્વના ઇતિહાસમાં વિરલ છે. એ યુગમાં 'સૌરાષ્ટ્ર'નો પ્રભાવ કોઈ રાજકીય સત્તાથી પણ વિશેષ હતો......'' ('સૌરાષ્ટ્રનું ગુજરાતી પત્રકારત્વ', સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ; 1981; પૃ. 124)

'સિંધુડો'નું અનુગામી, માત્ર દસ જ કાવ્યોવાળા 'કોઈનો લાડકવાયો અને બીજાં ગીતો'(1931)નું પ્રકાશન થયું. એમાં 'ધરતી માગે છે ભોગ' સિવાયની બધી રચનાઓ જેલમાંની હતી. ('કોઈનો લાડકવાયો', 'કોણ ગાશે ?', 'આગે કદમ', 'ધરતી માગે.....', 'વિદાય', 'યુદ્ધનો આખરી સંદેશ', 'ફાંસી નહીં ફૂલમાળ', 'મૃત્યુનો ગરબો', 'સૂના સમદરની પાળે' અને 'ઝંડા--વંદન'.) ચાર બાબતો નોંધપાત્ર : રૂપાન્તરો, લાંબાં કથાગીતો (બૅલડ્ઝ)ની ફાવટ, ચારણી છંદો ને ભજનોની ફાવટ.

## 'ફૂલછાબ'નો આરંભ : નવલિકાઓ ને બે પ્રવાસિકાઓ :

રાજકીય પત્ર જોખમી લાગવાથી, 1932ના ફેબ્રુઆરીમાં કકલભાઈએ 'ફૂલછાબ' શરૂ કર્યું. પછી એનું સંપાદન મેઘાણીને સોંપ્યું. એ જવાબદારી ઉપરાંત 1931ના ડિસેમ્બરમાં ઘેર જોડિયા પુત્રો(નાનક-મસ્તાન)ની જવાબદા-રી પણ વધી હતી. સ્વતન્ત્ર ઘર જરૂરી હતું. બોટાદમાં બંધાતું હતું. 1932માં એ ત્યાં રહેવા ગયા. ત્યાંથી રોજ પરોઢે ટ્રેનથી રાણપુર જવું ને મોડી સાંજે કે રાત્રે આવવું એવો ક્રમ થયો. દરમિયાનમાં 'સિંધુડો'ની દસ અને અન્ય સામયિકોમાંની સત્તર, એમ 27નો 'પીડિતોનાં ગીતો' (1933) સંગ્રહ પ્રસિદ્ધ કર્યો. એમાં 'ઘણ રે બોલે ને', 'છેલ્લો કટોરો', 'સોના નાવડી' પ્રથમ વાર ગ્ર-ન્થસ્થ થયાં; તે બધું જ પછીના સંગ્રહોમાં હોવાથી, ઉલ્લેખ માત્ર ઐતિહાસિક દૃષ્ટિએ જ. 'ફૂલછાબ'માં સાહિત્યિક સામગ્રી વધુ ઇષ્ટ હોવાથી, લખાઈ : નવલિકાઓ **('ચિતાના અંગારા' 1932)**, ચરિત્ર-ઇતિહાસ-કથા **('વર્તમાન યુગના બહારવટિયા' 1932; 'દરિયાપારના બહારવટિયા' 1946)** અને નવલકથા ('સત્યની શોધમાં' 1932). એમ સર્જકતા વિસ્તરી.

લોકસાહિત્યને અનુસંધાને યાદ કરવી પડે એવી બે પ્રવાસિકાઓ પણ પ્રસિદ્ધ થઈ : **'સૌરાષ્ટ્રનાં ખંડેરોમાં' (1928) અને 'સોરઠને તીરે તીરે' (1933).** મૂળ તો રસધાર, બહારવટિયા, ગીતકથાઓમાં નિર્દિષ્ટ સ્થાનો

જોવાની જિજ્ઞાસા જાગતાં કાગ–ગગુભાઈ સાથે કરેલાં ચાર ગીરસ્થાનોની – રાજુલા, સરધાર, નાગેશ્રી અને તુલસીશ્યામ તથા પછી એકલા ચલાલાથી સાસણ – ગુલમહમ્મદની મુલાકાતની કથા 'સૌરાષ્ટ્રનાં ખંડેરોમાં'; ને પોતે 1927માં સૌરાષ્ટ્રનાં દક્ષિણ–પૂર્વનાં કેટલાંક દરિયાકાંઠાનાં સ્થળોની સફર ઘૂઘા પગી અને સામત જોડે દેશી વહાણમાં કરેલી તેની કથા 'સોરઠને તીરે તીરે'માં છે. બન્નેમાં, વાતો-ગીતો કઢાવવાની મેઘાણીની સૂઝ–સજ્ઞતા, ક્ષેત્રકાર્યરીતિ, જોવા મળે છે. સ્મૃતિસમૃદ્ધ ચિત્ત સ્થળે સ્થળે મૂળકથા – પાત્રપ્રસંગ યાદ કર્યાં જ કરે, ને તેથી આ પ્રવાસકથા કાવ્યકથારસ પીરસતી જ રહે છે. સાહસ પણ : જુઓ વેજલકોઠાની શોધ ! સાગરપ્રવાસો આપણે ત્યાં નહિવત્; ત્યાં 'સોરઠને તીરે તીરે' તો અવિસ્મરણીય. કતપરની બહેનો પાસેથી ગીતો કઢાવ્યાં તે કે ગુલમહમ્મદ પાસેથી બહારવટકથા – મેઘાણીની આ ક્ષેત્રની ઊંડી–ઘેરી–જાણકારીવાળી છતાંય જીવતી જિજ્ઞાસાથી જલતી નિસબતની પ્રતીતિ કરાવે છે, ને જોડાજોડ ચાલે છે બેવડી યાત્રા – સ્થળની સાથોસાથ ચિત્તની. બેય વિહારોનો વાચકને બેવડો લાભ.

## એક ઊંડો ઘા

એ જ વર્ષે (1933ના એપ્રિલની સાતમીએ) અકલ્પ્ય, ઊંડો, અચાનક આઘાત : કથળેલા સ્વાસ્થ્યવાળાં દમયન્તીબહેનનું અગ્નિસ્નાન ! કલ્લોલતું કુટુમ્બ વિખેરાયું : ક્ષોભ સાથે બોટાદ છોડી મેઘાણી મુંબઈ ગયા; મોટાં બે બાળકો મુંબઈ મોસાળ, ને નાનાં બે (જોડકાં) કલકત્તા. મેઘાણીની મનઃસ્થિતિ પણ રંગ છે બારોટની પેલી (પૃ. 77) વાર્તામાંના, ઉજેણી-બહાર ફેંકાયેલા મૃગ જેવી હતી. મન જ જાણતું હતું : ભીતર આખું ભડકે બળતું હતું; અણકથી હતી એ વેદના ! —

હયડા ભીતર દવ જલે,<br>
(તેના) ધુંવા પ્રકાશ ન હોય;<br>
કાં તો જાણે જીતવો,<br>
અવર ન જાણે કોય !

•

# 7
# મુંબઈ-નિવાસ

એ મુંબઈ-નિવાસમાં આરંભની વરસેક-દી’ની (તા. 23-4-1933થી 8-6-1934) મહત્વની ઘટનાઓ : એશિયાટિક સોસાયટીના ગ્રંથાલયમાં સઘન વાચન, મિત્રોએ બતાવેલાં શિષ્ટ અંગ્રેજી ચલચિત્રોની સાગ્રહ લખાવેલ કથાઓ (‘પ્રતિમાઓ’ અને ‘પલકારા’), 1933ના વર્ષાન્તે થયેલી ટાગોર સાથેની મુલાકાત અને સ્નેહીશ્રી દુર્લભજી ઉમેદચંદ પરીખને ત્યાં શ્રીમતી વિજયાબહેનનાં જેલસાથી–સત્યાગ્રહી, (24ની વયનાં) નેપાળી બાળવિધવા ચિત્રાદેવીનો પરિચય. તા. 9–6–’34થી અમૃતલાલ શેઠે દૈનિક ‘જન્મભૂમિ’ શરૂ કર્યું. પહેલા જ દિવસથી એમાં એ જોડાયા. અન્ય જે લખે તે, પણ મુખ્ય સંભાળવાનું સાહિત્યનું પાનું : ‘કલમ અને કિતાબ’. જોડાયાના મહિના બાદ ચિત્રાદેવી સાથે સાદાઈથી લગ્ન કર્યાં. બાળકોને બોલાવી લીધાં.

### ‘પ્રતિમાઓ’ અને ‘પલકારા’

‘ફૂલછાબ’-ભેટપુસ્તક રૂપે ‘પ્રતિમાઓ’ (1-1-1934) પ્રસિદ્ધ થયું. રજતપટનાં અત્યંત વેગીલાં ચાક્ષુષ ચિત્રઝબકારોનું શબ્દરૂપમાં અનુસર્જન ! એવી નવ કથાઓ ‘પ્રતિમાઓ’માં અને છ ‘પલકારા’(1935)માં છે. મેઘાણી કેન્દ્રસ્થ ઘટના–સંવેદન પકડી, નામઠામ ટાળી, કોઈ બીજા ફેરફાર વિના મૂળના મર્માળા ભાગને નવલિકારૂપ આપે છે.

ઘણીખરી કથાઓ પ્રેમ-ત્યાગની, નારીજીવનવેદનાની છે. ‘આખરે’(ધ સીડ)માં કીર્તિકામી પતિનો માર્ગ મોકળો કરતી ત્યાગી નાયિકા છે; ‘એ આવશે’ (મેડમ બટરફ્લાય)માં છે પ્રતીક્ષારત રૂપજીવિની; ‘દીક્ષા’ (ક્રેડલ સૉંગ)માં કઠોરતા વચ્ચે કોમળતા ઝેરતી નારી; ‘બદનામ’ (ડિસ-ઑનર્ડ)માં કઠોર જાસૂસ-હૈયે મૃદુ સરવાણી; ‘જલ્લાદનું હૃદય’(હેચેટ મૅન)માં વેશ્યાગૃહેથી પ્રિયાને છોડાવનાર; જેકિલ-હાઇડવાળી ‘આત્માનો અસુર’માં પ્રેમ ને ભોગની બે છેડાની વૃત્તિઓમાંથી મુક્તિનો ઉપાય શોધનારની અવદશા; ‘ધરતીનો સાદ’(વિવા-વિલા)માં મૅક્સિકન બહારવટિયાનું શૌર્ય; ‘જનેતાનું હૃદય’ (સિન ઑફ મૅડલીન ક્લૉડેટ)માં પુત્રના ગૌરવ ખાતર આત્મવિલોપન કરતી માતાનું વાત્સલ્ય – આવી આવી આ બે સંગ્રહની પંદરેય કથાઓમાં શિરમૉર જેવી તો છે ‘હિમસાગરનાં બાળ’. નરી પરીલોકી ફૅન્ટસી. નિસર્ગનું જાણે ગદ્યકાવ્ય !

**‘કલમ અને કિતાબ’; સાહિત્યરંગી નોંધો : ‘વેરાનમાં’ (1935); ‘પરિભ્રમણ’-1, 2, 3 : (1944, 1947, 1947) :**

ન રાજકારણ – ન ક્ષેત્રકાર્યની દોડાદોડી – ન ઘરની ચિંતા ને પત્રમાં વિવિધ વિહારની મોકળાશ. એટલે, અમસ્તીયે વેગીલી હતી તે કલમે વધુ વેગે વિવિધ સ્વરૂપો ઊતરવા માંડ્યાં. એ પ્રત્યેકની કૃતિઓ જો એકસામટી જોઈ લેવી હોય તો છેલ્લીને અનુસંધાને બધી જોવી ઇષ્ટ. મુંબઈમાં સાડાત્રણ વરસ રહ્યા; એમાંથી લગભગ અઢી વરસ (9-6-1934થી 20-10-1936) ‘જન્મભૂમિ’નાં. મુખ્ય સાહિત્યપાનું; પણ મથાળાં, નોંધ, કાવ્ય, વારતા, લેખ, તંત્રીલેખમાંય ફાળો – એમ રોજેરોજ લખ્યું છે. પહેલા જ અંકમાં ‘માસ્તર સાહેબ’ કથા છે.

10-6-’34થી ‘કલમ અને કિતાબ’; હેતુ : ‘‘ચોમેર જીવન ઊછળતું કરવામાં......સાથ આપવા..... કટાર આરંભાઈ છે.’’ એને માને છે ‘કલમનો યુગધર્મ’. કટાર એવી વૈવિધ્યસભર અને રસભર બની કે સામાન્ય વાચકો પણ એ પાનું વાંચતા થયા. ને મેઘાણીને પણ આ પાનું એવું વળગ્યું કે ‘જન્મભૂમિ’ – મુંબઈ છોડ્યાં (1936) તોય વળગેલું રહ્યું છેક 1941 સુધી બોટાદમાંય તે ! એમણે સાહિત્યવિચારનોંધ 1925થી 1928 ‘ફૂલછાબ’માં કરેલી; પછી ’34થી ’41 ‘જન્મભૂમિ’ (‘કલમ અને કિતાબ’); વચમાં થોડો સમય ’36માં ‘બે ઘડી મોજ’માં (‘સાહિત્યના સૂર’). ત્રણેય ભાગ માટેની સામગ્રી તારવી રાખેલી; એનો પહેલો ભાગ (1944) પોતે આપ્યો; એ જ ધોરણે બીજો–ત્રીજો

(બન્ને ’47માં) મહેન્દ્રભાઈએ સંપાદિત કરી આપ્યા. ‘પરિભ્રમણ’માં વાચન સાથેનો મેઘાણીનો ચિત્તવિહાર છે. રૂઢ મીમાંસા–સમીક્ષા ઢબનું વિવેચન નથી. ‘નિવેદન’ (–1)માં હેતુ સ્પષ્ટ કરી દીધો છે :

> ‘‘મારા અંતર પર પડેલાં પ્રતિબિમ્બોને ઝીલી ઝીલી અન્ય સામાન્ય વાચકોને આ રસાસ્વાદના સહભાગી બનાવવા’’ ...... ‘‘(એમની) અંદર સારાસારવિવેકબુદ્ધિ અને સદભિરુચિનો ઉદગમ કરાવવો.’’

પ્રત્યેકમાં પાંચ વિભાગો છે : ‘પરિભ્રમણ’ (વિવિધ વિષય પરની નોંધો); ભારતીય સાહિત્ય; ‘પરદેશનો પરિમલ’; ગુજરાતી કૃતિઓનાં અવલોકનો અને ‘આંદોલનો’. ‘પરિભ્રમણ’, ‘–પરિમલ’ અને ‘આંદોલનો’માં ટૂંકી નોંધો છે (ભાગ–1 : 21, 14, 13; –2 : 21, 19, 21; –3 : 37, 17, 25). બીજા–ચોથા વિભાગોમાં કર્તા/કૃતિ વિષેના નાના-મોટા લેખો છે (–1 : 3, 7; –2 : 13, 7; –3 : 10, 15). પહેલાને મુકાબલે બીજા–ત્રીજામાં નોંધો-લઘુલેખોનું પ્રમાણ વધતાં અભ્યાસને ભોગે વિવિધતા મળે છે. પહેલામાં નાટ્યકાર દ્વિજેન્દ્ર પરનો સઘન અભ્યાસલેખ છે. સાહિત્યની દૃષ્ટિએ કર્તા અને કૃતિપરિચયવાળા (બીજા ને ચોથા) વિભાગો વધુ મહત્વના છે. દ્વિજેન્દ્રનાથ ઠાકુર, ચિત્તરંજન દાસ, દ્વિજેન્દ્ર રાય – એ ત્રણ બંગાળી, તો ‘ઘરદીવડા’માં કે. હ. ધ્રુવ, હીરાલાલ પારેખ, હેમચન્દ્ર, આનંદશંકર, પં. ખરે, ગિજુભાઈ, ચિત્રકાર જગન્નાથ અહિવાસી, મોતીભાઈ અમીન–ના સંક્ષિપ્ત પરિચયો છે; તો (–2માં) હિન્દી–ઉર્દૂ, મરાઠી, પંજાબી, અંગ્રેજી સાહિત્યકારોની પરિચય-નોંધોમાં ક્યાંક તો આખાં કાવ્ય કે કથા (‘ઝાંસી કી રાની’, ‘ધ પર્પલ બુક’ કથા, ‘કાકી’ કથા) છે. કૃતિઓમાં સાત ગુજરાતી નવલોના રસપૂર્ણ તટસ્થ પ્રતિભાવો (ધૂમકેતુનો ભીમદેવ નબળો, ‘રૂપજીવિની’માં લેખનનામનું ઓઠું, ‘વળામણાં’, ‘ગ્રેટ નહીં પણ ગુડ’ પણ ‘ગ્રામજીવનની પ્રવેશપોથી’ વગેરે) અને સાત કાવ્યસંગ્રહોનાં સંક્ષિપ્ત અવલોકનો છે તથા પંદર નવલિકાસંગ્રહો વિષેના પ્રતિભાવો છે. એ ગુણ-દોષ સહિત વાત કરે છે, એમાં તાટસ્થ્ય ને સહૃદયતા બન્ને છે. આંદોલનોમાં અનેક સંદર્ભે જીવન અને સાહિત્યને લગતા વિવિધ પ્રશ્નો છેડાયા છે. વાર્તાવાચનની તકેદારી અને વાચનરુચિઘડતર માટે ઇતિહાસાદિ વિષયોનું તેમજ વિવેચનનું મહત્વ ભારપૂર્વક જણાવ્યું છે તે તથા પ્રગતિવાદની ચર્ચા સૌથી વધુ નોંધપાત્ર છે. અન્ય નોંધો એમના બહોળા અંગ્રેજી, બંગાળી, હિન્દી, ગુજરાતી પુસ્તકો–પત્રિકાઓના વિશાળ

વાચનની, ને કાગ–પાઠક–સુન્દરમ્ જેવાના પરિચયની પ્રસાદી છે. ક્યાંક પ્રસંગ, વ્યક્તિઓળખ, ક્યાંક કાવ્ય-કથા-સંક્ષેપ, ક્યાંક પુસ્તકપરિચય, ક્રાન્તિકાર-કલાકાર-ચિત્રપટ-સંગીત-સાહિત્ય એમ વિવિધ ક્ષેત્રના ચિત્તવિહાર-ના પડછંદ છે. જે જેવું લાગ્યું તેવું જ જણાવે છે એમાં સચ્ચાઈનો રણકો છે. સાહિત્યનિરીક્ષણોમાંની આવી સચ્ચાઈ, એમણે જ રોમાં રોલાં વિષે લખ્યું છે તેની યાદ આપે તેવી છે :

> ''તટસ્થતાના સુરક્ષિત ગઢકિલ્લાઓમાં ભરાઈ બેસનાર વિચારક સંપ્રદાય જોડે મારે લેવાદેવા નથી... જનતા-સમસ્ત પ્રત્યેની જવાબદારીમાંથી છટકી જઈ અલગ બેઠે બેઠે સમાજનું આચાર્યપદ (ઇન્ટેલેક્યુઅલ પ્રીસ્ટહુડ) માણવાની સાહેબી મને ન ખપે.''
>
> ('પરિભ્રમણ' –1; 147)

'વેરાનમાં' (1935) પણ 'સૌરાષ્ટ્ર' 'જન્મભૂમિ'–માં આવી ચૂકેલી સાહિત્ય-જીવન-ઇતિહાસની વાચનસામગ્રી છે. સંસદમાં રાણીના સાલિયાણાનો વિરોધ કરતો હ્યુગોનો હોઠકટ્ટો નાયક, અન્ય ક્રાન્તિવીરો, પુસ્તકચોર, ગરીબ પણ તેજસ્વી વિદ્યાર્થીને ક્ષમા આપતી યુનિવર્સિટીનું ઔદાર્ય, ગૉર્કી, ડિકન્સ વગેરે સાહિત્યકારોનાં અંતરંગ જીવનનાં ચિત્રો, કથા-પ્રસંગો – એવું નોંધરૂપ કે ક્યારેક ટાંચણિયું પણ આમાં ઘણું છે; પણ અદભુત, લલિતનિબંધના શબ્દશિલ્પના નમૂના જેવું પત્રકારનું 'કૅરિકેચર' (ઠઠ્ઠાચિત્ર) તો છે 'વડવાંગડું'. 'વેરાનમાં' શીર્ષકનો ધ્વન્યર્થ પણ એમાંથી પ્રગટે છે.

## જેલયાત્રાની પ્રસાદી

**'જેલ ઑફિસની બારી'** (1934) પણ જેલના અનુભવમાંથી નીપજેલ, 'ફૂલછાબ'માં આવી ગયેલાં ચિત્રો – તેવીસ પ્રસંગચિત્રો. જેલનું વાતાવરણ, એ સાથે જોડાયેલાં કેટલાંક પાત્ર-પ્રસંગો, બારીએ જાણે જોયાં – કહ્યાં ! જેલર, દારોગા, કારકુન, દાક્તર, બોધકો ! કેટલાંક 'ટાઇપ્સ'. કેટલાક કરુણાર્દ્ર પ્રસંગો : છૂટીને ક્યાં જવું એની વાલિયાની દ્વિધા; પતિ જેલ જતાં બાળકો માટે જ બીજું ઘર માંડતી પણ 'છૂટીને તું આવ તો હું જ તારા ઘરમાં પાછી બેસીશ'નો પ્રેમાળ સંદેશ આપતી કેદીપત્ની; પુત્રને મળવા છેક પંજાબથી આવતાં થતું ખર્ચ ન વેઠાતાં જોગવાઈ થાય ત્યારે જ મળવા આવતી વત્સલ માતા; 'મારો ભાઈ ક્યાં ?' કહીને ભાઈને ગોતવા આવતી વાલજીની બહેન;

ફટકે ફટકે 'ઓર કુછ ?' કહીને દંડાધીશની મજા બગાડતો દુલ્લારામ; જેની વાત કરતાં ખાસ્સા ચારેક પ્રસંગો માંડ્યા તે નંબર 4040; બાળકોવાળી સ્ત્રી- -કેદીઓ; ફાંસીના પ્રસંગો; રાજકેદી તરીકે 'લેખક'ને સંડોવીને પોતેય પોતાની જ ઠેકડી ઉડાડી છે તે – બધાં ચિત્રો અંતરની ભીનાશવાળાં ને વાર્તાત્મક છે.

## નાટિકાઓ

**'વંઠેલાં' (1934)** ત્રણ મૌલિક નાટિકાઓનો સંગ્રહ છે : લખ્યાક્રમે 'યશોધરા' (1929) 'બલિદાન' નામથી એક કન્યાવિદ્યાલય માટે લખાયેલું. 'જયમનનું રસજીવન' એમની જ એક નવલિકાનું રૂપાન્તર 'કૌમુદી'(1933) માં આવી ગયેલું; 'વંઠેલાં'માં વિધવાઓનો પક્ષ લેનાર અનંત-કંચનને, સૂરજને બચાવવા, પોતાનાં જીવન હોમવાં પડે છે એ સ્થિતિ ! ત્રણેયમાં સ્ત્રીઉદ્ધાર-પ્રચાર !

પણ 'જન્મભૂમિ'ની મોકળાશે સર્જકતા પાંગરી : કવિતા, નવલ, નવલિકા, ચરિત્ર, નિબંધાદિ રૂપોમાં. આગલો ગાળો મુખ્યત્વે લોકસાહિત્યનો, તો આ જાણે સર્જનનો ! પાછલા સંસ્કારો પૂરા પાંગરે છે.

## 'યુગવન્દના' : કાવ્યયાત્રા

**'યુગવન્દના' (1935)** આપણા કાવ્યસંગ્રહોમાં કદાચ સૌથી વધુ આવૃત્તિઓ પામેલો સંગ્રહ. મેઘાણીની કવિતાનાં બધાં લક્ષણોવાળો, 'વેણીનાં ફૂલ' ને 'કિલ્લોલ' સિવાયનાં આગલાં બધાં કાવ્યો –78– સમાવતો, એમની કવિતાનો પ્રતિનિધિસંગ્રહ. અંગત ગૃહોર્મિ, એષણા-અભિગમો ('કંસુબીનો રંગ', 'યાચના' વગેરે); નિસર્ગપ્રીતિ ('ઝાકળબિન્દુ', 'સાગરરાણો', 'વીંઝણો' વગેરે); સ્વાતંત્ર્યોર્મિ, યુયુત્સા ('આગેકદમ', 'તરુણોનું મનોરાજ્ય', 'ઓતરાદા વાયરા ઊઠો' વગેરે); નવઘડતર ('ઘણ રે બોલે ને.....') પીડિતો પ્રત્યે કરુણા ('બીડીઓ વાળનારીનું ગીત', 'રાતાં ફૂલડાં' વગેરે); બલિદાન-પ્રશસ્તિ ('સૂના સમદરની પાળે', 'કોઈનો લાડકવાયો' વગેરે); યુગસંદર્ભ – ગાંધીસંદર્ભ ('ધરતી માગે છે ભોગ', 'છેલ્લો કટોરો' – 'છેલ્લી સલામ' વગેરે). પ્રસંગગત હોય કે કોઈ કૃતિમાંનાં – સંવેદનોને સ્વકીય કરી ઢાળવાની કાવ્યસૂઝ એમની પાસે હતી. 'છેલ્લો કટોરો' ગાંધીમંથનનું અમર શબ્દસ્મારક બન્યું તો, 'છેલ્લી સલામ' એમની કરુણાનો કાવ્યોદગાર :

સતને ત્રાજવડે મારાં કલેજા ચડાવિયાં મેં,
શીશ તો નમાવ્યું શાસનદંડે હો જી !

અડધોઅડધ રચનાઓ (37) તો રમણીય પ્રતિનિર્માણો છે ('સોના નાવડી', 'રાતાં ફૂલડાં', 'કોઈનો લાડકવાયો' વગેરે). લોકગીતોના ઢાળો, ચારણી છંદો ને ઢબ, બંગાળી ગીતપરસ્તી, સંસ્કૃત અક્ષરમેળ વૃત્તોમાંથી થોડાંક પણ પરંપરાગત 'દેશી પિંગળ'ના માત્રામેળ છંદો ઝાઝા, પુનરુક્તિ-પ્રાસ, બોલચાલના લહેકા ને તળપદી બાનીથી તથા યુગસંદર્ભે ઊભી થતી નિકટતા ને સહજતા, ભાવ ને અભિવ્યક્તિ બન્નેની સરળતા, ગાન-લય-તાલ--લલકારવાળી રચના; આ બધાંને કારણે બ. ક. ઠા.ની અર્થૈકલક્ષી કવિતાના ચલણના જમાનામાં જ એથી જુદી પડતી આ વધુ લોકપ્રચલિત બની. એમાં ઘણી વાર આવેગ છે એટલો કલાઘાટ નથી છતાં. પણ પ્રાચીન ઢાળોને એમણે સજીવન કર્યા, તત્કાલીન જીવનનાં અભીષ્ટો અને કવિતા બન્ને પ્રત્યે લોકોને વાળ્યા. એમની કવિતામાં ઓજસ્ અને માધુર્યની અજબ મિલાવટ છે.

'જન્મભૂમિ' છોડ્યું

મુંબઈ પાર્લામાં સોઈવાળું ઘર, અને 'જન્મભૂમિ'માં શનિએ વારતા અને બુધે 'કલમ અને કિતાબ' એ ક્રમ હતો. અપ્ટન સિંક્લેરના 'લવ્ઝ પિલ્ગ્રિ-મેજ'થી પ્રેરિત 'બીડેલાં દ્વાર' (1934) એ પાને શરૂ કરેલું; પણ સ્વતંત્ર નવલલેખન 'નિરંજન'થી (1936). ગ્રામસંસ્કારોવાળો યુવાન મુંબઈનગરમાં કૉલેજકન્યા સુનીલાનો પરિચય-પ્રેમ તો પામ્યો પણ એનામાં પ્રભાવ-સાહ્ય-બીની ઊણપ લાગતાં સુનીલા પરણી તો એક ધનિક આધેડ બીજવરને જ, એ જોતાં, પોતાનાં માતપિતા ને ઓસમાનકાકા જેવાનું દામ્પત્ય નિરંજનને, અનુભવે-મંથને, અનુકરણીય લાગતાં, એ સરયુ સાથે ગોઠવાઈ ગયો. વિ-જાતીય-સજાતીય બન્ને વમળોમાંથી પસાર થતાં, પ્રેમ વૈયક્તિક અને લગ્ન સામાજિક મૂલ્યો ધરાવે છે એવા નિરંજનમાનસવાળી આ કથાએ આચાર્ય ડોલરરાય જેવાને પ્રભાવિત કરેલા. એ પૂરી થઈ કે તરત 'જન્મભૂમિ'માં લગભગ આખું વરસ 1936માં (જાન્યુઆરીથી સપ્ટેમ્બર) હપતે હપતે ચાલી 'સોરઠ, તારાં વહેતાં પાણી'. ને એ ત્યાં પૂરી થાય એની સાથે જ મેઘાણી પાછા સોરઠ જાય એવું થયું !

●

# 8
# પાછા સોરઠમાં

## નવલકથાઓ

’31માં પ્રતિબંધિત ‘સૌરાષ્ટ્ર’ને સ્થાને ’32માં ‘ફૂલછાબ’ આરંભાયેલું ત્યારે એ તેમાં હતા; પછી ટ્રસ્ટીઓ ને લેખકો વગેરે વચ્ચેના મતભેદને કારણે મોટી કટોકટી ત્યાં ઊભી થઈ અને એ બંધ થાય તો સોએક કુટુમ્બો રખડી પડે. એટલે મેઘાણી પાછા બોટાદ–રાણપુર પહોંચી ગયા (1936). આરંભાયેલ નવલલેખન ચાલુ રહ્યું : સાડાતેર નવલો મળી ! : પ્રાદેશિક 3 (‘‘સોરઠ, તારાં વહેતાં પાણી’, ‘પ્રભુ પધાર્યા’, ‘કાળચક્ર’ (અધૂરી); ઐતિહાસિક 3 (‘સમરાંગણ’, ‘રા’ ગંગાજળિયો’, ‘ગુજરાતનો જય’–1 અને –2), સામાજિક 7 (‘સત્યની શોધમાં’, ‘નિરંજન’, ‘વસુંધરાનાં વહાલાં દવલાં’, ‘અપરાધી’, ‘વેવિશાળ’, ‘બીડેલાં દ્વાર’, ‘તુલસીક્યારો’). આ જાણીતા વિભાગીકરણે વિચારીએ ત્રણ પ્રાદેશિક નવલો : **‘સોરઠ, તારાં વહેતાં પાણી’ (1937) :** 19મી સદીને અંતે સૌરાષ્ટ્રમાં હજી રજવાડાં–બહારવટાં–જૂનાં મૂલ્યો હતાં ને અંગ્રેજની નવનવી ધાક છતાં 20મીને આરંભે નવી કેળવણી ને સુધારાની હવા વિસ્તરતી હતી એ સંધિકાળના – કહો કે મેઘાણીના જ કિશોરકાળના – સૌરાષ્ટ્રનું સમાજચિત્ર અહીં સ્વાનુભવે આલેખાયું છે. એજન્સી-પોલીસના એક અદના અમલદાર મહીપતરામના દૌહિત્ર પિનાકીએ જે જોયું–

અનુભવ્યું–કર્યું તેની કથા. બદલીઓ વેઠતાં વેઠતાં મહીપતરામને એણે નૉક-ટેક દિલાવરી અને શૌર્યથી જીવતા જોયા : સુરગને જેર કર્યો, પટગરના ગાયોના ધણને મારગ કરી આપ્યો, ભાવર જેવા કેદીના પ્રણયસંવેદનને દાદ આપી, ફકીરવેશે જઈને એની પરઘેર બેઠેલ પ્રેયસી ઝૂલેખાંની મોઢામોઢ થઈ આવ્યા, જેનું આતિથ્ય સકુટુમ્બ માણેલું તે કેદી બનેલ રૂખડ ને એમની ઘોડી ને સપારણ–ઘરવાળાં સૌ પ્રત્યે કાયદો જાળવીને સૌજન્ય દાખવ્યું એ એણે જોયું; લખમણ પટગરનો ભૂમિપ્રેમ ને રૂખડ–સપારણનું અનોખું દામ્પત્ય જોયાં; ફાંસીએ ચડતા પતિની ગરવાઈ જરાય ન ઓઝપાય એમ વર્તતાં આ ‘મામી’ બનેલ ગરવાં સપારણને જોયાં; કિશોરસખી દેવબાને રજવાડે રિબાતી જોઈ; બહારવટાં ને એમાં જાતીય સ્ખલન બદલ સાથીને ભડાકે દેતી બહારવટિયણને જોઈ; પોતેય ઘરમાં મફતના દૂધનો હતો માટે દૂધપાકનો ઠંડો વિરોધ કર્યો; ભરી સભામાં પ્રાન્ત-ઑફિસરની હાજરીમાં રાષ્ટ્રભાવનાભર્યો સંવાદ રજૂ કરી, માસ્તરનો માર ખાધો; સુરેન્દ્રદેવ જેવા રાજવીને અંગ્રેજ સલ્તનત સામે માથું ઊંચકતા જોયા; ખેડુજીવનની તાલીમ લીધી; પોતાની જ પુષ્પાને પ્રવીણગઢના રાજવીને હાથે પીંખાયલી છતાં સભ્રૂણ સ્વીકારતાં ન અચકાયો. જૂની લોકકથામાં પરાક્રમી નાયક કન્યા પામે એમ અહીં કથાને અંતે થયું એમાં નવી સામાજિક સૃષ્ટિ પણ છે. પિનાકિન સક્રિય દ્રષ્ટા છે પણ નાયક નથી. નાયક તો જૂજવાં પાત્ર-પ્રસંગોથી રચાતા સમાજનું વાતાવરણ જ છે. પ્રસંગો ઘણા છે, ને પાત્રોય : વાશિયાંગ, વેઠિયાં, દરબાર ગોદડ, દેવલબા, ભાવર, ઝૂલેખાં, હેડમાસ્તર, સુમારિયો, જજ, બહારવટિયાઓ, બાવાજી, અંગ્રેજ પ્રાન્ત-ઑફિસર, મીર ગાયક, ખેડુ નરસિંહ વગેરે વગેરે, ને અલબત્ત, મહીપતરામ, રૂખડ, પટગર, પિનાકી વગેરે વગેરે. એ રીતે આ કથા એના આકાર–પ્રકારમાં ગુજરાતી નવલકથાની એક અત્યંત વિલક્ષણ કૃતિ ઠરે. ઇતિહાસકથા છે, તો સ્વાનુભવકથા પણ; ને સૌરાષ્ટ્રની પ્રાદેશિક કથા છે, તો સપારણ જેવાના અમર પાત્રથી પ્રેમશૌર્યની રોમાંચક કથા પણ. બેસંટ–ગાંધી જેવાના ઉલ્લેખવાળી, સૌરાષ્ટ્રના 19મી–20મી સદીના સંધિકાળની આ સમાજછબિ સજીવ બની એમાં લેખકના ભૂમિપ્રેમ સાથે ભાષાપ્રેમનો ને ખાસ તો તળપદી ભાષા પ્રયોજવાની એમની વિશિષ્ટ શક્તિનો બહુ મોટો ફાળો છે. ભારતીય નવલકથામાં પ્રાદેશિક રંગની નવલકથા તરીકે અનોખી તો છે જ, પણ અંગ્રેજી રાજવહીવટના આલેખનમાં તો, એના એક તજજ્ઞ આને એ વિષયના ‘પૂરક પાઠ્યપુસ્તક જેવી’ ગણે છે. (શ્રી કુલીનચન્દ્ર યાજ્ઞિક

: ‘‘ઝવેરચંદ મેઘાણી જન્મશતાબ્દી અધ્યયનગ્રન્થ’’ 1997; 128) જાણે એ સંધિકાળના સોરઠી જીવનનું નવલસ્તોત્ર ! આને ઇતિહાસ-કથા લેખતા મેઘાણીનું નિવેદન છે :

> ‘‘આ કથાને મેં તો ઇતિહાસકથા લેખે જ આલેખી છે. એ ઇતિહાસ વ્યક્તિઓનો છે અને નથીયે, પણ સમષ્ટિનો ઇતિહાસ એ છે જ છે, કેમ કે ઇતિહાસ જેમ વિગતોનો હોય છે તેમ વાતાવરણનો પણ હોઈ શકે છે અથવા વિગતો કરતાં પણ વાતાવરણની જરૂર ઇતિહાસમાં વિશેષ છે, જો એ જનસમૂહનો ઇતિહાસ બનવા માગતો હોય તો.’’

**‘પ્રભુ પધાર્યા’ (1943)**

‘આવો દેવ’ એવું બર્મી આવકારસૂત્ર પડઘાવતી, બર્માના રિવાજો, બોલી, પાત્રો, ઉત્સવો, માન્યતાઓ, ગુજરાતી–બર્મી પ્રણયપ્રસંગો, ’42ના વખતની આઝાદ હિંદ ફોજ ને એ કાળની હિન્દી હિજરત, ત્યારે અન્યની વધુ જરૂર જોતાં પોતે ત્યાં રહી જવાનું નક્કી કરી પોતાની પરમિટ અન્યને આપવાનું (હકીકતે બનેલ એક મિત્રનું) સાહસ, કોલકાતા-વાસ વખતે ને પછી બહેન-બનેવી પાસેથી જાણવા મળેલ બર્મી જીવનની વાતોની વાસ્તવપીઠિકા પરથી આલેખાયેલ ગુજરાતીઓવાળા બર્મી જીવનની કથા ‘પ્રભુ પધાર્યા’ આકાર-પ્રકારે પ્રાદેશિક રંગની ઠરે તો, **‘કાળચક્ર’ (1947)** પણ. સત્યાગ્રહ, બેતાળીસની ક્રાન્તિ, વિશ્વયુદ્ધ, આઝાદ હિંદ ફોજ, બેકારી – કાળાં બજાર ને ગરીબી, ભોમભીતરી પ્રવૃત્તિ ને અંગ્રેજોનું દમન, બિરાદરી ને શહીદી આ બધાં વચ્ચેથી પસાર થયેલ સૌરાષ્ટ્રી પ્રજાજીવનની એક કથામાળા રચવાના ખ્યાલ સાથે, ‘પ્રભુ પધાર્યા’ પછી ત્રણ વર્ષે, ઠરડાતાં આંગળાંએ, 1946ના જુલાઈથી 1947ના માર્ચ સુધીમાં આઠ હપતે ‘ઊર્મિ’માં લખેલ પંદર પ્રકર-ણોની અધૂરી કથા, એ પ્રદેશના એ કાળનું ચિત્ર છે. લેખકના મૃત્યુ (9 માર્ચ, 1947) બાદ પ્રસિદ્ધ થયેલ કૃતિ. કેરાળીમાં ખૂલતી ડેલી ને પ્રવેશતી વિમળાથી આરંભાતી આ વાત, વિમળાનું ઘર ઉઘડાવી એમાંથી હરી જવાતા ખીમજી સાથે દેવાતી ડેલીથી ને બ્લૅકઆઉટથી આટોપાય, ખીમજી ‘‘વધુ કાંઈ બોલ્યા વિના જ નીચે ઊતરી ગયો’’ એમ લેખકનું પણ થાય એ પણ કાળચક્રની આકસ્મિકતાની એક વાસ્તવિક કથા જ !!

## ત્રણ ઐતિહાસિક નવલો

એમની 'ગુજરાતનો જય'ને બે ગણીએ તો ચાર નહીં તો ત્રણ – ઐતિહાસિક નવલોમાં પ્રથમ પ્રસિદ્ધ થયેલી **"સમરાંગણ" (1938).** લોકસાહિત્યની સામગ્રીએ આકર્ષતી ત્રિભંગી કથા : એક છે જેસાવજીરની જોમા–નાગડાની કથા; બીજી છે જામ સતાની; ત્રીજી છે ગુજરાતના મુઝફ્ફર નહનૂની કથા. ભૂચર મોરીને રણાંગણે ત્રણેનો સંગમ ! જેસાની આંતરવ્યથા, જોરાંની માત્ર માતૃવ્યથા જ નહીં પણ નારીગૌરવહાનિનીયે વ્યથા; ભૂચરમાંની શૌર્યકથા – એમ પાત્રપ્રસંગાનુરૂપ કથા પ્રભાવક રહે છે. મુસ્લિમ પાત્રોને મુખે ઉર્દૂ ને ગ્રામીણોમાં તળપદી, યુદ્ધાદિનાં વર્ણનો ચિત્રાત્મક, એમ કથા રસિક; પણ બહુકેન્દ્રી. પ્રાબલ્ય લોકકથાનું ને વાતાવરણ વહી ગયેલા લોકજીવનનું. એવું જ **"રા'ગંગાજળિયો"(1939)**માં આકર્ષે છે તે એમાંની લોકસાહિત્યગત સામગ્રીથી, ઇતિહાસથી નહીં. પંદરમી સદીની નરસિંહકાળની કથામાં પાર્શ્વભૂમાં સુલતાન મહમ્મદનું વૃત્તાન્ત છે; પણ મુખ્યત્વે રા'માંડળિકના અધઃપતનની એ કથા છે. વીજલ વાજા, હમીર ગોહિલનો ભીલપુત્ર; ચારણ ભૂથો રેઢ ને નરસિંહ મહેતા – એવાં પાત્રોનાં વૃત્તાન્તોમાંના લોકસ્વીકૃત ચમત્કાર-અંશો લેખકે જાળવ્યા છે. **'ગુજરાતનો જય' (–1 : 1940; –2 : 1942)** બારમી સદીની વસ્તુપાળ-તેજપાળની, પ્રબંધાદિથી પ્રેરાયેલી છતાં મુનશી-ધૂમકેતુની પરિપાટીની લાગે તેવી, કેટલાંક પ્રેમનાં તો કેટલાંક ચમત્કારનાં પ્રસંગો-પાત્રોથી (દા. ત., લવણપ્રસાદ, કુંવર-અનુપમા; અજ્ઞાતવેશે વીરધવલનો ઉછેર, રાજ્યારોહણ, કુંવરદેવીનો પ્રેમ, પુત્રોની મંત્રીપદપ્રાપ્તિ, યુદ્ધકૌશલ્ય, મંદિર-નિર્માણ) રસપ્રદ શિથિલબંધી નવલકથા છે.

## સાત સામાજિક નવલો

"લાંબી વાર્તાનો કસબ શીખવાની સૌપહેલી તાલીમ" (ત્રીજી આવૃત્તિનું નિવેદન) જેનાથી મળ્યાનું પોતે જણાવે છે તે, અપ્ટન સિંકલૅરની 'સૅમ્યુઅલ ધ સીકર'-પ્રેરિત 'સત્યની શોધમાં' (1932). ગામડાનો શામળ લક્ષ્મીનગરે આવતાં, મૂડીવાદનાં અનિષ્ટો ને ધર્માચાર્યો – પ્રોફેસરો જેવાનો એને ટેકો જોતાં, એની સામે અવાજ ઉઠાવે; સભાઓ ગજાવે; એવી એક સભામાં "અમે ખેતર ને વાડીએથી, / જંગલ ને ઝાડીએથી, / સાગરથી, ગિરિવરથી સુણી સાદ આવ્યાં; / અમે નૂતન શક્તિને ભાન, / ગાતાં શ્રદ્ધાનું ગાન, / માનવને

મુક્તિદાન દેવા સબ આવ્યાં'' – ગાન સાથે પડેલ લાઠીઓથી એ પડે ને એના રક્તરંજિત દેહ પર મજૂરબાળા તેજુ વિલપતી હોય એમ કથાનો અંત આવે – જાણે કરુણાર્થે જ કથામંડાણ. બીજી નવલ તે પછી ચાર વર્ષે 'જન્મભૂમિ'માંની **'નિરંજન' (1936).** એના નાયકનો નગર-અનુભવ પણ એવો. છતાં એમાંની લગ્નમીમાંસા, જાતીય પ્રશ્નોની જાહેર માંડણી, સમાજ-મીમાંસા ને ચરિત્ર-પ્રધાન આકારથી એ એમની પહેલી મૌલિક નવલકથા નોંધપાત્ર બને છે. **'વસુંધરાનાં વહાલાં દવલાં' (1937)** આરંભે હ્યુગોની 'ધ લાફિંગ મૅન'નાં મદારી – હોઠકટ્ટો – અંધીનાં ત્રણ પાત્રોથી પ્રેરિત પણ પછી સ્વતંત્ર થઈ, સોરઠી છૂંદણાં છૂંદનારી તેજલ ને પ્રતાપ શેઠના અવૈધ મિલને થયેલ હોઠકટ્ટા બાળની કરુણ વાસ્તવકથા છે. તેજલ–પ્રતાપ, તેજલ–લાલાકાકા, હોઠકટ્ટા પ્રત્યે રાણીની આસક્તિ, મદારીનો પશુપ્રેમ, કૂતરીને ધાવતો બાળક ('સલામ કર' પ્રકરણ), 'ત્રાજવાં ત્રોફાવો', 'બાજરી ખૂટી', 'નવી લપ' જેવાં પ્રકરણો–પ્રસંગો વગેરેથી, પ્રો. પ્રમોદકુમાર પટેલ કહે છે તેમ (પ્રો. અનિરુદ્ધ સંપાદિત 'ઝવેરચંદ મેઘાણી' 1968; પૃ. 58), રોમૅન્ટિક વલણોના કંઈક અજબ રંગો પ્રગટાવે છે. તો, હૉલ કેઇનના 'ધ માસ્ટર ઑવ મૅન'-પ્રેરિત **'અપરાધી' (1937)** અવૈધ બાળની હત્યામાં રામભાઈ નહીં, એ બાળજન્મદાતા – પોતે હોવાથી પોતે દંડાવા જોઈએ, એવું, એ ખટલાના ન્યાયાધીશ શિવરાજને અંતઃકરણે જાગતાં, એ અપ્રગટ કથા પ્રગટ કરે છે; એ મંથન–પ્રાયશ્ચિત્ત ને રહસ્યોદઘાટનથી કથા આકર્ષે છે. **'બીડેલાં દ્વાર' (1939)** અપ્ટન સિંકલૅરની 'લવ્ઝ પિલ્ગ્રિમેજ'-પ્રેરિત. કથા જાણે પૂર્વાર્ધ-ઉત્તરાર્ધે વિભાજિત. સાહિત્યકાર અજિત પ્રભાની કલાથી આકર્ષાઈ પ્રેમલગ્ન કરે; પછી બાળજન્મ સુધી દામ્પત્ય ખીલે, પણ પછી જવાબદારી સર્જનમાં વિક્ષેપક લાગે, પ્રભાના અન્ય પુરુષમિત્રો સાથેના સંબંધો પણ કઠે. પ્રભા એ કળી જાય, ને વાસ્તવને સ્વીકારી મારગ કરી આપે. સર્જનોર્મિ, સર્જનપ્રક્રિયા અને સામાજિકતા – એ ત્રણ વચ્ચેના સંઘર્ષની આ કથા છે. પણ મેઘાણીની સામાજિક નવલોમાં શ્રેષ્ઠ તો 'વેવિશાળ', 'તુલસીક્યારો'. કઈ વધુ સારી તે કહેવું કઠણ. મોટાભાગનાને 'તુલસીક્યારો' લાગે; તો નવલવિશેષજ્ઞ ડૉ. ધીરેન્દ્ર મહેતાને 'વેવિશાળ' શ્રેષ્ઠ લાગે. ('નંદશંકરથી ઉમાશંકર', 1984; 295) અને કહે :

> ''વ્યાપક લોકપ્રિયતા મેળવી ચૂકેલી 'તુલસીક્યારો' મેઘાણીની કીર્તિદા ભલે ગણાઈ, વિષયનિરૂપણની દૃષ્ટિએ 'વેવિશાળ' જેટલું

ઊંચું શિખર આંબવા સમર્થ નીવડતી નથી.'' (299)

**'વેવિશાળ' (1939)** એક નાનકડે ગામડે દીપચંદના સુખલાલ જોડે, પડોશમાંના બે ભાઈઓ – ચંપક ને નાનો – એમની વચ્ચેનું એકમાત્ર સંતાન નાનાની પુત્રી સંતોક, તેનું વેવિશાળ કરેલું. પણ પછી મુંબઈ જતાં, બે પાંદડે થતાં, ચંપક શેઠને એ કઠ્યું, તે તોડવા પેરવી કરી. સુખલાલને મુંબઈ તેડાવી, પેઢીમાં ઘસડબોરો કરાવી, માંદો પાડી, દવાખાને દાખલ કરાવી, ખાટલે પડેલ પત્નીને છોડીને દીપચંદને મુંબઈ આવવું પડે એમ કર્યું. એમને ડરાવી, ધમકાવી, ભરમાવી સુખલાલ પુરુષમાં ન હોવાનું ડૉક્ટરી સર્ટિફિકેટ બનાવેલું તે બતાવી, ફારગતી લખાવી લીધી ને વિજયચંદ નામે એક છેલબટાઉ મુ-રતિયોય તૈયાર કર્યો; પણ આ દરમિયાન, 'સંતોક'માંથી થયેલી 'સુશીલા'ને સુખલાલની ને દીપચંદ શેઠની સાલસતાનો અનુભવ થતાં, આ વાત ખટકી. ચંપક શેઠનાં પત્ની 'ભાભુ'એ અને એક વતનવાસી ખુશાલે એનું મન જાણ્યું ને એને લઈને દેશમાં ચાલ્યાં. દીપચંદની મરણોન્મુખ પત્ની પાસે સુશીલાએ પોતે પ્રતિજ્ઞા લીધી : 'હું આ ઘરની જ છું.' ચંપક શેઠે આવીને નાતપટેલિયાનાં મોં પૈસે ભરી, વેવિશાળ-ફોક-નો ઠરાવ કરાવવા નાત બોલાવી ત્યારે, ન-છૂટ-કે, પતિનાં ક્રોધ-તિરસ્કાર છતાં, ભાભુ સુશીલા મક્કમ રહ્યાં. આ, આવી સમાજકથા છે; પ્રણયકથા નથી. કથાબંધ ઘટનાકેન્દ્રી હોવાથી ઘાટ રસિક બૃહન્નવલિકા જેવો છે.

**'તુલસીક્યારો' (1940),** નામથી સૂચવાય છે તેમ, સમાજપરિવર્તન દરમિયાન ઊખડી જતા પરંપરાગત સુસંસ્કારોને ફરીથી ચોંપવાની વાત છે. ગામડામાં ઊછરેલ વીરસુત શહેરમાં આવી પ્રોફેસર બને છે. પ્રથમ પત્ની નબળા બાંધાની, તેમાં વ્રતો પ્રિય; ગુજરી ગઈ. પણ પુત્ર દેવુને મૂકતી ગઈ. એ વડીલો પાસે ઊછરતો હતો. શહેરમાં સુધારક ગણાતા ભાસ્કરથી દોર-વાઈને વીરસુત કંચનને પરણ્યો તો ખરો પણ એનો દેવુ પ્રત્યેનો અણગમો અને ભાસ્કર ને બીજા મિત્રો સાથેનો મુક્ત વ્યવહાર અકળાવતો હતો. એમાં એક વાર ભાસ્કર સાથેની એની અઘટિત નિકટતા જોઈ, કંચનને વઢી પોતાની સાથે આવવાનું કહેતાં, ભાસ્કરે જ વીરસુતને ઝૂડ્યો ! ને, ચોર કોટવાળને દંડે એમ, કંચન પાસે પોલીસ ફરિયાદ કરાવી, વાત છાપે ચડાવી ! ગામડે પિતા સોમેશ્વરે, વિધવા ભદ્રાભાભીએ ને અંધ મામા જ્યેષ્ઠારામે વાત વાંચી, ઉકેલ ચર્ચી લીધો. શહેરે આવ્યા. ત્યાં દેવુને અકસ્માત થતાં સેવામાં લાગી

ગયા. કંચનને પસ્તાતી ને બે-જીવ-સોતી ફસાયેલી પામી ગયા. ઉકેલ કાઢ્યો. વીરસુત થોડાં વરસ અભ્યાસાર્થે વિદેશ ગયો. દરમિયાન કંચનને થયેલ બાળક વીરસુતનું જ હોય એ વિષે કોઈને શંકા ન જાય એવું વર્તન રાખ્યું. વીરસુત-કંચન વચ્ચે પત્રવ્યવહારથી ફરી લાગણી બંધાઈ.

કથા હપતે હપતે છપાતી હતી. એટલે લેખકે એક પ્રયોગ કર્યો. અંતની વાચકો પાસે માગણી મૂકી ! અંત આપ્યો : બાળક અને કંચન બન્નેને બચાવી, બધો મેળ બેસાડ્યો. અનૌરસ સંતાનો ને અન્ય રીતે ઊખડેલાંને આમ ચોંપવાં, પલ્લવિત કરવાં. દેવુ અહીં કડીરૂપ બન્યો. ગાંડી યમુનાને પણ સૌએ સાચવી : એ તુલસીક્યારે દીવો મૂકવા જતી હતી ત્યારે એને મોંએ સંસ્કારતેજ ‘લીંપાતું’ દેખાયું. અહીં પ્રશ્ન, તજ્જન્ય સંઘર્ષ અને સહજ ઉકેલ – ત્રણેય કથાત્મક રીતે છે.

### ગુંડાનો સામનો :

‘ફૂલછાબ’માં ‘કાર્ટૂન કેસ’ જેવું લેખન તો હિંમત માગી લેતું પણ કેટલુંક તો ન જ છપાય એવી દઢતા પણ હિંમતભરી હતી. એની એક નોંધપાત્ર ઘટના. બોટાદથી હદપાર થયેલ એક માથાભારે દાદાએ પોતાની વારંવારની માગણીને દાદ ન દેનાર મેઘાણી પર વેર રાખી, મેઘાણીસાથી પર ભરબપોરે રેલવે-પ્લૅટફૉર્મ પર હુમલો કર્યો કે દોડીને મેઘાણી એને વળગ્યા, પાડ્યો, સબોડ્યો ! (2-4-1940) એ જોનાર એક પ્રતિષ્ઠિત સજ્જને ગુંડાનો આમ, પ્રતિષ્ઠાને વચમાં લાવ્યા વિના સામનો કરવા બદલ અભિનંદનનો જે પત્ર લખ્યો તેનો જવાબ એમના જીવન-લેખનના અભિગમનો દ્યોતક છે :

> “Life short of self-respect and moral courage can have no charm for us.... The reputation that has to crutch upon cowardice cannot be of any use to the soul’s supreme pilgrimage.” (‘લિ. હું આવું છું.....’ પત્ર તા. 13-4-1940 : ક્રમાંક 216; પૃ. 267) (સ્વમાન ને નૈતિક તાકાત વિના જીવનમાં પછી મજા જ શી ? પરમના યાત્રીને વળી ભીરુતાની કાખઘોડીએ ખોડંગાતી પ્રતિષ્ઠાનું અવલંબન કેવું ?)

આ પ્રસંગને અનુસંધાને ‘ફૂલછાબ’માં અગ્રલેખ લખી લોકને પણ ડર

છોડવા કહ્યું : ''આપણે કમજોર છીએ ને ગુંડા શેરબહાદરો છે એ ભ્રાન્તિનો જ ગુંડાઓ લાભ લે છે.'' ('અંતરછબિ'; પૃ. 372) નહિ તો, અંતરથી તો પરમની સાધના તરફ ઢળતા હતા એનો સાક્ષી છે 'એક તારો'.

## પરમની દિશામાં

'એકતારો' (1940), જેમાં વીસેક ભજનો છે તેવો 47 કાવ્યોનો સંગ્રહ. આગળના 'આત્મનિરીક્ષણ'-મથાળે કાવ્ય વિશેના એમના અભિગમની ચર્ચા માટે વિશેષ નોંધપાત્ર. પોતાની મર્યાદાઓય બતાવે છે. રચનાઓમાંથી પ્રથમ 13, ને પાછલીમાંથી ક્રમાંક 31થી 35 – એ અંજલિઓ, 45ના 'રેખતા' ને છેવટનું 'ઘો ઠેલા' એ વીસેક કાવ્યાંશે સબળ. તેમાંય 'શબદના સોદાગરને' એમની કાવ્યવિભાવનાનું દ્યોતક છે :

''આતમની એરણ પરે જે દી અનુભવ પછડાય જી;

તે દી શબદ-તણખા ઝરે, રગ રગ કડાકા થાય......''

'તકદીરને ત્રોફનારી' માનવજીવનઘડતરમાં અદૃષ્ટની પ્રબળતા નિર્દેશતું અસલી ભજનનાં ઢાળ-કલ્પનવાળું મેઘાણીનું એક શ્રેષ્ઠ કાવ્ય છે. 'મોરપીંછનાં મૂલ', 'વર્ષા', 'ધીમે ધીમે લોચન ખોલો' – એવાં ભલે સંખ્યાએ અલ્પ પણ કેટલાંક ભજનો જોતાં મેઘાણીની વાત કે 'ભજનવાણીનો નિગૂઢ પ્રાણ પકડી શકાયો હોવાનો મને આંહીં સંતોષ થયો છે' – સાચી છે. પણ એ કાળનું એમનું પરિશ્રમથી સભર જીવન જોઈએ તો લાગે કે ભજન એમનું એક અનાયાસે મળેલું વિશ્રંભસ્થાન હતું – બેઘડીના વિસામાનો નાનકડો ઓટલો, જરાક પોરો ખાવાનું શીતળ થાનક. બાકી, એ હતા તો વિગ્રહની વચ્ચે જ ! પારોઠનાં પગલાં ભરે એ બીજા !

●

# 9
# સમાજઘડતર : પુસ્તિકાઓ, વ્યાખ્યાનો, વાર્તાઓ

**‘રાઇટર્સ ક્રૅમ્પ’ : આરામમાંય અભ્યાસ : શાન્તિનિકેતન :**

અકલ્પ્ય વેગે ચાલેલી કલમનો મન ને આંગળાં બન્ને પર વળગેલો થાક, નિત્યપ્રવાસ; સંધિવા, હરસ, કદાચ પ્રો-સ્ટેટ પણ, તેમાં દસેક વર્ષોમાં ક્રમે ક્રમે વધીને અસહ્ય બનેલો ‘રાઇટર્સ ક્રૅમ્પ’ (કલમ પકડવી મુશ્કેલ કરી મૂકતી ધ્રુજારી), ‘લૉ બ્લડપ્રેશર’ વગેરેએ આરામની ફરજ પાડી. ‘કલમ અને કિતાબ’ પાનું કાયમ માટે છોડ્યું (1941ના જાન્યુઆ-રીના પ્રથમ સપ્તાહથી). આરામ માટે ત્રણ માસ ભાવન-ગર જઈને રહ્યા. ‘ફૂલછાબ’ (રાણપુર) જતા, પણ લખતા નહીં. આ દરમિયાન મુંબઈ યુનિવર્સિટીનાં ’43માં અપાનારાં વ્યાખ્યાનો ને ‘શાન્તિનિકેતન’નાં વ્યાખ્યાનોની તૈયારી કરી. ‘શાન્તિનિકેતન’માં જઈને (માર્ચ, 1941) અંગ્રેજીમાં, રોજના સવાકલાકને હિસાબે પાંચ દિવસ પાંચ વ્યાખ્યાનો આપ્યાં : લોકવાણી ને એની જીવનવ્યાપકતા; કથાગીતો; ચારણી સાહિત્ય પર બે વ્યાખ્યાનો અને સર્જન પર પડતા લોક-સાહિત્યના પ્રભાવનો સ્વાનુભવ; ‘ઘણ રે બોલે ને........’ ભજનથી સમાપન. (‘લોકસાહિત્ય અને ચારણી સાહિત્ય’ નામે સંગ્રહમાં ઉપલબ્ધ.)

**કાર્ટૂન–કેસ :** પાછી 'ફૂલછાબ'ની જવાબદારી ! તેમાં આ તંત્રી તો કવિતા ને કલમની કલા ઉપરાંત જરૂર પડ્યે કાર્ટૂન પણ કરે ! એમાં અમદાવાદના હુલ્લડમાં, 'બધું નિયંત્રણ હેઠળ છે'ના સરકારી તંત્રની પોકળતા જાતમાહિતીથી મેળવીને, અગ્રલેખ લખ્યો 'શોણિતભીના શહેરનો ભારતવર્ષને સંદેશ' ને સાથે અરીસે જાત જોઈ તૈયાર થતા પોલીસની પીઠ પાછળ જ ગુંડાના હુમલા દર્શાવતું કાર્ટૂન 'મુખડા ક્યા દેખો દર્પન મેં' – એ મથાળે મૂક્યું ! કેસ થયો. ત્રણ માસ ચાલ્યો. એક દિવસ બહુ ખરાબ સ્થિતિમાં કાચી જેલમાં વિતાવ્યો. નિર્દોષ છૂટ્યા (9-9-1941); પણ સરકાર અપીલમાં ગઈ ને એમ આ કેસની અસર મન પર ડિસેમ્બર, '41 સુધી રહી. 1942માં લોકસાહિત્યનાં ઘણાં પાસાં આવરી લેતું એક સુદીર્ઘ વ્યાખ્યાન સૂરતમાં આપ્યું તેનું પુસ્તક થયું **'લોકસાહિત્ય : પગદંડીનો પંથ' (1942)** તેમાં વ્યાખ્યાન ઉપરાત ગંગાસતી, એલ્વિન-સંપાદિત આદિવાસી, કૌલનાં કાશ્મીરી ને મધુભાઈ પટેલ-સંપાદિત દક્ષિણ ગુજરાતનાં ગીતો વિષે લેખો છે.

## કારીગરોની રોટી ન અટકે એવી કરામત : પુસ્તિકાઓ : '42

'બેંતાળીસ' તો હતું ક્રાન્તિનું વર્ષ. મુંબઈમાં મોટા પુત્ર મહેન્દ્રભાઈ સક્રિય ને પકડાયા – લાઠી ખાધી એ જાણતાં, એક વડીલને લખ્યું : 'સમજણાં સંતાનોને એની ઊર્મિ–બુદ્ધિને અનુસરવા દઈએ.' છાપાં ('ફૂલછાબ') પર તવાઈ તોળાતી હતી. નાથાભાઈને એકાએક પકડી લીધા. પોતે પકડાય તો કુટુમ્બે શું કરવું તે વિચારી લીધું. 28-8-1942નો અંક સરકારે જપ્ત કર્યો, ને ''ફૂલછાબ'' પર પ્રતિબંધ મૂક્યો. ત્યારે છાપખાનું ચાલુ રહે અને કામદારો રખડી પડે નહિ એવો રસ્તો પોતે કાઢ્યો : સાર્વજનિક રસની પાક્ષિક પુસ્તિકાઓ ચલાવી : **'મરેલાંનાં રુધિર', 'અકબરની યાદમાં', 'પાંચ વરસનાં પંખીડાં', 'આપણું ઘર પૃથ્વી' અને 'બે દેશદીપક'. (1942)** છયેનું આયોજન સમાન : મેઘાણી સાથે લેખક મગનલાલ સતીકુમાર, આરંભે નિવેદનમાં અભિગમ ને સંદર્ભગ્રન્થો, પછી ભારતીય સમાજજીવનમાં મહત્વનાં પાસાંવાળું મોટે ભાગે ચરિત્રચિત્રો ને પ્રસંગચિત્રોવાળું લખાણ, ડેમી 90 પાન; અભ્યાસપૂર્ણ છતાં એવું રસિક કે આમાંની ઘણી પુસ્તિકાઓ તો બહાર પડ્યાને પછીને અઠવાડિયે જ બીજી આવૃત્તિ પામી ને તેય ચપોચપ ઊપડી ગઈ ! આ પુસ્તિકાઓની સફળતાથી પ્રેરાઈને, ત્રણ માસ પછી ફરીથી 'ફૂલછાબ' શરૂ થયું.

તે પછી પણ દર માસે એકને હિસાબે બીજી છ પુસ્તિકાઓ મળી : **'આપણો મહાવીર પાડોશી', 'ધ્વજમિલાપ', 'બાપુનાં પારણાં', 'સાંબેલાં', 'અજબ દુનિયા' અને 'તણખલાં'.** અલબત્ત, વસ્તુ, અભિગમ, નિરૂપણ અને લેખન (કલમ) ચારેયનું અહીં વૈવિધ્ય છે. રાષ્ટ્રીય – આંતરરાષ્ટ્રીય ઇતિહાસ (ચીન), કટાક્ષ ('સાંબેલાં'), પદ્ય ('બાપુનાં પારણાં') એમ, જુદા જુદા લેખકોનુંયે એક-ધારાપણું નથી; મુખ્ય સંપાદક મેઘાણી.

## હૉસ્પિટલને બિછાને – વાર્તાસંપાદન :

બેંતાળીસના વર્ષને આરંભે કથળતી તબિયતે પણ ઊંડા-વ્યાપક-અભ્યા-સવાળું વ્યાખ્યાન અમદાવાદ (ગુજરાત વર્નાક્યુલર સોસાયટીના ઉપક્રમે) આપી આવેલા : 'ચારણો અને ચારણી સાહિત્ય'. પોતાના ચાર આગલા નવલિકાસંગ્રહો **'ચિતાના અંગારા' –1, –2 (1931, 1932),** 'આપણા ઉંબરમાં' (1932) અને 'ધૂપછાયા' (1935) તપાસી જઈ, 'ધૂપછાયા'ની છમાં બીજી ચૌદ ઉમેરી વીસનો એક સંગ્રહ **'મેઘાણીની નવલિકાઓ' ખંડ–1 (8-3-1942)** પ્રસિદ્ધ કરેલો. પણ માંદગી અસહ્ય બનતાં અમદાવાદની વી. એસ. હૉસ્પિટલમાં 'ઇન્ડોર પેશન્ટ' તરીકે જે સવામાસ ગાળ્યો (તેની પરોક્ષ પ્રાપ્તિમાં 'વેવિશાળ'નું લીના પાત્ર) તેમાં વીસનો બીજો ખંડ થયો, જે ઑગસ્ટમાં પ્રસિદ્ધ થયો. ને ચારેક વર્ષ પછી **"વિલોપન અને બીજી વાતો" (1946).** રવીન્દ્રાનુવાદ ('કુરબાનીની કથાઓ') અને જેલઅનુભવો ('જેલઑફિસની બારી') તથા ચલચિત્રરૂપાન્તરો ('પ્રતિમાઓ' – 'પલકારા')ને બાદ કરતાં મેઘાણીના સ્વતંત્ર નવલિકાસંગ્રહો ત્રણ : **"મેઘાણીની નવલિકાઓ' – ખંડ 1, ખંડ 2 (1942, 1942)** અને 'વિલોપન' (1946). (પછીયે રહી ગયેલી સહિતની મેઘાણીની બધીયે 120 નવલિકાઓને બે સંપાદનોમાં હવે તો શ્રી જયન્ત મેઘાણીએ મૂકી આપી છે : 'મેઘાણીની સમગ્ર નવલિકા' – ભાગ – 1, –2 (1998, 1998)

**મેઘાણીની નવલિકાઓ :** લોકસાહિત્ય અને કવિતા પછીનું મેઘાણીનું કોઈ પ્રભાવક પ્રદાન હોય તો તે કથાક્ષેત્રે. આપણી નવલિકાના ને સમાજવાદ – ગાંધી-પ્રભાવી સમાજપરિવર્તનના પરોઢે ('21) એમણે કથાક્ષેત્રે જે કલમ ચલાવી તેનો ઇતિહાસ એમણે પોતે જ 'ચિતાના અંગારા–1'ના નિવેદનમાં આપ્યો છે : ટાગોરનાં રૂપાન્તરો ને (ડોશીમા–દાદાજીની) બાલકથાઓ (1921-

22); પછી લોકજીવનકથાઓ (રસધાર – બહારવટાંની); વ્રતની ને ચિત્રપટની ('કંકાવટી' 1–2; 'પ્રતિમાઓ', 'પલકારા'); ક્યાંક સાહિત્યસૃષ્ટિમાંથી લઘુકથાઓ ('વેરાનમાં' વગેરેમાં); એમ વિષયે ને આકાર-પ્રકારે વિવિધ કથાઓ હતી. એમાં પણ ('ઓળીપો', 'અણનમ માથાં', 'કરિયાવર', 'દસ્તાવેજ' જેવી) નવલિકાઘાટી કથાઓ હતી. પણ 'કિશોરની વહુ'થી (1931માં) નવલિકાલેખનનો એમણે રીતસરનો આરંભ જે કર્યો, તેના બે જ ગાળા : '31થી '34–'35 અને '46–'47. વચમાં દસકો પડ્યો ! આરંભે 'ફૂલછાબ'–'જન્મભૂમિ' અને છેવટે 'ઊર્મિ'–'પ્રજાબંધુ' – એમ પત્રકારત્વ સાથે જાણે આનું જોડાણ ! એમ આપણી નવલિકાના આરંભ જોડે ને સુધારાકાળ જોડે પણ. વસ્તુષ્ટિએ લગ્ન, નારી ને ગરીબીનાં ચિત્રો વધુ. 'દિવાળીની બૉણી'ની શેઠાણીની સ્થિતિની સામે રેલગાડીના ડબ્બામાંનું સજૂડી ને સામતનું કે મગરૂબીથી શાક વેચતા કોળી યુગલનું ચિત્ર – 'બૂરાઈનાં દ્વાર પર', 'કાનજી શેઠનું કાંધું' કે નોકરી ખોઈનેય વિધવાપુનર્લગ્ન કરતો ટપાલી સદાશિવ, લગ્નમીમાંસક ઘૂઘા ગોર, 'બબલીએ રંગ બગાડ્યો'માં શંકરિયાની કુટુમ્બપરસ્તીથી મનોમન પરાસ્ત થતા માસ્તર, 'પાનકોર ડોશી'માંનું કે 'અમારાં ગામનાં કૂતરાં'માંનાં ગ્રામચિત્રો ને પાત્રચિત્રો, કરુણા-સંવેદનો ને વાસ્તવાલેખન ક્યારેક તો ''વહુ અને ઘોડો''માં છે તેમ કલ્પનાસભર છતાં મર્માળાં ને કલાયુક્ત છે.

**પત્રો : ઈમાન બધે જ :** વાર્તાનું પાત્ર ને જીવનનું પાત્ર બે વચ્ચે સંવેદનભેદ ન રહે એવું એમનું કલાગત 'ઈમાન' ('એકતારો'નું નિવેદન) છે. મોટા પુત્રની સગાઈની વાત ચાલતી હતી (1943) ત્યારે પુત્રને 'કોઈથી ન દોરાતો' કહીને પોતાનો કટુ અનુભવ કહે (!) એય વધુ પડતું કહેવાય, પણ સામેની કન્યાને લખે કે આ 'ઉમળકો બતાવે તો જ હા પાડજે' – એ તો કેવડી મોટી મનની મહાનુભાવિતા ! મેઘાણીની આવી મન–અંતરની છબિ એમના જ શબ્દોમાં સંકલિત થઈને મળે છે (અલબત્ત, મરણોત્તર) બે સંપાદનોમાં **'લિ. હું આવું છું' (636 પત્રો; 1988)** અને 'અંતર-છબિ' (સંપાદક હિમાંશી શેલત અને વિનોદ મેઘાણી; ગૂર્જર, અમદાવાદ; 1998)

## ચારણો વિષે અભ્યાસ

'42માં અમદાવાદમાં (ગુજરાત વર્નાક્યુલર સોસાયટીમાં) આપેલ વ્યાખ્યાન વિશેષ અભ્યાસ-ઉપયોગી પરિશિષ્ટો સાથે તેર પ્રકરણોમાં એક

'મૉનોગ્રાફ' રૂપે ગ્રન્થસ્થ થયું : 'ચારણો અને ચારણી સાહિત્ય' (1943). ચારણોની ઉત્પત્તિ ને જાતિગત ઇતિહાસ, પુરાણો-પ્રબંધાદિમાં ઉલ્લેખો, યુ-રોપાદિની આવી જાતિઓ જોડે તુલના, ચારણી પદ્ય-ગદ્ય-બાની-બોલીની લા-ક્ષણિકતાઓ, એમની કૃતિઓનાં ગુણ-મર્યાદા, એમણે ખીલવેલા પદ્યપ્રકારો ને તેમાંય પ્રશસ્તિ, વર્ણન ને વિશેષે તો દુહા; એમની વિશિષ્ટ કથાકથનરીતિ ને એના પ્રથમ સંગ્રાહક ફ. બ.ના કામનાં સવિગત–સદૃષ્ટાન્ત પરિચય–મૂ-લ્યાંકન, ચારણી જીવનરીતિ – આ બધુંય પાછું ઉદાહરણો સહિત મૂકીને આ વિષયમાં પ્રવેશ કરાવતો, સઘનમાંડણીવાળો એક નાનો રસિક શોધનિબંધ મેઘાણીએ પૂરો પાડ્યો છે.

## યુનિવર્સિટી વ્યાખ્યાનો : 'સમાલોચના'

તો આની પૂર્તિ જેવો લોકસાહિત્યનો, પોતાની ઢબનો, રસિક છતાં વિગત–ચર્ચા–ઉદાહરણઅ–ભ્યાસ-ખચિત રીતસરનો બૃહત્–શોધનિબંધ તે ઠક્કર વસનજી માધવજી વ્યાખ્યાનો. મુંબઈ યુનિવર્સિટીમાં આપ્યાં '43માં : **'લોકસાહિત્યનું સમાલોચન' (1946).** મેઘાણીની આ વિષયની પ્રીતિ ને અભ્યાસ-પકડ, એમની લોકપ્રિયતા (એમને સાંભળવા ત્યારે જે 'થોકે થોકે લોક ઊમટતું' તે), કંઠ કહેણી ને ચર્ચા – ત્રણેયથી પ્રભાવ પાડતી એમની વક્તૃત્વ શક્તિ – આ બધાંથી મુંબઈ યુનિવર્સિટી-વ્યાખ્યાનોવાળો મેઘાણી-જીવનપ્રસંગ આપણા સાંસ્કૃતિક ઇતિહાસનો પણ એક અવિસ્મરણીય પ્રસંગ છે. આ અભ્યાસગ્રંથમાં પાંચ મોટાં પ્રકરણો છે; જે લોકસાહિત્યની પાંચ પુસ્તિકાઓ જેવાં છે : પહેલું પ્રકરણ ('કથ્ય ભાષાના સાહિત્ય-સીમાડા') વિષયનાં વ્યાપ અને મહત્વને પ્રસ્થાપિત કરે છે. ગુણાઢ્યથી નરસિંહરાવ–એલ્વિન સુધીનાની લોકસાહિત્યદૃષ્ટિનો નિર્દેશ કરી, અપભ્રંશ–મારુગુર્જરથી આજ સુધી લોકસંસ્કારાવતરણ કેમ–કેવું સતત થતું–ફેલાયું તેની ભૂમિકા રચે છે. બીજું લોકસાહિત્યનાં સંસ્કારબળો – આંતરલગ્નો ને જાતિમિશ્રણો, સંતાદિની ઉદાર ધર્મદૃષ્ટિ, ગૃહસંસ્કારો ને કેટલાક સમાજસંસ્કારો – દર્શાવે છે. ત્રીજું મહત્વનું છે ('કેડી પાડનારાઓ') લોકસાહિત્યને ક્ષેત્રે કામ કરી ગયેલ પૂર્વસૂરિઓનાં કાર્યોનાં સ્મરણનું. લોકસાહિત્યક્ષેત્રની મેઘાણી-પૂર્વેની કામગીરીનો ઇતિહાસ એમાં છે. એમાં ફાર્બસથી કાલેલકર સુધીનાને સંભાર્યા છે. ચોથામાં પ્રેમાનંદ, શામળ ને અન્યનાં આખ્યાન-કથા-પદાદિને સંદર્ભે આ

લોકસાહિત્યસ્રોત કેવો સમાન્તર–સ્વતંત્ર ને સજીવન વહ્યો-રહ્યો તેનું સદૃષ્ટા-ન્ત વિવરણ છે. ને છેલ્લા પાંચમામાં કહેવતો-ઉખાણાં-દુહા-ગીતો-ગરબા-પ્ર-શસ્તિ-મરસિયા, નર-નારીનાં આગવાં શબ્દરૂપોથી માંડીને વ્રતાદિની ને અન્ય જૂજવા પ્રકારની કથાઓ સુધીનાં લોકસાહિત્યનાં સ્વરૂપોની વાત છે. છેલ્લે એમનાથી કહેવાઈ ગયું છે તે સાચું છે કે

> ‘‘આ વ્યાખ્યાનો દ્વારા જુદે જુદે દૃષ્ટિકોણેથી દર્શન જ નહીં, પરિશીલન પણ કર્યું છે.....લોકહૃદયના પ્રતિબિમ્બકનું કર્તવ્ય તો લોકસાહિત્ય જ કરી શકે છે. વ્યક્તિપ્રભતિભાનો સર્વથા અભાવ.... એનો મોટો ગુણ. સમષ્ટિની જ એ ઉત્પત્તિ ને સંપત્તિ...... અને એનું સર્વોચ્ચ સામર્થ્ય તો એની શ્રાવ્યતા....સાચા અર્થમાં એ વાઙ્મય છે.’’
> (‘લોકસાહિત્ય અને ચારણી સાહિત્ય’, 1997; પૃ. 152)

આ વ્યાખ્યાનો લોકસાહિત્ય પરની મેઘાણીની જીવનભરની પરિપક્વ વિચારણાનું એમણે કરી આપેલ દોહન ગણાય. અગાઉ છેક 1925થી એમના જુદા જુદા લોકસાહિત્યના સંગ્રહોની પ્રસ્તાવનાઓ નિમિત્તે જે અભ્યાસ–ચિન્તન થતાં રહેલાં તે વિવેચન-લેખોના બે સંગ્રહો મળેલા : **‘લોકસાહિત્ય ભાગ 1લો’ (1939) ને ‘ધરતીનું ધાવણ (લોકસાહિત્ય ખંડ બીજો)’ (1944).** –1માં મુખ્યત્વે ગીતચર્ચા, ને –2માં ચર્ચા કથાની. પણ એમના શતાબ્દીવર્ષમાં (1997) એમની સમગ્ર લોકસાહિત્યવિવેચના બે ગ્રન્થોમાં સંકલિત રૂપે મળે છે : ‘લોકસાહિત્ય – ધરતીનું ધાવણ’ અને ‘લોકસાહિત્ય અને ચારણી સાહિત્ય – વ્યાખ્યાનો અને લેખો’. એમ, હવે આ વિષયની મે-ઘાણીવિવેચના એક સ્થળે ઉપલબ્ધ છે. પણ એમની આ વિવેચના બાબતના એમના બે ઉદ્ગારો નોંધપાત્ર છે. –1ના નિવેદનમાં (1939) લોકસાહિત્ય-સંશોધનને ‘‘જીવનનું આદ્યધ્યેય’ કહે છે ને છેલ્લે આત્મનિરીક્ષણ છે તે ફરીથી દોહરાવવું ગમે :

> ‘‘આ પુસ્તકોમાં પડેલું તમામ લેખન શુદ્ધ શાસ્ત્રીય ન કહેવાય. પણ લોકસાહિત્યના વિષય પર જેમને ઉદ્યમ કરવો હોય તેમના ખપની પુષ્કળ અસલ સામગ્રી મેં તેમાં એકઠી કરી મૂકી છે.’’
>
> (1939)

ને મુંબઈ યુનિવર્સિટીનાં વ્યાખ્યાનોના સમાપનમાં કહે છે :

> ‘‘મારી વિવેચના 1924થી લખાતી રહી છે. એનો વિવેચનદેહ આપોઆપ જ બંધાતો રહ્યો છે.... વિષયના સેવનમાંથી મને જે જે સ્ફુરતું ગયું તે તે હું મૂળ સાહિત્યબળોને સુસ્પષ્ટ બનાવવા ખાતર લખતો ગયો છું.’’ (1944)

આ બળોમાં ગ્રામસાહિત્ય પણ આવે, નવલ–નવલિકા–નાટક જેવું સાહિત્ય પણ આવે; રવીન્દ્રનાથ જેવાનું વિશ્વદૃષ્ટિવાળું સાહિત્ય પણ આવે ! મેઘાણીની કલમનાં વ્યાપ, વેગ ને વિવિધતા તો આશ્ચર્યકર છે જ, પણ પોતે, પાછા, પોતાના કોઈ સુંદર આવિષ્કારના મોહપાશમાં ફસાતા નથી ! શ્રેષ્ઠની ખોજ જાણે ચાલુ રાખે છે, એ અત્યંત નોંધપાત્ર ન ગણાય ? જાણે ઊંચે ને વધુ ઊંચે ન્હાનાલાલના પેલા વિહંગરાજની માફક

‘.......પાંખમાં ભરી અનન્ત પ્રેરણા,

સાગરને નથી સામા તીર’

કરીને ઊડતા જ રહે છે ! પરિણામે એમની અંતની કૃતિઓ, એ જાતની એમની પૂર્વકૃતિઓને મુકાબલે વધુ ને વધુ ‘સાહિત્યબળ’વાળી બનતી દેખાય છે. એમની અનુવાદ-રૂપાન્તરકળાની અવધિ છેલ્લે (‘રવીન્દ્રવીણા’); એમની લોકકથાસમીક્ષા ને સંપાદનનો શ્રેષ્ઠ નમૂનો છેલ્લે (‘રંગ છે બારોટ’); એમની કરુણાસભર માનવપ્રેમકથા–વિશ્વસાહિત્યમાંય વિરલ એવી છેલ્લે (‘માણસાઈના દીવા’); એમની, આમ તો ક્ષેત્રકાર્યડાયરી, પણ પોતાને સહાયભૂત થનારના ઋણભાવે ભીંજાયેલી ને સ્મૃતિજળે ખખળતી એમની શ્રેષ્ઠ સ્મૃતિસંહિતા તે છેલ્લે (‘પરકમ્મા’ અને ‘છેલ્લું પ્રયાણ’).......એમની જ શબ્દસૃષ્ટિઓનું એમનું આ અતિક્રમણ આકર્ષક છે !

●

# 10
# કવિરંગ અને કથારંગ

**'રવીન્દ્રવીણા'**

મેઘાણીનું પહેલું જ ગીત ('દીવડો ઝાંખો બળે') રવીન્દ્રીય રહસ્યાનુભૂતિની ઝાંખી જેવું હતું, ને પછી પણ રવીન્દ્રકવિતા મેઘાણીચિત્તે પડઘાતી રહી હતી; પણ પોતાની 'તેત્રીસની..... વિકલ સંતૃપ્ત દશા'માં એક સ્નેહીદીધી રવીન્દ્રનાથે કરેલી પોતાનાં બંગાળી કાવ્યોની 'સંચયિતા' નોળવેલ જેવી 'નિત્યસંગિની' બની રહી હતી. તેમાંનાં ઘણાં (ને અન્ય સ્થળેથી થોડાં) રવીન્દ્રકાવ્યોનું ગુજરાતીમાં અનુરણન તે **'રવીન્દ્રવીણા' (1944).** કાવ્યાનુવાદ નથી, 'ટ્રાન્સલેશન' નથી; અનુસર્જન છે, 'ટ્રાન્સફ્યુઝન' છે. મૂળ બંગાળી રવીન્દ્રયોજિત છંદ/ઢાળ લયબદ્ધ પઠનાનુરૂપ છે; એને અનુરૂપ ગુજરાતી છંદે મેઘાણી ઢાળે છે, ત્યારે 'પ્રાણતત્વે પચાવી પુનરુચ્ચારિત' કરે છે. કહે છે :

> ''સાચું તો આ છે, કે મૂળ કૃતિઓએ મારા ચિદાકાશમાં, મારા અંતસ્તલમાં શક્ય તેટલી આત્મસાત્ થઈ ગયા પછી, પોતાની મેળે જ મારા દ્વારા ગુજરાતી અવતાર ધારણ કરેલ છે : બહિરંતર બેઉ રૂપે ગુજરાતી.'' (નિવેદન)

એમ આ અનુ-'કરણ' નથી, અનુ-રણન છે, એની ચર્ચા છેડીને મેઘાણીએ પોતે જ ચર્ચકોને પણ મુદ્દા પૂરા પાડ્યા છે ! પણ મૂળ બંગાળી તે 'ઢાકઈ મલમલ' ને મેઘાણીની તે 'કાઠિયાવાડી લોબડી'-વાળી વાત તો અતિરંગી ગણાય. રવીન્દ્રનાથે પોતે પોતાનાં બંગાળી ''ગીતાંજલિ''નાં કાવ્યોને અંગ્રેજીમાં ઢાળતાં, એ કેવાં ફેરરૂપે મળે છે ! કબીરવાણીને એમણે અંગ્રેજીમાં ઢાળી

તેમાં પણ એમ થયું છે ! કાવ્યાનુવાદ બહિરંગે ફરે તેમ અંતરંગેય થોડો ફેર પડે જ. પણ મહત્વનું આ છે :

"આ કૃતિઓની ચરમ કસોટી એક જ છે : સ્વતન્ત્ર

રચનાઓ તરીકે એ કેટલો રસાસ્વાદ આપી શકે છે ?"

(નિવેદન)

'જાગેલું ઝરણું' જાણે પ્રભાતીમાં નારસિંહી લલકારે જગાડે છે :

"ખેસવો પાખાણ, બારણાં ખોલો,

નહીં રહું બંધિયારે રે,

પ્રાણ જાગ્યો પછી હામ કોની મુને

પૂરવા પાતાળ-તાળે રે ?......"

તો, 'અભિસાર' મૂળમાં સળંગ એક છંદમાં છે, તે અહીં ખંડકાવ્યની ઢબે છ છંદોમાં : વસ્તુખંડોને જોડવા અનુષ્ટુપ્; પછી માલિની પાંચ વાર, દ્રુતવિલંબિની – મંદાક્રાન્તા ચાર-ચાર વાર અને ઉપેન્દ્રવજ્રા-સ્રગ્ધરા એક-એક વાર. સ્રગ્ધરાચિત્ર જુઓ :

"ઓચિંતો આભ ફાડે લસલસ વીજળીજીભ ઝૂલન્ત ડાચું."

ને મંદાક્રાન્તા –

"ગેગેલા એ શરીર ઉપરે ફેરવી હાથ ધીરો....'

એમાં 'ગેગેલા' ને 'ધીરો' બન્ને મેઘાણીનાં ઉમેરણો. 'મરતા બાળકનું આશ્વાસન'માં બાળક તે પડઘો કે માની લટોમાંનો હવાહિલોળો કે મોજું –

"લાંબી લટોમાં રમું ઓળકોળાંબડે

ગૂંથશે તું જ્યારે અંબોડો, હો મા !

*

ચંદન-તલાવડીના નીર મહીં ના'તી

જોઈ જૈશ હું તને જ્યારે,

મોજું બનીને તારે અંગઅંગ મા'લીશ......"

એ મેઘાણીનાં સજીવાંકનો છે. કે જેની ચર્ચા બહુ થઈ છે તે, ‘સોનાનાવડી’માં ધાનવાઢી ઢગલા કરનાર કોણ ? કવિવરને મન નર હોઈ શકે; બંગાળીમાં જે લિંગ-અભેદ છે તેનો લાભ લઈ, આટલાં કારુણ્ય-ઔદાર્ય ને કાર્યરતતા એ તો આપણા કવિને, નારીપક્ષે લાગ્યાં છે. આમ ‘પોએટ્સ લાયસન્સ’ – કવિની અનન્યપરતન્ત્રતાનો સાધિકાર વિનિયોગ મેઘાણી કરે છે. એથી તો ‘જૂતા-આવિષ્કાર’ જેવાં કેટલાંય રવિકાવ્યો હવે તો ગુજરાતી થઈને ફરે છે ! એ કાવ્યનું રૂપાન્તર કલાત્મક – મૂલાનુસારી છતાં – છે : રાજાજીને પગે ધૂળ ચોંટતાં, આટઆટલા અધિકારીઓ પગાર ખાય છે છતાં આનો કોઈ કેમ ઉપાયે નથી કરતું એ વિષે કોપાયમાન છે. મૂળની વાણી છે :

> ‘‘તોમરા શુધુ બેતન લહ બાંટિ’’
>
> (‘તમારા પગાર તો બરાબરના લઈ લો છો !’)

મેઘાણીમાં રાજામુખવાણી છે :

> ‘‘મારા બેટા ! બેઠા બેઠા મફત મુસારો ખાવ’’

રાજાના ઠપકાનું રવીન્દ્રી પ્રભાવચિત્ર જોડે મેઘાણીનું સરખાવો :

> ‘‘આંધાર દેખે રાજાર કથા શુનિ,
>
> જતનભરે આનિલ તબે મન્ત્રી,
>
> જેખાને જત આછિલ જ્ઞાની શુની,
>
> દેશેવિદેશે જતેક છિલ જન્ત્રી
>
> બશિલ સબે ચશમા ચોખે આંટિ
>
> કુરાયે ગેલ ઉનિશ-પિપે નશ્ય.......’’

*

> ‘‘બાપુનો હુકમ સુણી કોપ્યા ગબા કામદાર આંખે આવ્યાં અંધારાં
> ને લૂવે મોઢું ખેસથી, લખાણા કાગળ અને વે’તા મેલ્યા હલકારા,
> વિજ્ઞાની–જ્ઞાનીને એણે તેડ્યા દેશદેશથી ચશમાંની ડાંડી જેની ઘસાઈ
> ઘસાઈ છેડે.......’’

આવું ઘણું અહીં મનહર છે. રવીન્દ્રથી આરંભાયેલ કાવ્યયાત્રા ‘રવીન્દ્રવીણા’થી પૂરી થાય છે ! તે ય પોતીકા નાદરવ સાથે !

"ઘર, ઘરર, ઘરર મેઘઘટા ગગને ગગને ગરજાટ ભરે.....
મધરા મધરા મલકાઈને મેડક મેહ-શું નેહ-શું બાત કરે.....
ઘનઘોર ઝરે ચહુ-ઑર, મારું મન મોર બની થનગાટ કરે....."

## કલમનો હિસાબ

'ઘનઘોર ઝરે ચહુ-ઑર' એવી પોતાનીયે પરિસ્થિતિ હતી. શીતળાવાળા બાળકની સેવાચાકરી; પત્નીનીયે માંદગી હોય, ત્યારે રસોઈ; પોતાનેય ભાતભાતની માંદગી – ગાઉટ, હરસ, આંખ, આંગળાંની ધ્રુજારી ! મોટો પુત્ર વરાવ્યો ને મોટી પુત્રીનું વેવિશાળ કર્યું, પણ બાકીનાં સાતની ને માતાની – એમ બારેકની જવાબદારી; મહેમાન – મૈ – આવતાં-જતાં હોય જ ! ટૂંકી આવક જીવનભર વેંઢારી એની વાત લેખકમિલનમાં (1945) જાહેરમાં કહી છે : જાણે જાહેરમાં જીવનનો હિસાબ આપે છે :

"(1922માં) 'સોરાષ્ટ્ર' પત્રમાં રહ્યો. કલકત્તામાં ઍલ્યુમિનિયમની ફૅક્ટરી છોડી...... એમાં મેં કોઈ ભોગ આપ્યો એમ હું નથી માનતો. મારા આત્માના ક્ષેત્રમાં આવ્યો...... ચોવીસ વર્ષે મુક્ત થયો ત્યારે પગાર હતો રૂપિયા એકસોપચાસ...... જાત નિચોવીને........છાપાનું કામ. એ ન હોય ત્યારે લોકસાહિત્યની શોધમાં પ્રવાસો.....પાછા આવીને પુસ્તક-સાહિત્યલેખન...... ભેટવાર્તા પણ તે કંપનીની માલિ-કીની.....1930માં જેલમાં ગયો ત્યારે પાછળ બાળબચ્ચાંને રૂપિયા ચાળીસમાં ચલાવવું પડેલું...... 1934માં 'જન્મભૂમિ'માં......શરૂ-આતમાં સવાસો, પછી દોઢસો, પછી પૉણાબસો.....1936માં પાછો રાણપુર.......(એમ) ગુજરાતને મેં ચોવીસ વર્ષ આપ્યાં તે ઉપકાર કરવા નહિ. બીજે રૂપિયા હજારેક ઉપર મળતા હોત પણ મેં...... ઊર્મિને ને ભાવનાને સંકેલી દીધી હોત. આ ક્ષેત્રમાં મેં જે મેળવ્યું તે ત્યાં ન મળત.....યાતનામાંથી લેખકે નીકળવું પડે......પૈસાની વાત કરતાં એટલું યાદ કરવાનું ન ભૂલશો કે તમારામાં સત્વશીલતા કેટલી છે, તમારું ભાતું શું છે....... ભાતા વિના પ્રવાસ કરવો છે ? લેખકના વ્યવસાયને સ્પ્રિંગબૉર્ડ માનો છો ? વીસ, પચીસ, ચોક્કસ વર્ષ આ ક્ષેત્રે આપવાં છે એમ નક્કી કરો....." ('અંતરછબિ'; પૃ. 535-537 પરથી ટૂંકાવીને.)

એક સ્નેહીને 'તમે કેમ લખો છો ?' એમ પુછાવતાં એનો એમણે આપેલ જવાબ (પત્રાંક 421 : 'લિ. હું આવું છું' પૃ. 474) મહત્વનો છે. પણ એનો સાર આ છે :

> ''પરિશ્રમ.......મેં કર્યો છે, કદી દિલચોરી રાખી નથી; સહેલાઈથી અને સસ્તે ભાવે સાહિત્ય સર્જાવી નાખવામાં મેં માન્યું નથી અને એવા સતત પરિશ્રમની વચ્ચે મેં કોઈ પણ બાહ્ય પ્રલોભનને આવવા દીધું નથી. સભાઓનાં પ્રમુખસ્થાનો, જાહેર ચર્ચાઓની વાંઝણી કડાકૂટ, મોખરે સ્થાન મેળવવાની મહત્વાકાંક્ષા, બંધારણો અને વાદોના ઝઘડા, એ બધી સાહિત્યના તપોવન પર ત્રાટકનારી અપ્સરાઓના રૂપમાં હું અંજાયો નથી.......''

કલમપ્રીતિને કારણે બધું સહ્યું ! કલમની પાછળના વહીવટદારોનેય વેઠાય ત્યાં સુધી વેઠ્યા, પણ આખરે ''ફૂલછાબ'' છોડ્યું (30-9-1945). તે પહેલાં ત્યાં કામ ઓછું કરી નાંખેલું ને ''ઊર્મિ-નવરચના''માં પ્રાસંગિક નોંધો 'વહેતાં પાણી' મથાળે, ડાયરીનાં પાનાં, પછીથી 'રંગ છે બારોટ'માં મુકાઈ તે લોકકથાઓ વગેરે હપતે હપતે શરૂ કરેલું. બોટાદમાં સૌનો સમાવેશ થાય એવા પખ્તાણવાળું મકાન તો હતું જ. રાણપુર – 'ફૂલછાબ' – છૂટ્યું એ થોડીક માનસિક રાહત હતી.

## 'રંગ છે બારોટ !'

મેઘાણી કથાપ્રેમી છે. આરંભ કથાથી કર્યો હતો; 1945માં નિવૃત્તિ-ટાણે પણ પહેલી હાથ પર લીધી કથા – લોકકથા. પાછલી નોંધપોથીઓ જોઈ. એમાં હજી વણલખી કથાઓ પડી છે ! લખી લેવી જોઈએ ! પણ કેટલુંક એના અનુસંધાને જોવું રહ્યું ! એવા ખ્યાલે, પોતે કલકત્તા હતા ત્યારે જ, દિનેશચંદ્ર સેને કલકત્તા-યુનિવર્સિટી સમક્ષ આપેલાં વ્યાખ્યાનો પ્રસિદ્ધ થયાં હતાં : (ડેમીનાં સાડાત્રણસોક પાનવાળું લોકકથામીમાંસા જેમાં વિગતે ચર્ચાઈ છે તે ('The Folk-Literature of Bengal', 1920) એ પુસ્તક આખું ધ્યાનથી જોઈ જાય છે. 1917માં થયેલી ને 1920માં પ્રગટેલી ઉચ્ચ વિદ્યા-કક્ષાની વિગતસભર દૃષ્ટાન્તોવાળી, વિશ્વની લોકકથાને અનુસંધાને થયેલી, પહેલી ભારતીય લોકકથામીમાંસા. એમાંની કેટલીક – જે ગ્રિમ વગેરેમાં

પણ છે ને યુરોપમાં જાણીતી છે તેવી – પોતે ગુજરાતીમાં પણ સાંભળી–નોંધી છે. એ અંગેના સેનનાં અવલોકનોને ચકાસવાં જ રહ્યાં. વળી વાંચેલું કે આગલે વર્ષે જ (1944) વેરિયર એલ્વિનનો (જન્મ 29-8-1902; મૃત્યુ 22-2-1964 : ઑક્સફર્ડનો અંગ્રેજ નૃવંશશાસ્ત્રી, પ્રોફેસરમાંથી પાદરી–માંથી આપણી રાષ્ટ્રીય લડતનો એક મહત્વનો સેનાની–માંથી આદિવાસીસેવક–માંથી ભારતીય આદિવાસીઓને જ જીવનકાર્ય ગણનાર જાણે વનનું જ – લાખ્ખોમાંનું એક પાંદડું – પણ ખખડતું : 'Leaves From the Jungle'; 'લીડ કાઇન્ડલી લાઇટ'વાળી પ્રાર્થના ગાંધીનાં ભજનોમાં ઉમેરાવનાર, નૃ-વંશશાસ્ત્રના વ્યુત્પન્ન પંડિત, કવિ ! જીવન જ જેનું એવી અદભુત લોકકથા ! – એમનો) મધ્યપ્રદેશની એકસોપચાસ લોકકથાઓનો – નોંધો ને સમીક્ષા સાથેનો, જેને એક લોકવિદ્યાવિદે 'a landmark in the exploration of the intellectual history of mankind' કહ્યો છે ('The Tribal World of Verrier Elwin', P.B., 1992; Page 151) તેવો લોકકથાસંગ્રહ 'The Folktales of Mahakoshal' લંડનથી પ્રસિદ્ધ કર્યો. તરત મહેનત કરીને મેળવ્યો. એમાંની મોટિફની ચર્ચા તો કદાચ ભારતમાં સર્વપ્રથમ. વિશ્વસ્તરે એ ત્યારનો છેલ્લામાં છેલ્લો કથાઅભ્યાસ-અભિગમ. એ પુસ્તક ધ્યાનથી વાંચ્યું. બીજું પણ ઘણું જોયું–વિચાર્યું–ચકાસ્યું. એ બધાંના અનુસંધાનમાં જે લોકક-થાસંપાદન મેઘાણીએ આપ્યું તે 'રંગ છે બારોટ !' એટલે આ સંગ્રહ મહત્ત્વનો છે. કોણ જાણે કેમ પણ જેમ 'રાજા-રાણી' જેવું નાટક વિવેચકોની દૃષ્ટિબહાર રહ્યું તેમ આનું પણ બન્યું છે ! એટલે કાંઈક વિગતે વાત કરવી ઉચિત છે.

બીજી એક ચોખવટ પણ જરૂરી છે : લોકગીત એના ઢાળથી એવું જકડાયેલું હોય છે કે એમાં ફેર શક્ય નથી, થાય તો પકડાય ! એટલે એનું સંપાદન પણ પ્રમાણમાં સહેલું. (જોકે એના સંપાદનના પ્રશ્નો વળી સાવ જુદા જ છે.) વળી, આ ઢાળ કે ગાનલઢણના આગવાપણાને કારણે એ યાયાવર નથી; લોકકથા છે. એ શબ્દની અનિબદ્ધ મુક્ત સરજત છે જે વસ્તુને કારણે આકર્ષે છે. ત્યાં ફેરફાર શક્ય છે. એટલે જીભે જીભે કથા ફરતી રહે છે. કથા યાયાવર છે, વિશ્વચારી. એટલે એક જ વાત કાળે કાળે, વ્યક્તિએ વ્યક્તિએ ને દેશે દેશે કે ભાષાએ ભાષાએ જૂજવાં રૂપ લે છે – વસ્તુની સમાનતા હોય છતાં ! પરિણામે કેટલીક કથાઓના તો વંશો ફાલ્યા છે ! દા. ત. ઇડીપસ. 'કોનું બીજ ?' 'ક્યાં ઉછેર ?' 'કયાં માબાપ સાચાં ?' આ પ્રશ્નોવાળી વાતોનો

પાર નથી ! નાયક કે નાયિકાની એ મૂંઝવણ ને ઉકેલના પ્રયત્નોનું 'મોટિફ' વિશ્વવ્યાપી છે. અહીં 'બાપુ ભાલાળો' એવી કથા છે. આવાં તૈયાર વસ્તુઘટકો લઈને લોકકથાઓ અવનવાં રૂપો લે છે. સમાન વસ્તુઘટકોવાળી કથાઓના તુલનાત્મક અધ્યયનમાંથી મૂળકથાની યાત્રા અને ક્યારેક તો એનું મૂળ રૂપ (એની કલ્પના) પણ તારવી શકાય. એ પદ્ધતિનો વિનિયોગ પ્રચલિત બનતો હતો – 'મોટિફ'ની તારવણી ને સારવણીનો – ત્યારે જ 'રંગ છે બારોટ' પ્રગટ્યું; ને એ પદ્ધતિનો પ્રથમ વિનિયોગ જે ભારતીય કથાઓમાં વિગતે ચર્ચાયો, તથા 'મોટિફ'ની પણ જેમાં વિગતે ચર્ચા થઈ તે પુસ્તક વેરિયર એલ્વિનનું મહાકોશલની લોકકથાઓનું; પણ એ પછી તરત આવતું 'રંગ છે બારોટ' એ આપણે ત્યાં તો લોકકથાસંપાદનની/અભ્યાસની પ્રવેશપોથી ગણાય એવું છે.

કથા પરિવર્તનક્ષમ છે માટે જ સંપાદકની અહીં કસોટી છે. એણે વધુમાં વધુ સંયમ રાખવો પડે. એણે જેમાં લોકપરંપરા પૂરી જળવાઈ હોય એવી જ કથા ને જેણે પરંપરા જાળવી હોય તેવો જ કથક પસંદ કરવો પડે. બન્ને વિષે વિગત પણ આપવી પડે. અહીં મેઘાણી પોતાના માહિતીદાતાઓને, ને એમને (એ માહિતીદાતાઓ કે કથકોને) કથા ક્યારે/કેમ મળેલી તેની વિગત પણ આપે છે. (ક્યાંક નામ નથી, તો ગપ્પું મારતા નથી !!) અહીં પણ એમનું 'ઈમાન' કામ કરે છે :

> "મેં સંગ્રહેલી વાર્તાઓમાં લોકકથાઓ જે સ્વરૂપે અને ભાષામાં મને મળેલ છે તે સ્વરૂપ અને ભાષાને અકબંધ મૂકવાની મારી દૃષ્ટિ છે."

અને આ ક્ષેત્રમાં કામ કરનારને કહે છે :

> "મૂળ કંઠસ્થ સ્વરૂપને કશા ફેરફાર વગર પકડી લેવું." (ત્રીજી આવૃત્તિ, 1958 : પ્રવેશક, પૃ. 36 અને 37)

વળી, ના કહ્યું હોત તો કોઈને ખબરેય પડવાની નહોતી છતાં ઉમેરે છે કે અહીં આ દૃષ્ટિ હજી વિકસી નહોતી ત્યારની બે લોકકથાઓ નોંધપોથીમાંથી ઉતારી છે ('દરિયાપારની દીકરી' અને 'ખાનિયો') પણ એ બે પણ નમૂનેદાર પુનઃકથન ('re-telling') છે – મૂલાનુસારી. વળી, બન્ને અલગ અલગ પ્રવાહના સરસ નમૂના છે – એક ચારણી ઢબનો ને બીજો 'સહસા વિદધીત ન ક્રિયામ્' જેવી સંસ્કૃત-પ્રાકૃતમાંની બોધકથાપરંપરાનો. મેઘાણીએ અહીં આપેલી કથાઓના શૈલીની દૃષ્ટિએ બે સ્પષ્ટ મોટા વિભાગો પડી જશે : (1)

કેવળ કથનવાળી (ગદ્યાત્મક) કથાઓ (ક્રમાંક 1, 2, 4, 5, 6, 7, 9, 10, 12) અને (2) ગાનવાળી (ક્રમાંક 3, 8, 11). જરા ઝીણી નજરે જોતાં આ બાર કથાઓમાં આઠ અલગ પડી જતા નમૂના છે !

**1 : વિક્રમકથા :**

અહીં સાહસ-ચમત્કૃતિભર્યા પ્રસંગોવાળી ચાર વિક્રમકથાઓ છે : 1. વિક્રમ અને ખાપરો; 2. વિક્રમ અને પ્રભાત; 4. ચાર સાર, અને 5 : પરકાયા-પ્રવેશ. ચારેય જેઠા બારોટદીધી કથાઓ. 1 : રાત્રિચર્યક રાજા-ખાપરો, ગાંગલીની સરદારી નીચે રાણીસહિત ચાર સ્ત્રીઓને મંત્રબળે વડલો ઉડાડી, અજાબેટે જતી જાણી, પોતેય ત્યાં પહોંચે ! ત્યાં એ જ (રાજા) સ્વયંવરાય, ને પેલાં પાછાં ફરે એમ જ છુપાઈને પાછા ફરે, પણ ઢોલિયે પોઢેલ

રાજાના વાળમાં ચોંટેલ એક ચોખાના દાણા પરથી ચતુર રાણી રાજકૃત્ય પારખી, એને પોપટ બનાવી દે ત્યારે ખાપરો રાજાને ઉગારે. 2 : પરદુઃખભંજન વિક્રમ ચર્યા દરમિયાન, પાટણના રાજાને રોજ ઊકળતે તેલકડે તળાવું પડતું એ દુઃખ પોતે વહોરીને ઉગારે ! પોતાના ઉતારાવાળી માલણના પુત્રને ડાકણ મનાતી કુંવરીના ભક્ષ તરીકે જવાના વારામાં જાતે જઈ, કુંવરીના મોંમાંથી નીકળેલ નાગને હણી, કુંવરીને ને માલણને બચાવે; વળી નાગનું મસ્તક એની માતાને આપીને નાગલોકવાસ અને નાગકન્યા પણ પામે. 4 : બધસાગરો રાજમહેલે ચાર સાર ચોંટાડે જેથી રાજા, માતાપડખે પુરુષવેશે સૂતેલી બહેનને હણવામાંથી બચે ('ક્રોધે વિમાસણ સાર'ને લઈને); સર્પદંશની આગાહી જાણતાં, જાગતો રહે અને ફૂલ-દૂધકૂંડાથી નાગને પ્રસન્ન કરી, બચે ('જાગ્યા સો નર', 'વેરીને આદરભાવ' એ બીજા-ત્રીજા સારને લઈને); ખોટી વાતે સ્ત્રીથી ન દોરાય ને બચે (આવે ટાણે સ્ત્રી પર કડપ રાખવાના ચોથા સારને લઈને). 5 : 'પરકાયાપ્રવેશ' પણ વિક્રમકથા છે. નજીવાનગરીની ક્ધયાને વિક્રમ ઢૂંઢિયા રાક્ષસથી બચાવે; પણ રાજાને રાક્ષસથી બચાવે એક ઠૂંઠો ગોવાળી ! એના બળિયા ધોબીની દોસ્તી કરતાં; પોતાને મળેલ પરકાયા-પ્રવેશમંત્ર એને પણ આપતાં, એક મૃગના શિકાર વખતે ધોબી રાજાને મંત્રપરીક્ષા કરવાનું કહી, જેવો રાજા પોતાનું ખોળિયું છોડી મૃગનામાં પેસે કે પોતે રાજખોળિયે પેસી જાય, ત્યારે અકળાઈ પોતાને દેવળે માથા પટકતા, મૃગરૂપ રાજાને મા-કાળકા એક મૃત પોપટને દેહે પ્રવેશાવે; પછી જ્યારે પોતાના પ્રિય

ઘેટાને મરેલો જોતો ધોબી એને ઘડીભર જીવિત જોવાની રમત કરવા જાય કે રાજા પોતાના મૂળ દેહે પ્રવેશે ને છેવટે ઘેટું બનેલ મિત્રને પણ એક વણિક-દેહે પ્રવેશાવી ક્ષમા આપે. ભારતીય પરંપરાની મૂળ વિક્રમકથામાં મધ્યકાળે કેટલાક ચારણીય અંશો ભળ્યા દેખાય.

## 2 : ચારણી શૈલીની કથા

સ્પષ્ટ રીતે ચારણી શૈલીની તો છે દરબારસાહેબ વાજસુર વાળાએ 1921માં મેઘાણીને કહેલી તે, મેઘાણીને લોકકથાસંપાદનમાં પ્રવેશ કરાવનાર કથા ‘દરિયાપીરની દીકરી’. જતિમંત્રેલ તેલથી બચી જનાર રાણી જતિને તો બરાબરનો પાઠ પઢાવે છે પણ એણે ફરી મોકલેલ પૂતળાના કામણ--ટૂમણથી બચવા એને દરિયે પધરાવાતાં એ સજીવ બની ખુદ દરિયાપીરને રાણીનો સમાગમ કરાવે, ને જતાં જતાં દેવ પુત્રીજન્મે તેનાં લગ્નની કંકોતરી મોકલવાનો આદેશ દેતા જાય. પણ પુત્રી ઉમાના લગ્નની કંકોતરી સમયે મોકલાતો હાર શાપિત છે ! પરિણામે ઉમા-અચળાનો વિયોગ થાય ને છેવટે સંયોગ પણ. આમ જતિકથા, નાગકથા, માનવના દેવતા સાથેનાં લગ્નની કથા, ને માનવપ્રેમમાં હાર જેવી શાપિત સંપત્તિની હરકતની કથા – એમ ચારેક કથાઓ લડાવીને લંબાણથી કહેવાઈ છે. (આ સંગ્રહની આ લાંબામાં લાંબી કથા !) આમાંના બધા જ દુહા તો દરબારસાહેબે જ લખી આપેલા ને કથા મેઘાણીએ ત્યાં જ ટપકાવેલી એની સાહેદી દરબારસાહેબે જ પૂરી છે : (‘ઝવેરચંદ મેઘાણી – સ્મરણાંજલિ’ સં. નિરંજન વર્મા – જયમલ્લ પરમાર; ‘ફૂલછાબ’; 1947; પૃ. 80–81)

> “ ‘રંગ છે બારોટ’ની દરિયાપીરની દીકરીવાળી વાત.... અહીં આ ગઢમાં બેસીને ‘22ની (?) સાલ દરમ્યાન લખી લીધી હતી. તે પછી છાપવાવેળાએ તેમણે મને મોકલી હતી. મેં કેટલુંક સુધાર્યું ને કેટલાક ફેરફાર સૂચવ્યા.....દુહા અહીંથી લઈ ગયેલા.” (80)
>
> “ઝવેરભાઈની લખવાની ઝડપ તો ગજબની. હું વાતો કરું એ ટપકાવી લે. એક બાજુ જઈને નિરાંતે પૂરી કરી લે. એ પછી મને વંચાવી જાય.” (81)

અહીં સંપાદનપદ્ધતિ અને કથકનું અનુસરણ બન્નેની સાખ પુરાય છે.

### 3 : નાગકથાઓ

'નાગ અને બામણ' અને 'ભેરીઓ ને ભૂજીઓ' (બોટાદના બળવંતભાઈએ કહેલ તે) બન્ને, આમ તો અદ્‌ભુતકથાના વર્ગમાં (વિક્રમકથા – દરિયાપીરકથાની માફક) આવે પણ જેમ વિક્રમકથા એની અલગ વસ્તુપરંપરા ને પાત્રને કારણે અલગ બને છે તેમ આ પણ. કથાશૈલી પણ અલગ છે : ભાષાભભક નથી, પદ્યનાં પહેરામણાં નથી કે અલંકારોનાં ઓઢણાં નથી. કથન સીધું વહ્યે જાય છે; વસ્તુનો આધાર છે પાક્કી લોકમાન્યતાઓ : નાગ ભંડારરક્ષક; ફૂલે ને દૂધે રીઝે; રૂઠે-ત્રુઠેય તે; નાગલોક અલગ છે; જન્માન્તરો પણ છે; હેમાળે હાડ ગાળ્યે પુણ્ય કે ધાર્યું ફળ આપનાર અવતાર મળે જ મળે !

રોજ દૂધ મૂકનાર બ્રાહ્મણને વાવમાંનો નાગ રોજ એક મહોર આપે; એને બદલે એક દી એના પુત્રને જવાનું થયું ને પછી એ ભંડારને લોભે નાગને મારવા ગયો ત્યાં નાગ ડસ્યો ને પુત્ર મર્યો છતાં બ્રાહ્મણે દૂધ પાવાનું ન છોડ્યું; એટલે નાગે એને પોતાને હેમાળે લઈ જઈ પૂંછડીએથી ફેરવીને ત્યાં ફેંકી દેવા, ને પછી પોતે રક્ષેલ ભંડાર હસ્તગત કરવા જણાવ્યું. એમ એ ફંગોળતો હોય છે ત્યારે નાગ હસ્યો ! કારણ પૂછતાં એણે એને દિલ્લીપાદશા પાસે, એણે વળી પેરમના ને એણે વળી રૂમશાના પાદશા પાસે ધકેલ્યા કર્યો ! રૂમશાવાળાએ કહ્યું કે ત્રણે મૂળ કૂતરીના કાનનાં ગિંગોડાં, સમળી-ચાંચે હેમાળે પડી, પાદશાઅવતાર પામ્યાં; ત્યારે છેક હેમાળે ગયેલ આવો આ દ્રવ્યલોભે પાછો જાય છે એ વિચારે નાગ હસ્યો. એ જાણીને એય હેમાળે ગળ્યો. ને પાદશાહને ત્યાં જન્મ્યો તો ખરો પણ રાણીને આ કાળો લાગવાથી એક પીંજારાના પુત્ર જોડે અદલબદલ કરી; પણ ત્યાં પણ એનાં રાજવટનાં લક્ષણોથી આખરે એ રાજ પામ્યો. અહીં જન્માન્તરની કથાઓ છે. એક કથામાં ત્રણ કથાઓ એકમેક સાથે ગૂંથાયેલી છે : નાગ-બ્રાહ્મણ કથા; ગિંગોડાં પાદશાહ બન્યાની કથા ને બ્રાહ્મણના ઉત્તરજન્મની કથા. અવાન્તરકથાસંચલન નથી, વર્ણકો--વર્ણનો નથી, એક જે જોડકણું છે તે તો કથાંશ છે :

> 'તને સાલે દીકરો ને મને સાલે ઘા;
>
> એ દૂધમાં હવે કાંઈ લા ને સા !'

બીજી આ જ કથકની છે તે કચ્છના ભૂજીઆ ડુંગરની દંતકથા છે. આ

સંગ્રહની ટૂંકામાં ટૂંકી કથા. ભલભલા નાગને મોરલીથી નાથનાર ભૂચર-ખેચર વિદ્યામાં પ્રવીણ એવા રાજકુમાર ભેરીએ, સિંધુકાંઠાની લાખા ગણિકા નવસો-નવ્વાણુ નાગ લઈને એને નાથનારને જ વરવાનું વેણ લઈને બેઠાનું જાણી, ત્યાં પહોંચી એક પછી એક નાગો નાથવા માંડ્યા, પણ છેલ્લો છટક્યો, ને આકાશપાતાળે દષ્ટઅદષ્ટ અનેક રૂપે છટકતો રહ્યો ને ભેરીઓ પણ એવો વાંસે એમ જ પડ્યો કે છેવટે ભૂજીએ ડુંગરે એ મોરલીની સામે આવીને ડોલ્યો ! ત્યારે ક્ષણભર એને મદ ચડ્યો ને લાખા યાદ આવી ગઈ – એ ક્ષણે નાગ ડસ્યો, આ મર્યો ! પણ એના આદેશ મુજબ એના ચેલાઓએ એને તળવા માંડ્યો ને દરિયે તવો વહાવ્યો ત્યાં કપૂર થઈને અલોપ !

**4 : ચતુરકથા**

ચતુરાઈની પરખની કથાઓ ભાતભાતની હોય. અહીં છે તે ઉખાણા--આધારિત છે. બે પૂતળીમાંથી સાચી કઈ તે પરખવી અને ચાર સવાલોના જવાબો આપવા, એ ચતુરાઈનું બીડું 'ખાનિયો' ઝડપે છે : પૂતળીના કાનનાં વીંધની કરામત એણે પકડી; એકમાં બારીક તાર બારોબાર બીજે કાનથી નીકળ્યો જ્યારે બીજીમાં પેટમાં જતો જ ગયો ! વાત પેટે રાખી શકે તે વ્યક્તિ સાચી. આ જવાબ તો કચેરી વચ્ચે આપ્યા. પણ બીજા ચાર સવાલો માટે ખાનિયો પૂછનાર ઈરાનના શાહના રાજમાં ગયો. રજવાડી ઢબે રહી, સૌને છુટ્ટે હાથે માનઅકરામ આપી રાજપ્રેમ, ગણિકાપ્રેમ, ઉમરાવપ્રેમ ને વજીરની કન્યા પણ પામ્યો. પછી પરીક્ષા લીધી : તો ગણિકા તે 'કજાતની જાત' પુરવાર થઈ; ચાહનારમાં છેક સુધી વિશ્વાસ રાખ્યો ને અડગ રહી – પ્રેમમાં અચળ; જ્યારે વજીરપુત્રી 'જાતની કજાત'. દ્રવ્યલોભે વિશ્વાસઘાત કર્યો ! ધન મળતાં પૂંછડી પટપટાવતા રહેનાર ઉમરાવો તે 'કચેરીના કુત્તા', અને કોઈ તર-તપાસ વિના દેહદંડ ફટકારનાર પાદશા' તે 'મહેફિલના ગધા'. આમ, વસ્તુનાં બે વહેણ છે : પૂતળીકથાનું એક ને સવાલોનું બીજું. પણ એથી વાર્તા રસિક બને છે. કથન સરળ : ઘરઘરમાં કહેવાય તેવું – સ્મૃતિસહજ, છતાં સુદીર્ઘ.

**5 : સંકુલ કુળકથા**

જેઠા બારોટની કહેલી કાઠીકુળકથા જુદી પડી જાય છે એમની આગલી

કથાઓથી. આ વાર્તા માટે મેઘાણી ભલે કહે કે ‘એ ઇતિહાસના પ્રદેશમાં જાય તેવી છે’ પણ એવી છાપ પડતી નથી. આરંભે સૂરજની નાગવાળી મિથ; પછી ચાલેલી કાઠીના વંશોની દંતકથાઓ; એમાં ચારણી કથાંશો ને પદ્યાંશો, પ્રશસ્તિઓ–સ્તુતિઓ, ક્યાંક ‘હજામત તે હજામની મતિ પરથી’ એવી લોકવ્યુત્પત્તિ, રાજકથાઓ ને બિરદાવળો – એમ ભાતભાતનું મિશ્રણ છે. પણ આવુંયે કથાય છે તેનો એ નમૂનો છે.

આ 1થી 5 પ્રકારો કથનપ્રધાન કે ગદ્યપ્રધાન છે; હવેના ત્રણ પદ્યપ્રધાન કે ગાનપ્રધાન છે, પણ એ પ્રત્યેક અલગ ઘાટનો નમૂનો હોઈ એક જૂથે નહીં મૂકી શકાય.

### 6 : રાસડા(‘બૅલડ’)ની કથા (ગીતકથા) :

વઢવાણના બ્રાહ્મણે કહેલ ‘બાપુ ભાલાળો’ એ મૂળમાં એક જ ઢાળવાળો ત્રણ તાળીનો રાસડો છે. એની 72 કડીઓ (144 પંક્તિઓ) વચમાં વચમાં કથાક્રમે આવતી જાય એ રીતે 1928માં વાત જે ઢબે કહેવાયેલી તેમ જ ઉતારાઈ છે. ચીચી ઝાંઝરાએ સૂરા ધાધલને મારી, એનું ગુંજવા ગામ પડાવેલું તે સૂરાનો પુત્ર બાપુ ભાલાળો કેવી રીતે પાછું મેળવે છે, ને પછી એને અભિમાન ચડતાં કેવી રીતે એનું પતન થયું તેની વાત છે. કથા પર ચારણી ઢબની કહેણીના સંસ્કાર નથી. મૂળની ગીતકથાનું જ અનુસરણ કરીને કથા કહેવાઈ છે. જેમ ચારણીરંગ નથી તેમ મેઘાણીરંગ પણ નથી, નહીં તો આરંભ-અંત આમ કેવળ વિગતો-વીંટ્યા ન હોય ! મેઘાણીનો સંપાદન-સંયમ અહીં પણ જાગ્રત છે.

### 7 : ભજનકથા

ક્રમાંક 8ની ‘જનમના જોગી’ રાણવહથ્થા સાથે ગવાતી ભરથરીના ભેખની સંવાદાત્મક ભજનકથા છે. જોષી ને માતાનો, માતા ને પુત્રનો, પત્ની ને પતિનો – એમ ત્રણ મુખ્ય સંવાદો છે. આ ત્રણ પાત્રો એથી સજીવ બને છે, ને કથા રસપ્રદ પણ એથી બને છે; નહીં તો પ્રસંગ તો સીધો-સાદો એક જ છે ગૃહત્યાગનો. પાત્રના સંવેદનની સચ્ચાઈ તે કથારસ ! માનું વાત્સલ્ય સાચું, પત્નીનો પ્રેમેય સાચ્ચો, ને ગુરુવચનેય – સ્વપ્નમાં બારણાં ખખડાવીને બહાર ધકેલે તેવું – સાચ્ચું. પ્રારબ્ધ જ :

"કાગદ હોય તો, મૈયા, વાંચીએ,
કરમ વાંચ્યાં નવ જાય જી;
કૂવા હોય તો, માડી, અમે તાગીએં,
સમદર તાગ્યાં નવ જાય જી !"

એ 'માંડ્યાં નહીં મટે'ની પરંપરાગત શ્રદ્ધાએ જ; પછી, મેઘાણી પાસેથી પણ એક ઉત્તમ ભજન અપાવ્યું છે 'ત્રાજુડાં ત્રોફણહારી'નું. કલાપી અને કાન્તના સંવાદો–ખંડકાવ્યો–માં આ ભાવિના અમિથ્યાપણાની વેદના છે. ડૉ. બાકે આવેલા ત્યારે આ ગીત ઉતારી ગયેલા. આ કથા કરુણ છે તેવી જ મર્માળી રહસ્યગર્ભ પણ છે જ. લોકકથા કરુણ ભાગ્યે જ હોય છે; આ છે. આગવા જ લોકવાદ્ય(રાવણહથ્થા)ની સંગતે આગવે જ ઢાળે ગવાતી – કથાતી આ ભજનકથા આપણી જ તળભૂમિનો આગવો વિરલ (હવે વિલુપ્ત !) કથાપ્રકાર છે :

## સમૂહગાન સાથેની–વૃંદગાનકથા

'ચંદણ-મૅણાગરી' (ક્રમાંક 11) ઉત્તર ગુજરાતના રાજસ્થાની સરહદવિસ્તારના ખેતમજૂર તરીકે ગુજરાતમાં ભમતાં લુવારિયાંની, એક જણ કથા માંડે ત્યારે સાથેનાં વચમાં વચમાં સમૂહગાન કર્યાં કરે એવી ઢબની, બહુ જાણીતી – જેનાં ઘણાં રૂપાન્તરો મળે છે તેવી કથા છે. રાજા ચંદનને સતથી ચળાવવા ઇન્દ્ર કૂડકાવડિયાને (નારદને) મોકલે; એ સૂરજ અને નદી જેવાં તત્ત્વોને સહારે રાજા, રાણી અને બે જોડિયા કુંવરોને – ત્રણેને છૂટાં પાડી દે પણ ત્રણેય સતને બળે પાછાં મળે એની, માનવસતની દેવપરીક્ષાની, ત્રણ થપ્પે જુદા પડતાં ત્રણ પાત્રોની રાજસ્થાની બોલીની છાંટવાળી, ત્રિથરી પ્રલંબ કથા છે.

## લોકકથાઓ

આમ મેઘાણીએ સાત પ્રકારની કથાઓના નમૂના અહીં એકસ્થાને આપ્યા. અહીંની બારેબાર કથાને અનુસંધાને વિગતો આપી, ચર્ચા કરી; એટલું જ નહીં; ભારતીય લોકકથાને – અને વિશેષે ગુજરાતીને – અનુસંધાને – જે

કાંઈ વિશ્વચર્ચાનું જરૂરી લાગ્યું તેય ચર્ચ્યું. એમ, સમીક્ષા ને કથા બન્નેથી આ સંગ્રહ મહત્વનો છે. તેમાંય 'મોટિફ'ની ચર્ચા જગતના અભ્યાસીઓમાં હજી મંડાતી હતી ત્યાં જ અહીં તુરત લઈ આવ્યા એ તો આ ક્ષેત્રની એમની સજગતા ને સજ્ઞતાનો જાગતો પુરાવો છે. એમની જીવનભરની લોકકથાયાત્રાનું કેવું સર્જનાત્મક સમાપન ! આ મીમાંસાની પછવાડેય જોશો તો જણાશે એમની માણસની ખોજ, માણસમાં રસ, વાતના કેન્દ્રમાં માણસ – પોતે ને સર્જન નહીં ! ઉમાશંકરને યાદ કરીને 'કલમ-કિતાબ'માં (28-9-1938) કહે છે :

> "આપણે બધાં કોણ છીએ ? સર્જનના રોપ-કૂંડાંમાં ભરેલી માટી છીએ. માટીમાં બીજ વાવે છે કોઈક બીજું, પાણી પાય છે કોઈક બીજું, રોપ ઊગે છે કોઈક બીજાને માટે, ને ફૂલો ફૂટે છે તે પણ અન્યની શક્તિનાં." ('અંતરછબિ', પૃ. 334)

આ સંયમશક્તિ જ સાચું સંપાદન કરાવે લોકકથાનું હોય કે કોઈ સાચી જિવાતી જીવનકથાનું હોય.

•

# 11
# માનવીય ગરિમાની કથા

## મેઘાણીનું ચરિત્રાત્મક સાહિત્ય

મેઘાણીને જીવનમાં ને કથામાં – બેઉમાં રસ છે ને જીવનસમૃદ્ધ કરતી વાતને તો કલમધર્મ સમજે છે. એમણે ભલે કોઈ એક જ વ્યક્તિનું સળંગ સર્વગ્રાહી જીવનવિગતોવાળું સુદીર્ઘ ચરિત્ર ન આપ્યું; અનેક યુગપ્રેરક ચરિત્રપોથીઓ તો આપી છે જ. એમના સમગ્ર ચરિત્રાત્મક સાહિત્યને ચાર વિભાગે વિચારી શકાય :

(1) **યુગપ્રેરક ચરિત્રાત્મક પુસ્તિકાઓ** 1942ની : 'મરેલાંનાં રુધિર', 'અકબરની યાદમાં', 'આપણું ઘર', 'પાંચ વરસનાં પંખીડાં'; 1943ની : 'આપણા ઘરની વધુ વાતો'.

(2) **લઘુ, પણ સ્વતંત્ર ચરિત્રો** : 1927 : 'બે દેશદીપક'–(સત્યવીર શ્રદ્ધાનંદ અને નરવીર લાલાજી); 1939 : 'ઠક્કરબાપા'; 1944 : 'દયાનંદ સરસ્વતી'.

(3) 1945 : 'માણસાઈના દીવા'.

(4) **ચરિત્રાત્મક સામગ્રીનું સંપાદન** : 'વસંત-રજબ સ્મારક ગ્રંથ'.

(1)માં સહલેખક છે મગનલાલ સતીકુમાર; (2)માં શ્રદ્ધાનંદ-લાલાજીમાં કકલભાઈ. સહલેખનમાંયે મુખ્ય કલમ ને સંપાદન છે મેઘાણીનાં. દૃષ્ટિ પણ. ઠક્કરબાપાની 71મી જન્મજયન્તી પર એમનાં કાર્ય ને વ્યક્તિત્વની ઝાંખી

કરાવતી સ્મરણચિત્ર-પુસ્તિકા એમની આગવી. એ બધાં ઉદબોધક ચિત્રો છે. એ યુગબોધક સામગ્રી છે. એ ખાતર એમણે અનેક ઇતિહાસ-ચરિત્ર-ગ્રંથો વાંચ્યા–તારવ્યા–સારવ્યા છે. દૃષ્ટિ પ્રજાજાગૃતિની છે. અકબરમાંનો રસ ઇતિહાસને કારણે નથી, સર્વધર્મસમન્વયને કારણે છે; તો ‘પાંચ વરસનાં પંખીડાં’માં દર પાંચ વર્ષે વિલાયતથી આવી અહીં હાકેમી કરી જતા વાઇસરૉયોની વાત પણ રાષ્ટ્રહાલતની ચીમકી માટે. એ તો એમને જ સૂઝે એવો આગવો જ દૃષ્ટિકોણ ! પરપ્રજાઓની આઝાદીની લડતોય આપે છે. પણ આપણા રાષ્ટ્રનિર્માતાઓની ઝડપી જીવનકથાઓમાં તો સળંગ રાષ્ટ્રગાથા મળે એટલાં બધાંને આવરી લીધાં છે ! હિન્દની જાગૃતિના પિતા રાજા રામમોહન રાય, મુસ્લિમ યુનિવર્સિટીના સ્થાપક સૈયદ એહમદ, હિન્દુ યુનિવર્સિટીવાળાં હોમરૂલની રાષ્ટ્રજ્વાળા જેવાં એની બેસન્ટ, ધર્મદૃષ્ટિની ચેતના દયાનન્દ ને રાષ્ટ્રધર્મના અગ્રણી દાદાભાઈ, ગોખલે, તિલક; સાવરકર, લજપતરાય, ચિત્તરંજન દાસ, સરદાર, ગફારખાન ને છેક જવાહર–ગાંધી સુધીનાં બધાંની જીવનકથા સંક્ષેપે ને દોડતી નજરે છતાં સચોટ રીતે અંકાઈ ગઈ છે.

## ચાર નોંધપાત્ર ચરિત્રો

આમાં કાંઈક વિગતવાળાં ચરિત્રો છે ચાર. શ્રદ્ધાનંદમાં આરંભે મુન્શી-રામ પોતે જલંધરમાં ક્ષત્રિકુળે જન્મી વકીલ થયા ત્યાં સુધીની આપકથા કહે, ને પછીનું અન્યકથનરૂપે આવે એવું નિરૂપણ છે. ગુરુકુળ કાંગડીનું સ્થાપન, શિક્ષણનો એ નવપ્રયોગ; રાષ્ટ્રકાર્ય ને એમની હત્યા સુધીની કથા. પ્રેરક ને રોચક. લાલાજીનું ચિત્ર ખંડિત છે પણ રાષ્ટ્રલડતસંદર્ભી છે : આંદા-માનનું એમનું જેલજીવન, અમેરિકાવાસ; છેલ્લે સાયમનકમિશનનો વિરોધ કરતાં લાઠીઓ ઝીલતાં વહોરેલી શહીદી. ઠક્કરબાપા વિશેની નાનકડી ચોપડીમાં 1869માં ભાવનગરમાં જન્મથી માંડીને વિદેશે ઇજનેરી વ્યવસા-યની, 1919માં તાતામાં મજૂરોની ને છેવટે દલિતો–આદિવાસીઓની સેવા – ભીલસેવામંડળની સ્થાપના સુધીની વાત છે. 1926ના ‘ઝંડાધારી’નું જ નવસંસ્કરણ તે ‘દયાનંદ સરસ્વતી’. એ લખાણ સંપ્રદાયપ્રેરક ન બને તેની કાળજી સાથે, મોરબી પાસેના ટંકારાના મૂળશંકર, રાષ્ટ્રમાન્ય વેદવિદ્યાસ્થાપક રાષ્ટ્રધર્મી અર્વાચીન કાળે કેળવણીમાં ગુરુકુળપ્રથાના પ્રયોજક; ધર્મ, રાષ્ટ્ર

અને સત્યનિષ્ઠા ત્રણેયની ચેતનાથી સુધારાની ભૂમિકા બાંધનાર 'દયાનન્દ સરસ્વતી' કેવી રીતે બન્યા તેની, આંતરચેતનાવિકાસની કથા છે.

### વસન્ત–રજબ સ્મારક ગ્રન્થ

કાળક્રમે જે છેલ્લું ચરિત્રાત્મક સંપાદન છે 'વસન્ત–રજબ સ્મારક ગ્રંથ'નું (ડેમીનાં પાન 216; ગતિ પ્રકાશન, અમદાવાદ, 1947) એમાં વસન્ત–રજબ પરના ત્રીસેક (ચાર મરાઠી સહિત) સ્મરણલેખો છે. મેઘાણીની પુસ્તિકાઓ જેમ વિવેચકોએ વણવાંચ્યે બાજુ પર મૂકી દીધી છે તેમ આ સંપાદનનુંયે થયું છે ! પણ આ એક, સામાજિક દૃષ્ટિએ બહુ મહત્વનું કામ છે. આગળ સોળ પાનાંનું મેઘાણીનું નિવેદન છે. એમાં એમણે ટાળેલ લેખોમાં ઢેબરભાઈ–મોરારજીભાઈ જેવાના છે ! આજે એવા પ્રસિદ્ધ નેતાઓના તો બે બોલ પણ શોભા રૂપે આગળ શણગારાય – એ વૃત્તિ છે ! એમણે સંપાદનસામગ્રી લેતાં જ, અંજલિઓને બાદ કરી, ને પ્રત્યેકનો સાર નિવેદનમાં સંક્ષેપે આપી, સ્મરણલેખો જ પછી એવી રીતે મૂક્યા કે વસન્તરાવ અને રજબઅલીનાં વ્યક્તિત્વનાં પાસાં સજીવ ચિત્રો રૂપે મળે. ત્રણ દૃષ્ટિએ આ સંપાદન મહત્વનું : બે શહીદોનાં જીવનચિત્રો સજીવ થાય છે; 1930થી 1945 સુધીના ગાંધીપ્રેરિત સત્યાગ્રહો, રાષ્ટ્રલડત, પ્રચલિત ચિન્તનધારાઓ વગેરે – ગુજરાતના યૌવનની વૃત્તિપ્રવૃત્તિઓનો ઇતિહાસ – ભલે કાંઈક વિશૃંખલ ને ભૂમિકારૂપ છતાં અનુભવ ને પ્રસંગોથી સજીવ એવો મળે છે; ને આ સંપાદકની કલમને ચિત્તે શું થયું હશે એની કલ્પનાય જાગે છે. સંપાદકનો સંયમ પણ નોંધપાત્ર છે. મેઘાણીનું આ એકમાત્ર ચરિત્રાત્મક સંપાદન. આપણા જાહેર જીવનની એક બહુ મોટી ને મહત્વની ઘટના સાથે સંકળાયેલાં બે પાત્રો મેઘાણીને કારણે અહીં સચવાઈ રહ્યાં.

### 'માણસાઈના દીવા' : નાયકત્વ માનવ-ગૌરવનું

જિવાતી જીવનકથાનો નાયક પોતે જ ધીરોદાત્ત હોય, ને હીન ગણાતા લોકમાંના સજીવ સારપની અણકથ અનુભવકથા અણથક કહેતો હોય, ને સામે એવો જ વાતઘોયો શ્રોતા એ કથા એકચિત્તે એ હૈયે ઉતારી લેતો હોય, તો પછી એ પોતે જ્યારે કાગળ પર એનું પુનઃકથન માંડે ત્યારે વક્તાની મહત્તા પર પણ, અણજાણતાં જ, ફૂલ પાથરે નહીં તો જ નવાઈ ! એ

સંયમ વિરલ. વાતમાં મહારાજ ભલે હોય કર્તા છતાં થવી તો જોઈએ પેલાં હીનોમાંની અદીઠ રહેલ મહત્તાની જ ! મહારાજને તો સહુ ઓળખે; પેલા લોકને હજીયે કોઈ જાણતું નથી ! આ તો મેઘાણીનેય વળગેલ સતત ચિન્તા. કથા ચારણ–બારોટની કે અન્ય કથકની ઉતારવી એમાં સંયમ રાખવો એ જુદી વાત છે; કહેનાર મહારાજ પ્રસંગોમાંય ધીરોદાત્ત નાયકની જેમ સંક-ળાયેલા હોય છતાં નાયકત્વ માનવ-ગરિમાનું જ રહે, તેય પેલાં હીન મના-યેલાંમાંના પ્રબળ–પ્રચ્છન્ન સતતત્વનું, એ કલમસંયમ – કલમની કલા પણ – વિરલ સાહિત્યઘટના ગણાય. માટે જ એની વિગતે નોંધ આ વાતો ‘રંગ છે બારોટ’ની ને આ મહારાજની – લગભગ સાથે જ, થોડીક આગળપાછળ છતાં ‘ઊર્મિ’નાં પાન પર ઊતરતી હતી.

## મેઘાણી અને મહારાજનું મિલન

ગુનેગાર ગણાતા લોક સાથે મેઘાણીનો નાતો તો પોલીસ-અમલદાર-ઘેર ઉછેર થયો ત્યારનો. પછી જાતેયે જેલ અનુભવી. બહારવટિયા–ગુનેગારોનાં સ્નેહ-સારપ તો એ કલમનાં ‘વહેતાં પાણી !’ એટલે મહારાજ તો, એક રીતે, એમના જ તડના ! આકર્ષણ જબરું હતું જ. તેમાં 1941માં એમના પર કાર્ટૂ-નકેસ ચાલતો ત્યારે આવીને ચિંતામગ્ન મુદ્રાએ કોર્ટબહાર મૂંગા મૂંગા પગથી પર ઊભા રહેતા મહારાજને જોઈને પ્રેમાનુભવ પામેલા. મેઘાણીએ એમને મળવું જોઈએ એવો મિત્રોનો પણ પ્રેમાગ્રહ સતત હતો. ‘ફૂલછાબ’નો ભાર જરાક હળવો થતાં જ, 1944માં અમદાવાદ ગયા. મહારાજ ત્યારે, આમ તો, જેલમાં, પણ માંદા હોવાથી સિવિલ હૉસ્પિટલમાં. એ રોજ હૉસ્પિટલમાં મહારાજને મળે એવો પ્રબંધ થયેલો. મહારાજ કહે છે :

‘‘હૉસ્પિટલમાં હું હતો ત્યારે તેઓ મારી પાસે આવતા અને રોજ પ્રશ્નો પૂછીને વાતો કઢાવતા. હું તો બહુ જ સંકોચ પામતો. જો ચોપડી લખવાના છે એવી ખબર હોત તો મારા દિલમાંથી આવી વાતો નીકળત જ નહીં. પણ એમની પૂછવાની આવડત જ એવી હતી કે એક પ્રશ્નમાંથી અનેક વાતો નીકળી પડતી.’’ (‘ઊર્મિ’, મેઘાણીસ્મૃતિ અંક, 9 એપ્રિલ, 1947; સં. ઈ. મો. દવે; પૃ. 36)

## સહપ્રવાસ : સમગ્રદર્શન નથી; લોકદર્શન છે

એ વાતો એમણે 'મહારાજની સાથે સાથે' એવે મથાળે 'ઊર્મિ'માં પ્રગટ કરવા માંડી. છપાતાં પહેલાં મહારાજની નજર તળેથી લખાણ પસાર થઈ જાય એવીયે ગોઠવણ કરેલી. એ રીતે આ અનુભવપ્રસંગો આલેખાતા હતા ત્યારે આમાંનાં પાત્રો-પ્રસંગો-તળભૂમિ, મહી ને એનાં કોતરો, ખેતરાં-ખોરડાં, એ ગુનેગાર ગણાયલી કોમો – બારૈયા, પાટણવાડિયા, ધારાળા વગેરે, એ લોક, એમની રહેણીકરણી, કશું જાતે જોયું નહોતું; માત્ર મહારાજની વાણીને અનુસરીને કલ્પીને આલેખેલું; પણ જોવું જોઈએ એમ મનમાં થયાં કરે. એ માટે મહારાજની અનુકૂળતાએ પ્રવાસ ગોઠવ્યો. મહારાજ તો પહેરેલે કપડે વધારાના એક પંચિયે જ, ઉઘાડે પગે રાત-દી ફરનારા; એમની જોડે જવું હોય તો એક જોડ કપડાં ને નોંધપોથી – એટલું જ થેલે હોય ! 17-3-1945ને રોજ અમદાવાદ આવ્યા. ને નાનકડો થેલો ખભે નાંખી, આણંદથી મહારાજ સાથે ઊપડ્યા. 19-3-1945થી 23-3-1945 સુધી, ચાર દિવસ અને પાંચ રાતમાં તો મહીકાંઠાનાં પંદરેક ગામોના એક વર્તુળમાં ફરી વળ્યા ! એ નાનકડા (પ્રવાસના) ચાટલામાં આભલું આખું જોયું ! જોનારી-દેખાડનારી આંખ હતી મહારાજની જ. માટીનાં થરનાં થર, વૃક્ષ-વેલ-વનસ્પતિ ને પશુપંખી, એ ભૂચર ને ખેચર – નક્ષત્રોયે મહારાજ ઓળખાવે ને મેઘાણી સાંભળે, સ્મરણે બરાબર કોતરી લે ને પછી નોંધે ટપકાવી લે; ને પછી એ નોંધ ને પેલા ચિત્તસંસ્કારો બેયને સહારે લખી લે. એમ એ જંગમ વિદ્યાપીઠનાં સ્મરણોય શબ્દમાં અંકે કરી લીધાં. પછી, પેલી હૉસ્પિટલમાં કહેલી વાતો ને આ પ્રવાસકથા બન્નેને સાંકળીને 'માણસાઈના દીવા' પ્રસિદ્ધ કર્યું (1945). એ મહારાજ વિષે નથી; મહારાજકીધું ને મહારાજદીધું લોકમાં પડેલ માનવતાના દીવાનું દર્શન છે. માટે તો, બબલભાઈ મહેતા મહારાજનું ચરિત્ર લખે છે ને આમાંના પ્રસંગો બાદ કરવા વિચારે છે તે જાણતાં જ એમને પત્રથી વીનવે છે કે આમ ન કરતા :

> ''મહારાજ વિશેનું......આ કાંઈ સમગ્રદર્શન નથી,...... મેં તો એ ચિત્રો લોકદર્શન કરાવવા જ આલેખ્યા છે,..... હું તો આટલી પ્રસાદીથી જ સંતૃપ્ત છું.....તમે જે મહારાજના..... નિકટવર્તી.... સમાનધર્મી છો. તેમના હાથે એમના સમગ્ર ચરિત્રનું દોહન થવા પામે એ તો દરેક વાતે ઇષ્ટ છે.'' ('લિ. હું આવું છું' પત્રાંક 502)

કબૂલ ! એ સમગ્રદર્શન ન હોય/નથી; છતાં એવું છે જેણે સાહિત્યજ્ઞ

સંસ્કૃતિવિદ કાકાસાહેબ જેવાને ચકિત કર્યા ! તેય કેવા ? કહે છે :

> ‘‘આ ચોપડી વાંચતા (એણે) મારા પર જે અસર કરી છે તે બીજી કોઈ ભાષાની ચોપડીએ ભાગ્યે જ કરી હશે...... આ દસ્તાવેજ માનવકોટિના સાહિત્યમાં પોતાનું સ્વાભાવિક સ્થાન લેશે.....આ જીવનકથામાં સ્નાન કરીને તીર્થસ્નાનની ધન્યતા હું અનુભવું છું.’’ (‘સંસ્કૃતિ-સુધારનો દસ્તાવેજ’ નામે આમુખ, ‘માણસાઈના દીવા’, 1945)

## સંસ્કૃતિસુધારનો દસ્તાવેજ

ગુજરાતી સાહિત્યમાંથી વિશ્વસાહિત્યમાં મૂકવા જેવી આપણી ગણતર કૃતિઓમાં આ અવશ્ય આવે. આ જેમ મહારાજના જીવનનું સમગ્રદર્શન નથી તેમ પ્રસંગપ્રધાન નવલિકાવિધાન પણ નથી – એ નેમ પણ નથી. મહી-કાંઠાનાં ગામોમાંની ગુનેગાર ગણાયેલી કોમોમાંની સહજ માણસાઈનું જે દર્શન મહારાજે કર્યું ને પછી પોતાના સ્નેહસમ્પર્કે એ કોમમાં આત્મભાન જગાડ્યું, સમાજમાં એમને ભેળવી તથા એમની વાતો કહીને સમાજનેય એમની તરફનાં એનાં દૃષ્ટિ-વલણ બદલવાને પ્રેરિત કર્યો અને સરકારી જડ તંત્રને પણ હલાવ્યું – એ સંસ્કૃતિ-સુધારનો યથાતથ દસ્તાવેજી ઇતિહાસ જેવો જાણ્યો તેવો મૂકી દેવો એ નેમ. પ્રયોગકાર પ્રયોગની વાત કરે ત્યારે અનુભૂતિની સચ્ચાઈ પૂરતી જ એ આત્મકથા હોય. સત્યની કે સત્યાગ્રહની વાત કરવા જતાં ગાંધીજીએ બે આખાં મોટાં પુસ્તકો ભર્યાં છે : ‘આત્મકથા’ અને ‘દ. આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ’. એ પટાન્તરે ગાંધીકથા છે પણ નેમ તો ઇતિહાસની છે. તેમ અહીં પણ. ઇતિહાસની આવી ઘટનામાં માનવપુ-રુષાર્થની કથા હોય જ. છે જ. એ પુરુષાર્થ બન્ને પક્ષે છે : મહારાજે જગાડેલ લોક પછી કેવું જાગે છે, મહારાજ ને લોક બન્ને એ માટે કેવા સાથેસાથે મથતા રહે છે, ને એમાં જેલર કે પોલીસના અધિકારીઓ પણ કેવા જોડાઈ જાય છે, ને ‘સાથે’ તેય નિઃસ્વાર્થ હૃદયસંબંધે એકબીજાની સાથે પ્રેમથી વર્તે છે તેની આ કથા છે. પુરુષાર્થ-કથા છે તેટલી જ પ્રેમકથા છે ! વાસ્તવ છે છતાં પરમ વિસ્મય છે – ‘ફેક્ટ ઇઝ સ્ટ્રેન્જર ધૅન ફિક્શન’, કોઈ કલ્પિત કથાથીયે વધુ રસપ્રદ. આવો પ્રભાવ પડે છે એમાં કલમનાંયે કામણ અને કલા ઓછાં જવાબદાર નથી. કથા અલગ અલગ બે ભાગમાં વહેંચાયેલી છે : મહારાજની

મનોયાત્રા અને મહારાજ સાથે મેઘાણીની પદયાત્રા.

## મહારાજની મનોયાત્રા : વ્યક્તિચિત્રો

આ આમ તો મહારાજે મેઘાણીને કહી દર્શાવેલી એમની મનોયાત્રા છે. 17 પ્રકરણોનો આગલો ભાગ. એમાં કેટલાંક સ્વતંત્ર વ્યક્તિચિત્રો છે, કેટલાંક એક જ સરળ પ્રસંગવાળાં છે, તો કેટલાંક એવાં જ બહુપ્રસંગી સંકુલ ઘટનાચિત્રો છે; છેલ્લે એક એવું જ બહુપ્રસંગી સંકુલ વ્યક્તિચિત્ર છે.

મહારાજને કહ્યે દારૂચોરી છોડતો **મહીજી** પછી ચોરીછૂપીથી દાણા આપનારને છૂપી રીતે લાડવા આપવાનો ધંધોય છોડી દેવા તૈયાર થાય છે; ત્યારે આ તો છોડે પણ સમાજનું શું ? અન્ય કરે છે એને શી રીતે રોકવા એ મૂંઝવણ મહારાજની છે. **શનિયા**ના છોકરાને કૂતરું કરડતાં ગંધાય ત્યાં સુધી, છેક મરવાની અણી સુધી ગોદડીએ નાંખી રાખવો પડેલો, કારણ કે બૈરી ખાટલે ને પોતે મજૂરીએ ન જાય તો ખવરાવે શું ? મહારાજ આવીને દાણાની સગવડ કરી માંદા છોકરા સાથે શનિયાને આણંદ – ને ત્યાંથી પછી વડોદરા લઈ જાય છે ત્યારે જીવતરમાં પહેલી વાર ગાડીએ બેઠેલ આ, બાળકની ગોદડીએથી માખી ઉડાડવાને બદલે નાના બાળકની જેમ ઊલટી દિશાએ દોડતાં ઝાડને જોઈ રહે છે ને બાપ કે મા પોતાના બાળકને જોઈ રહે એમ મહારાજ એને ! પાછો એને ટિકિટ વગેરેની સગવડ કરી ઘેર વળાવે ને પોતે (મહારાજ) પંદર દા'ડા છોકરાની સેવામાં વડોદરાની હૉસ્પિટલમાં ગાળી, એને સાજો કરી, પાછો સોંપી આવે ! ગરીબીનું તો ખરું જ પણ કરુણાવતાર વત્સલતાનું આ ચિત્ર ! અન્નસત્રને સહજભાવે ચલાવતા આદિવાસી **અમ-રસંગ**ની અનાસક્તિનું ચિત્ર. **જી'બાનો** મયૂરપ્રેમ ને નીતિભર્યા પુરુષાર્થવાળું દામ્પત્યનું મંગલ ચિત્ર. આ એકપાત્રી ચિત્રો.

## પ્રસંગચિત્રો : સાદાં ને સંકુલ

કેટલાંક એકપ્રસંગી સરળ ચિત્રો છે : **હાજરી;** લુહાણાના **ઘીના ડબ્બા**ના ચોરની જાતકબૂલાત; **કાપડ-પોટલું** ચોરનાર ફૂલો નહીં પણ ઇછલો એ જાણી એને શોધતા મહારાજ પાસે ઇછલાની નિષ્કપટ વાત; પોતાનું અધૂરું ઘર પૂરું થાય માટે જેની પાસે ચોરી કરાવી એનું ચોરેલું બધું ઓળવી લેના-રનેય અંધારામાં રાખીને પોતે **વાળી લીધાની વાત** કરતા હેમતા ઠાકોરની

સરળતા; બૈરી ઉપાડી જઈ આંખ સામે જ રહી રોજ ગાળ દેનાર રાવળિયાને ભાલે વીંધનાર ભૂખ્યા બારૈયા મોતીનો **ચૂલે રઝળ્યો પડેલ રોટલો ને વણ-ખાધેલ કરમાયેલ મૂળા**નું ચિત્ર; આ સ્વતંત્ર પ્રસંગો છે.

તો કેટલાંક બહુપ્રસંગોવાળાં સંકુલ ઘટનાચિત્રો છે. સાબરમતી જેલમાં 1942માં મળેલ મોતી તે 1922માં બહારવટિયા નામદારિયાને મળવા જતાં રાતે જેણે મહારાજને રોકેલ તે જ – એ ઓળખાણ ને પછી પોતાની આપવીતી : મુખીની હવાઈએ ઘર ઉજાડ્યું ને જેલજીવનમાં બધા જ દંડો સહન કર્યા – એક કામ કરવાનો નનૈયો ભણવાના મામને કારણે; એ જ પોતે, એક જેલરે અંધારી ખોલીમાંથી છ વરસે બહાર કાઢીને પૂછ્યું ત્યારેય નનૈયો ન મૂકે, ને પેલો ભલો આદમી એને ફરવાની છૂટ આપે ત્યારે સામેથી કામ માગી સૌને ખુશ કરે; જેલમાં મહારાજની પુત્રી મળતાં 'બૂન ! તારા બાપ તો મારા ગરુ' કહીને અડધોઅડધો થઈ જાય, ને મહારાજ પર આવેલ મકાઈ ડોડા મહારાજ એને આપે ત્યારે, બાવીસ વર્ષે એ અન્નદેવતાને જોતાં, ભાવથી એની પ્રદક્ષિણા કરે, આ બધી ફ્લૅશ બૅક-ઢબે મુકાયેલ વાત માવળંકરદાદાને પહોંચાડી મહારાજ એને છોડાવે એ **મોતીની સળંગ** નાનકડી **ચરિત્રકથા** જ બની જાય છે. એથી યે વધુ વિગતભરી છે **ખોડિયાની કથા.** ખોડિયાથી સૌ મૂંઝાયાં – ગામ, ન્યાત, એના કુટુમ્બી ને પોલીસતંત્ર આખું. ખોડિયાને શોધતા મહારાજને ભીખો મળી જાય છે. પોતાનો ગુનો કબૂલે; મહારાજ એને વડોદરે પોલીસહવાલે કરે; કોર્ટ એને પોલીસને સોંપે ને અમલદાર એને જેલે પૂરે ત્યારે જ મહારાજને કહે છે : 'અત્યારે મારી સાથે ચાલો, ખોડિયો સોંપાઈ જશે !' નોકરીને જોખમે ભીખાને મહારાજને હવાલે કરતા, એને એક સ્થળે ન મળતાં બીજે, ને બીજે ન મળતાં ત્રીજે – એને ગામ ને છેવટે ખેતરે ફેરવતો ભીખો ને એને પાછળ જ ચાલવા દઈ આગળ ઇતબારે ચાલતા મહારાજ – એટલું જ નહીં, ખોડિયો ન મળતાં, રાતના બેત્રણ કલાક ભીખાને એકલો એને ઘેર આરામ કરવા મોકલી પરોઢિયે પાછો સાથે લઈ, વડોદરે – રસ્તે મળેલ શંકરિયા સાથે સોંપતા મહારાજની એ ઇતબારકથા, એ કાળી રાતની ઊજળી કથા કોઈ જ્યાં વાલજ્યાંકાર હ્યુગોને પણ ન સૂઝે એવી છે. હ્યુગોમાં તો પાદરી ઊજળા હૈયાવાળો ખરો, પણ સામે ચોર; અહીં ચાર-પાંચ પાત્રો એકબીજા પર વિશ્વાસ રાખે : ભીખો, શંકર, મહારાજ, પોલીસ અમલદાર વગેરેને મૂળ પ્રયોગારંભક તો પોલીસ અમલદાર !

## ત્રણ પક્ષો : ત્રણેની આગવી રસમો

અહીં મુખ્ય પક્ષો ત્રણ : મહારાજ, ચોર-ડાકુ ગણાતું લોક અને પોલીસ. મહારાજ આ લોકનેય સ્વજન ગણીને એટલાં ચાહે કે એ આપોઆપ સામેથી આવીને ગુનો કબૂલે; પોલીસની રીત સામ-દામ-દંડ-ભેદની. એથી ચોર તો ના પકડાય, પરંતુ ચોરી વધે ! એના પ્રસંગો અહીં ઘણા છે. વાઘલાને ગાળ દેનાર પાટીદારને એણે ને એક સાથીએ માર્યો. એ મરનારના ડાઇંગ-ડેક્લેરેશનમાં એક આગેવાને બીજાં પાંચેક નામોય ઉમેરાવ્યાં, ને સાતેયને સજા થઈ. તેમાં જેણે ખૂન નહોતું કર્યું એને ફાંસી, વાઘલાને જન્મટીપ ને બીજાઓને 5–7 વરસની. એની સામે મહારાજનો રોષ, વિરોધ ને પ્રયત્નો ! છેવટે છોડાવ્યા ! ને એની જાણ એનાં સ્વજનોને ઝટ કરવાની ઉતાવળે મહારાજ એ હુકમ જાતે લઈને એક ઑફિસથી બીજે ને બીજેથી ત્રીજે જાય, – રસ્તે સાઇકલ પર એ હુકમ લઈ જનાર પાસેથી ઝટ એ હુકમ પોતાને આપવા કહે ને પેલો 'મને શું આપશો ?' કહે ત્યારે ખીસામાં હાથ નાંખી પોતાની નિર્ધનતાને નિંદે – એ ચિત્ર – એ એમના મનનું ચિત્ર મેઘાણી જ આલેખી શકે ! રાતોરાત એક ફો-જદારને ઉઠાડી પેલા હુકમ પર સહી લે ને સવારે તો સૌને આ સમાચાર આપે – પણ ઉત્સવ નહીં ! પેલા વેરીને ત્યાં સાતેયને લઈ જઈ પગે પડાવી, માફી મગાવે  જેણે નિર્દોષોનાં નામ લખાવડાવેલાં એની માફી ! શેક્સપિયરમાં છે :

'Parden is the word for all !'

આ મહારાજની રીત. વિજયમાં તો ખાસ વિરતિ !

ને આ પ્રેમ-ક્ષમા કેવા લોકને ! બાબર દેવા જેમાં હતા તે ! અહીંનું લાંબામાં લાંબું પ્રકરણ બાબર દેવાનું. મૂળ તો પકડાયો ચોરીમાં; પણ પછી જેલે હતો ત્યાં માની ફરિયાદે જેલ તોડી, મુખીને માર્યો; એની બાતમીની શંકા જતાં સગ્ગા કાકા, ફુવા ને બહેનને મારી; સાળાને કહ્યે પાટીદાર ધારીભાઈને માર્યો; – એને પકડાવવા પોલીસે એના સાથી અલિયાને પકડીને બાબરને પકડાવવાની શરતે લૂંટફાટ કરવા દીધી ને બહુ થયું તે પછી જ એને ફાંસીએ ચડાવ્યો ! ત્યારે એ 'અલિયો પીર' થયો !! છેવટે એક સાથીએ જ ફસાવ્યો ને ફાંસી દેવાઈ. એ કથામાં ભલે મહારાજ નથી, એમની વેદના-કરુણા તો છે જ – એને ન મળ્યાનો વસવસો. એના કુટુમ્બને સરકારે કેવું હેરાન કર્યું ! એ સરકાર ને આ લોક બેય મહારાજના કાર્યક્ષેત્રની એક સબળ ભૂમિકા અહીં આપે છે; મહારાજે પ્રેમાક્ષરો કેવી કઠણ ભૂમિ પર પાડવાના હતા તે. આ એમની મનોયાત્રા.

## મહારાજ સાથે પદયાત્રા : દાંડીયાત્રા ને નાકરનાં સ્મરણો

અગાઉ જણાવ્યું છે તે યાદ હોય તો : મહારાજકથિત આ સ્મરણયાત્રા, મહારાજની નજર તળે પસાર થઈ 'ઊર્મિ'માં છપાતી હતી, પણ આલેખન તો કલ્પનાથી કરેલું. એ ભૂમિ ને લોક જોવાં જોઈએ, એ ખ્યાલથી, મહારાજને વિનંતી કરી, પ્રવાસ ગોઠવ્યો. 17-3-1945ને રોજ અમદાવાદ આવી,

19-3-'45ને રોજ આણંદ, ને ત્યાંથી 23-3-'45 સુધી, ચાર દિવસ ને પાંચ રાત સતત પ્રવાસ કર્યો. મહારાજ તો સદાના પદયાત્રી, પણ મેઘાણી અને શ્રી. ઈ. મો. દવે માટે બોચાસણ આશ્રમની બે સફેદ બળદોની ડમણીનો પ્રબંધ કરેલો. આંખ મહારાજની. બધું બતાવતી જાય : વૃક્ષ-વેલ, નદી-કોતરાં--ખેતરાં, પંખી-પશુ ને માણસ, આકાશનાં નક્ષત્રોય તે. 'માણસાઈના દીવા'નું એક સંયોગી સતત પાત્ર તો મહારાજ છે જ – એમની રહેણી-કરણી–ભૂમિ–'સ્વજનો' જોવાં જ મળ્યાં. મહારાજ એટલે તો 'જંગમ વિદ્યાપીઠ'. આ કાંકર, ખેતરાં ફરતો ગઢ બની જાય; આ ચીવળો, ફોલ્લા મટાડે; આ આકડીનાં મૂળ જાણે ગણપતિ ! ને આ વિના મૂળે કટકો કોઈ ઝાડ પર નાંખો તો એમાંથી રસ ચૂસીને અંગ્રેજોની માફક ફેલાય એ નિર્મળી.

બાબરની બહેનનું ગામ ઝારોળા બતાવ્યું. જાહેર ચરિયાણને અભાવે ઢોર-માણસ ભેગાં જ પડ્યાં હોય ત્યાં કેવી ગોદડીએ સૂતા ને રાંધતા એ બતાવ્યું. એ તો દિવસરાત આવે બધે ઠેકાણે ફરતા જ રહેતા. તેમાંય રાતે-ઘનઘોર હોય ત્યારે તો ચાલવાની ઓર મજા ! કહે,

> "........કોઈ દેખે નહિ. સંપૂર્ણ એકલતા. ચાલતે ચાલતે આંખો ઊંઘતી હોય છતાં પગ તો ચાલ્યા જ કરતા હોય. હું કદી ભૂલો પડું નહિ ! ગમે તેવા વિકટ મહીકોતરોમાં પણ.... ! એટલે જ...... કહું છું કે માણસના પગને આંખો હોય છે." ('માણસાઈના દીવા' ત્રીજી આવૃત્તિનું પુનર્મુદ્રણ, 1968; પૃ. 177)

સ્વચ્છ સુંદર રાસ, પછી કણભામાં પેલા ડબ્બા મળેલા એ ખેતર-જગ્યા બતાવ્યાં. દાજીને મળ્યા. એણે ને જીવા જેસંગે થઈને એક બ્રાહ્મણનો આંબો પડાવ્યાનું જાણતાં મહારાજ આગળ ગુનો કબૂલી, એ પાછો આપેલો એ પ્રસંગ કહ્યો. અતિ વૃદ્ધ છતાં વાતે વાતે પ્રેમથી 'ઓ ભૈ' કહેતાં ઇચ્છાબાની મુલાકાત કરાવી. પોતે હૈડિયાવેરાની લડત વખતે ઇચ્છાબાની ઓયડી ભાડે

લીધેલી. એમાં એક દી ખાંડ્યા વિનાની કોદરીની ખીચડી મૂકેલી તે કાચી રહી ને કૂતરાંને નાખી દીધી, એ જોયું કે પછી તો પોતાને ત્યાં જ જમાડતાં. '30માં દાંડીયાત્રાવેળા એમના નાવણિયે ગાંધી નાહ્યા, પછી મહારાજ ભીનું પંચિયું નિચોવવા લેવા ગયા ત્યારે બાપુ કહે, 'ના, તમે બ્રાહ્મણ કહેવાવ.' આ ઇચ્છાબાએ જ કાંઠાના ગરાસિયાનો પરિચય કરાવેલો (બારૈયા – ધારાળા નામ બરાબર નથી.) આ સામે એક ફોજદાર રહે; તે એક રાતે એક ગરાસિયે આવીને ઉઠાડ્યા ! કહે, 'ખૂન કરીને આવ્યો છું.' 'કેમ ?' 'ઘરમાં ન જોવાનું જોયું તે માર્યો.' એ ઠાકોર મહીજી. બાળક જેવા !

## ચંડીસ્વરૂપા મહી

મહીનું ચંડીરૂપ જોયું. દોઢ દોઢ ગાઉ લાંબાં ને પાંચ પાંચ માથોડાં ઊંડાં કોતરોમાં પાછા ગાડામારગ ! નદી ખરી પણ કોતરાં કોરાંધાકોર. લીલોતરી ન મળે ! ને પંખીયે ન દેખાય. ભેંકાર. રોજ ભરતી આવે ને ઊતરે. પૂર આવે ત્યારે તો ગામનાં ગામ નદી ગળી જાય ! ને ટેકરા જ એમાં બચે ! એવા 'ઉધાન'(ભરતી)ના 'ઘોડા'(પૂર) તો રોજ આવે ને જાય. ત્યારે હોડી કામની. પોતે એક વાર એક ભંગી સ્ત્રી-બાળકને બચાવેલાં એ પ્રસંગ કહ્યો. મચ્છ તણાતો આવેલો ને ફસાઈ મરેલો. '30માં રાતે રઘનાથજી ગરાસિયે નવી હોડી લઈને ગાંધીજીને નદી-પાર કરાવેલા ને પછીનો કાદવ મશાલોના અજવાળે એમણે કેવો ખૂંદેલો, ત્યાં નહેરુ આવેલા ને કાદવમાં કેવા થાકેલા – એ સ્મરણો મહારાજે કહ્યાં. ત્યાં બદલપુર આવ્યું. એના દધીચ બ્રાહ્મણ-ખેડૂતોના ખમીરની વાત કરી. ત્યાંના ઠાકોર નારસંગજીએ આ નાકરમાં જોડાનારનો એવો બહિષ્કાર કરાવેલો કે કોઈ એમનાં ખેડ-ઓજારો ના કરી આપે, ત્યારે જીવરામ બ્રાહ્મણે પોતે કોઢ કાઢેલી ! દધીચ વૃદ્ધા નાથીબાએ ગાંધીજીનો સત્કાર કરેલો.

## પ્રેમોપનિષદ

ગાજણા જોયું. ત્યાંના સરકારપક્ષી ધર્મચુસ્ત ઠાકોરનો જબરો ડારો; છતાં એ ગામમાં વેરાવિરુદ્ધ ભાષણ કેવી રીતે ગોઠવાયું એ પ્રસંગ સ્મરે છે ને પાલેજ આવે છે ત્યારે, ત્યારના કલેક્ટર જપ્તી લેવા આવે ત્યારે બાવીસે ગામનું લોક ઘરને સાંકળ દઈ, ઢોર છૂટાં મૂકી કેવું ચાલી ગયેલું ને

લડત શમતાં જપ્તીની વસ્તુઓય પોતે લેવા જવાના બદલે સરકારી માણસ જ પાછા આવીને ઘરમાં યથાસ્થાને મૂકી જાય એવો છેક સુધી સત્યાગ્રહ કરેલો તે નામઠામ સાથે મહારાજ સ્મરે છે. ને સ્મરે છે પેલો પાડાનો વધ ને એનું રુધિરપાન કરતી ચારણીવાળે પ્રસંગે પોતાની જે દશા થયેલી તે, ને છેલ્લે 1927નું ભયંકર રેલ-પૂર. અનરાધાર વરસાદે ઘરનાં પછીતકરો પડે છતાં મહારાજના પારણાની ચિંતા કરતું પ્રેમી કુટુમ્બ ! એ ગામ સુંદર-ણાને ડૂબતું બતાવવા પોતે રેલનાળું તોડેલું, તે પછી લોકના જાન બચાવવા નેળ્ય પાર કરાવવા એક દોરડું આ પા બાંધી, તરીને પોતે સામે પાર જઈ એનો બીજો છેડો સામે પાર બાંધી, વચમાં ઊભા રહી, એકેએકે બધાંને ટેકરે મોકલી, ગામમાં પાછાં ફરી એકલા જાગતા રહી ગામ સાચવેલું તે; ને કાંધરોટીવાળાઓએ તો મહારાજને કાંસ (પૂર) પર ચાલતા દીઠા ને ગામ એમને કારણે જ બચ્યું એમ કહેતા આવ્યા; ત્યારે જે ઘરમાં હતા તેના શેઠે તો મહારાજને, ઘોડાને કડબ નાખવા જતા પેલા મારકણા બળદો પાસેથી બે વાર જતાં-આવતાં નજરોનજર જોયા પછી ''કાં'ક છે'' એમ કેમ ન માને ? 'કાંધરોટીલોક તો સૌ કહે છે કે મહારાજ આવ્યા, અમે નજરોનજર જોયા ને ગામ બચ્યું ! હેં મહારાજ આ શું છે ?' શેઠને મહારાજ કહે : માનસદર્શન ! પ્રેમ એ જ મોટામાં મોટો ચમત્કાર ! ને આમ જુઓ તો આ સ્મરણસંહિતા પણ મેઘાણીએ મહારાજ પાસેથી ઝીલેલ વાણીનું પ્રેમોપનિષદ જ છે !

## મેઘાણીની ભાષા

દર્શન તો હોય વહેતું; ઝીલનાર–બાંધનાર જોઈએ, જે સમજીને ચયન કરે, પછી એને ગોઠવે, મૂળનાં ભાષા-ભાવ જાળવે, ખાસ તો મૂળનું 'દર્શન'. મહારાજના મંગલછલકતા હૈયાની પ્રતીતિ એમના મૌનમાં ને એ મૌન પાને પાને પમાય એવાં રેખાત્મક/સૂત્રાત્મક સાદાં છતાં ગરવાં વર્ણનો :

> 'ચરોતરની ધરતીમાં ધૂંધૂકાર ચડ્યા .......' (પૃ. 150)

એ બાબરે ફેલાવેલ ત્રાસનું વર્ણન ! તો મહારાજની ઊંઘનું :

> 'એ ત્રણેક કલાક જે નિદ્રા આવી તે રોજના કરતાં જુદી નહોતી.......
> ઇતબારનું ઓશીકું હતું.' (પૃ. 56)

મહારાજના સ્વરનું વર્ણન :

- ‘શરીરના કદથી ઊલટા જ કદનો કોમળ ધીમો સ્વર’ (97)
- ‘વાર્તાલાપમાં એકધારો મીઠો અને સુરીલો, કોઈ કુલીન વહુવારુના કંઠ સમો ધીરો.........અવાજ’ (પૃ. 14)

વગડો કેવો ?

“હોઠે આવેલી વાત પણ પાછી ઊતરી જાય, એવો એકલઅંધારો વગડો હતો.” (પૃ. 53)

મહારાજ ગુનેગારને કેવી રીતે શોધતા હતા ?

“ગોવાળ જાણે એક ધણછૂટા ઢોરને શોધતો હતો....એ હરાયું...... એને વાઘ-વરુ ક્યાંક ફાડી ખાશે તો !” (પૃ. 47)

**મેઘાણીની કલમકળા : જનતાની વાણી :**

આ અલંકારમંડન નથી; મહારાજના મનનું હૂબહૂ આલેખન છે. મહારાજ દ્રષ્ટા ખરા પણ ભાષ્ય ન કરે; તો, આ સંહિતાકાર પણ ભાષ્યકાર નથી. અઘરું કામ. મહારાજના બોલતા મૌનની પ્રતીતિ કરાવવાની ! પાને પાને કરાવી ! મકાઈ ડોડાની પ્રદક્ષિણા કરતો મોતી, બીમાર દીકરા પર બબણતી માખીઓ ઉડાડવાનું ભૂલીને પહેલી વાર ગાડીએ બેઠેલ શનિયો ઊલટી દિશામાં દોડતાં ઝાડવાંને વિસ્મિત થઈને જોઈ રહે–એને જોતા એક ‘કરુણાવતારમ્ ’! જિંદગી ને કુટુમ્બ આખું જોખમમાં મુકાય એમ મહારાજને, જેલ ખોલીને, એક રાત માટે ચૂપચાપ હવાલે કરવાનો ગુનો (!) આચરતા એક ઊંચી પાયરીના અમલદારની મહારાજમાંની શ્રદ્ધા, જેણે ખોટી રીતે પકડાવ્યા એના જ પગમાં એ સાતેય ગુનેગારોને પડાવીને વૈરના કાંટાને મૂળમાંથી જ ઉખેડી ફેંકતી મહારાજની સહજ ક્ષમા-પ્રેમ-વૃત્તિ; ચોરીનું નીતિ--રીતિ-શાસ્ત્ર મહારાજને સમજાવતો ફૂલો વાવેચો :

“હકની લક્ષ્મી હોય ને પોકારે એને ઘેર જ અમારા

પગ અમને લઈ જાય.”(પૃ. 106)

એક તરફથી બાબર દેવાની કાળી કંપાવતી ક્રૂરતાનું ચિત્ર; બીજી તરફથી જી’બાના પ્રેમપરિશ્રમભર્યા દામ્પત્યનું ઊજળું ચિત્ર. પૂરું તાટસ્થ્ય ! પાત્ર-પ્રસંગને અનુરૂપ જ સંવાદ-વાણી :

"ઓ..... ભૈ !"

"હવે મૂકોને બળ્યું. થતાં થૈ ગયું !"

એ પ્રેમટહુકા ને એ દલીલ ! તો, દાજીના રોષની વાણી એના જ મોંની ગાળસહિતની :

> "ચાર આના ન હોય, માંડ છ આના ! માંડ મારે ખાતે ! ને હવે લેજે તારા દસ રૂપિયા ! મારી સાસરી ! તારી બુનની હગલી, લેજે ! જોઈ જોઈ તને." (પૃ. 80)

કેટલું સાચું કહે છે મેઘાણી ! કહે છે તો આ પુસ્તકના અનુસંધાનમાં – આને વરસ (1945)ના શ્રેષ્ઠ પુસ્તક તરીકે મહિડા પારિતોષિક મળ્યું એ સ્વીકારતાં, પણ એમના સમગ્ર લેખન માટે સાચું છે :

> "વાઙમયના ગણનાપાત્ર ગ્રંથોનું મારું વાચન વિશાળ નથી; પરંતુ મારે સુભાગ્યે મને માનવજીવનનો મહાગ્રંથ વાંચવા મળ્યો, અને એણે મને લખતો કર્યો. સંસારનાં અનુભવપાનાં ઊઘડતાં ચાલ્યાં, ને એણે મને પાત્રો આપ્યાં. વસ્તુ-સામગ્રી પૂરી પાડી......ને એણે જન્માવેલી સંવેદનાએ મને વાણી પૂરી પાડી. જનતા મારી જનેતા બની." (ત્રીજી આવૃત્તિને આરંભે)

## પારિતોષિક કોને જાય ?

ને, આ કૃતિ વિષેનો એમનો પોતાનો અભિપ્રાય આવો છે :

> ".....એ દસ્તાવેજ છે બનેલી ઘટનાનો, લોકમાનસનો, જનતાના મનોવિશ્લેષણોનો અને જનતાની ભાષાનો........" (નિવેદન; પૃ. 17)

વાત, અલબત્ત, મહારાજે કહી, પણ એને કૃતિરૂપ આપ્યું તો મેઘાણીએ જ. એટલે જ્યારે સાંભળ્યું કે પારિતોષિક સમિતિએ સંયુક્ત-પારિતોષિક આપવા ઠરાવ્યું છે ત્યારે પોતાનો સૈદ્ધાન્તિક અણગમો બતાવેલો (જુઓ 'લિ. હું આવું છું'માંની નોંધ પૃ. 564). પછી સ્વીકાર કર્યો પણ રકમ ન લીધી. મહારાજેય ન લીધી ! એ તો બહુ સ્પષ્ટ હતા :

> "ઔષધિની કિંમત નથી; આ તો વૈદ્યની જ કિંમત છે. વનવગડામાં પડેલી ઔષધિને વૈદ્ય ખોળી કાઢે છે અને એનો ઉપયોગ કરી જાણે

> છે......માત્ર નહિ જેવી નામ કે સરતચૂક સિવાય એમણે બધી જ વાતો સુંદર રીતે રજૂ કરી છે......ખેડે એની ચીજ કહેવાય. કોઠીમાં દાણો હોય પણ દાટો મારેલો હોય તો તે શા કામનો ? કોઈ પરોપકારી માણસ આવે, રાંધે, અને ખવડાવે એની તો જ ખરી કિંમત કહેવાય.'' ('ઊર્મિ', મેઘાણીસ્મૃતિ અંક, 9 એપ્રિલ 1947, સં. તંત્રી ઈ. મો. દવે; પૃ. 36 અને 37)

આ મહિડા પારિતોષિક સમારંભ 1946ના ડિસેમ્બરમાં વડોદરામાં હતો. ગાઉટ ને બીજી તકલીફો છતાં એ ત્યાં ગયેલા. મહારાજ પણ હતા. આ કૃતિ લખાઈ, છપાઈ ને પુરસ્કારાઈ એ છેંતાળીસના વર્ષમાં ઘણું બીજુંય બની ગયું હતું.

## આકાશવાણી સાથેના અબોલા છૂટ્યા

'ફૂલછાબ' છૂટ્યું ને કાયમનું અપ-ડાઉન ટળ્યું હતું એ ખરું પણ લેખન, પ્રવાસ ને ઘર-માંદગી તો એમનાં એમ ! મીણબત્તી જાણે બેય છેડે જલતી હતી ! નામ પણ એ માટે જવાબદાર હતું ! રેડિયોને રહીરહીને લાગ્યું કે આઠ વર્ષ પહેલાં બીજા વર્ગનું ભાડું ન આપી શકાયાને કારણે જેમને ગુમાવ્યા એ અવાજ તો આકાશવાણીમાં જોઈએ જ. ત્યારે મુંબઈમાં કેન્દ્રનિયામક ને કવિ, કલામર્મજ્ઞ ઝુલ્ફિકાર અહમદ બુખારી. એમણે મેઘાણીનાં ગીતો આકાશવાણી પર ગવાય એની અનુમતિ માગી. ગીતના પ્રસારદીઠ આઠ આના ! તબિયત ને કૅમ્પને કારણે મેઘાણીએ મહેન્દ્રભાઈ પાસે એનો જવાબ (અંગ્રેજી પત્ર, તેથી અંગ્રેજીમાં) લખાવ્યો :

> ''.....it is either a huge joke....... or....... an affront...... to reputed authors........'' (તા. 31-1-'46)
>
> (કાં તો આ એક જબ્બર મશ્કરી છે....... કે પછી ખ્યાતનામ લેખકોની માનહાનિ..... !)

શ્રી બુખારીએ વિનયપૂર્વક માફી માગી (પત્રાંક 492 : તા. 20-2-'46) અને ત્યાંના ગુજરાતી કાર્યક્રમોના વિભાગના વડા નાટ્યકાર ચન્દ્રવદનને જાતે બોટાદ મોકલી, મેઘાણીને મુંબઈ બોલાવી, સતત બે કલાકનું રેકૉર્ડિંગ કરી લીધું.

## કલમનો વારસદાર

મહેન્દ્રભાઈ હવે પડખે હતા. રોજની રેલયાત્રા બંધ થઈ હતી, પણ 'ઊર્મિ-નવરચના' છપાતું હતું રાણપુર. ક્યારેક જવું પડતું; નહીં તો મહેન્દ્રભાઈ જતા કે મકરન્દભાઈ જતા. ધાર્યું હતું કે કામ હળવું – ખંડસમયનું – રહેશે પણ એ તો પછી બધો સમય ખાઈ જવા લાગ્યું ! એમાં સહસંપાદક રૂપે મહેન્દ્રભાઈ હતા. એમણે પણ પિતાને અનુસંધાને કલમ શરૂ કરી દીધી હતી. (જ. મુંબઈ : 20-6-1923; રાષ્ટ્રલડતમાં જોડાવા બી.એ. છોડ્યું; કોલમ્બિયા યુનિવર્સિટીમાં પત્રકારત્વનો અભ્યાસ; પુસ્તકવિક્રેતા; પત્રકાર. પિતા-પુત્રની બે પેઢીનું સતત–સળંગ સાહિત્યપ્રદાન દલપત ને ન્હાનાલાલ માફક. હજીયે એમની આગવી લિપિમાં આ કલમ સવેગે સંસ્કારપ્રસારમાં સક્રિય.) કુટુમ્બ આખું (ઝવેરભાઈ–ચિત્રાદેવી અને 9 સંતાનો : મહેન્દ્રભાઈ, ઇન્દુબહેન, નાનકભાઈ, મસ્તાનભાઈ તથા વિનોદભાઈ, જયન્તભાઈ, પદ્મલાબહેન, અશોકભાઈ, મુરલીબહેન. આમાં પુત્રવધૂ નિર્મળાબહેન પણ.) વળી મેઘાણીભાઈ તો 'દાદા' પણ થયા. નિમુબહેનને ખોળે પ્રથમ સંતાન અબુલ હતો. મોટાં પુત્રીનું એમને મનગમતે સારે ઠેકાણે વેવિશાળ થઈ ગયું હતું. નાનક-મસ્તાન ચૌદેકની વયના; સારી કેળવણી મળે માટે કડીના સર્વવિદ્યાલયમાં હતા. ચિત્રાદેવી પણ ભરત-ગૂંથણની હાથકારીગરીમાં પાવરધાં હતાં. એ પૂરક વ્યવસાય, વિશેષે તો નિજાનંદવાળો શોખ હતો. એમ કુટુમ્બ આખું ગોઠવાયેલું હતું. બે અલગ ઘરવાળું ડેલીબંધ મકાન બોટાદમાં હતું. પણ શરીર કથળતું હતું ! દાંત, આંખ, ક્રૅમ્પ, ગાઉટ, હરસ...... ! ચિત્રાદેવીની તબિયત પણ નરમગરમ રહ્યાં કરતી. 'ઊર્મિ-નવરચના'નું મુદતબંધી કામ થકવતું હતું. 'લગભગ આખો મહિનો એની પાછળ ડૉળાતો (પત્રાંક 551). મન ઉચક રહેતું. સામયિક બનાવો પરની નોંધો ઉપરાંત 'કાળચક્ર' અને 'સોરઠી સંતવાણી'નાં કામો પણ હાથ પર હતાં. એકસાથે અનેક કામોની એમની રસમ પણ થકવે એવી હતી. વળી બધાં જ કામમાં એ જરાક નવરા પડે કે જોડાય – એવી વૃત્તિ હતી; આવડત પણ. કપડાં ધોતાં ને ચૂલો સળગાવતાં પણ આવડે. બાળકોને નાહવા-ધોવા લઈ જાય. કોઈ માંદું હોય તો પોતે ચાકરી કરે. રોજ સાંજે ફરવા જાય ત્યારે જે સામું મળે તેને બોલાવે, ખબરઅંતર પૂછે. અત્યંત સંવેદનશીલ ને અનેક રોગે ગ્રસ્ત. તેમાંય સંધિવાનો તો જબરો ત્રાસ.

## વસન્ત–રજબના બલિદાન પર નોંધ : ગાંધી-અનુયાયીઓની ટીકા

તેમાં અમદાવાદના કોમી હુલ્લડના અને એમાં વસન્ત–રજબ હોમાયાના (1 જુલાઈ, 1946) સમાચારે તો સળગી ઊઠ્યા ! અંગત પત્રોમાં (પત્રાંકો 573, 574) તો એનો બળાપો કાઢ્યો જ, પણ 'ઊર્મિ-નવરચના'માં પણ લખ્યું :

> "હેગિષ્ટે–રજબઅલીને પગલે પળવા ઝાઝા જનો બહાર પડ્યા નથી (અમદાવાદમાં ગાંધીભક્તોની બહોળી છત છતાં).....પાંચસો મરજીવાની મોખરે મહાત્માજીનો પ્રવેશ જો જમાલપુરમાં થયો હોત તો જગતને કંઈક જાણવા-ગ્રહવા જોગું જરૂર મળ્યું હોત."
>
> ('લિ. હું આવું છું' પૃ. 633)

પણ એ જ રાત્રે ગાંધી જે ટ્રેનમાં પુણે આવતા હતા તેને ઉથલાવી, એમનો જાન લેવાનો પ્રયત્ન થયેલો, એ તેઓ (મેઘાણી) ક્યાં જાણતા હતા ? જોકે ટીકા પાછળ એક નિર્ભય નિષ્પક્ષ પત્રકારની નિષ્ઠા છે. ગાંધીજીએ આ અંગે પોતે અમદાવાદ ન દોડી ગયા વિષે વસવસો 'હરિજનબંધુ'ના 28-7-'46 અને 4-8-'46ના અંકોમાં પ્રગટ કર્યો છે ને 7-7-'46ના 'Harijan'માં 'Atom Bomb and Ahimsa'ની નોંધ છે. આવી જ કોઈક ઘટનામાં પોતે જશે – એની તત્પરતા (કે આગાહી) પણ છે. પણ ગુંડાથી ન ડરવાની ને હિંમતથી સામનો કરવાની સલાહ આપે છે :

> 'કાં તો એને હાથે મરવું, એવી હિંમત ન હોય તો લડીને બચાવ કરવો.' ('લિ. હું આવું છું', પૃ. 633)

પણ તત્ક્ષણ જે બન્યું એમાં એ તો કેવી રીતે આવે ? ને આવાં કામો માટે તો અનુ-યાયી બને જ કોણ ! આ પત્રકારી ચિન્તા હતી એ ખરું, પણ ઊંડે ઊંડે હવે વળગણ તો ભજનોનું હતું.

•

# 12
# ધણીને દ્વાર

### છેલ્લો જન્મદિવસ ઉમાશંકરને ત્યાં

પછીને જ મહિને 'ગળેબંધણા જેવી એક અનિવાર્ય ફરજ બજાવવા' ('લિ. હું આવું છું' પૃ. 65, લીટી 23) ભાંગેલી તબિયતે પણ એમને 8-10 દિવસ અમદાવાદ રોકાવાનું થયેલું. (11-8-1946થી 19-8-1946 કે કદાચ એથી એકબે દિવસ વધારે.) કડીથી બન્ને ભાઈઓ(નાનક--મસ્તાન)ને પણ બોલાવેલા. એ દરમિયાન એમનો જન્મદિન (26-8-'46) આવતો હતો. 50 વર્ષ પૂરાં થતાં, મોટો ઉત્સવ કરવાના પ્રયત્નમાં ગુણવન્તરાય આચાર્ય હતા. એમને એમણે, એ વાત આગળ વધે તે પહેલાં જ, એક લાંબો પત્ર લખીને રોકેલા; પણ એ શ્રાવણ વદ પાંચમે, ઉમાશંકરને ત્યાં વિદ્યાર્થીઓ સમક્ષ અઢી કલાક ભજન જ પીરસ્યું. પ્રસન્ન હતા – જીવનમાં જે થયું તેથી, પણ શ્રદ્ધા હતી : 'હજી કાંઈક સારું થશે' તેવી. ઉમાશંકર કહે : 'કવિતા કાંઈ લખાતી નથી હમણાં ! કેમ ?' કહે, 'ભજનોની જ લેહ છે એટલે.' ('ઊર્મિ-નવરચના' મેઘાણીસ્મૃતિ અંક, 9 એપ્રિલ, 1947; પૃ. 118) એ એમનો છેલ્લો જન્મદિન ! બોટાદને ઘેર એ સાલ (1946) બે ગાય લીધી. કામ વધાર્યું. એ અરસામાં વલ્લભ-વિદ્યાનગરમાં ભાઈલાલભાઈ ને ભીખાભાઈનો આગ્રહ હતો કે એ અધ્યાપક તરીકે જોડાય. કુટુમ્બને સ્થાયી વસવાટ મળે એ એક આકર્ષણ હતું. ગયા ને જોયું બધું. આવી જ એક યોજના વિદ્યાપીઠની પણ હતી; પણ બધું વિચારતાં પછી નિર્ણય લીધો કે

> "યુનિ૦ શિક્ષણક્રમના ચોકઠામાં ભણાવવાના કાર્ય માટે પંડિત બનવું પડે. મૌલિકતાનો અવકાશ ઓછો. હું રહ્યો આત્મસ્ફુરણાનો જંતુ. એટલે એમ. એ. હોત તોપણ ગોઠવાઈ ન શક્યો હોત." ('અંતરછ-બિ', પૃ. 561)

એ જ સાલ રાજકોટમાં સાહિત્ય પરિષદનું સંમેલન હતું રામનારાયણ પાઠકને અધ્યક્ષપદે. તબિયત સારી નહોતી, તોય ગયા, સાથે મિત્ર (શ્રી લખુભાઈ શાહ) અને પુત્ર વિનોદને લઈને. ઑક્ટોબરની 15મીએ બોટાદથી નીકળી, હડાળામાં દરબારસાહેબ વાજસુર વાળા બીમાર હતા તેમની ખબર કાઢી, 15-16 ત્યાં રોકાઈ, 17મીએ રાજકોટ. ત્યાં ત્રણ દિવસ રોકાયા. સાહિત્ય વિભાગના પ્રમુખ તરીકે જે વ્યાખ્યાન આપ્યું તેમાં કહે :

> "માનવી છે આપણા અવગાહનનો વિષય. એની માનવતાના સર્વ અંશોની લીલા એ છે આપણાં વિચાર, સંવેદન અને કલ્પનાની વસ્તુ. એવા રસાયણમાંથી આપણે નિપજાવવાનું છે સમન્વય–માધુર્ય. – We are the music-makers." ('અંતરછબિ', પૃ. 556)

ડિસેમ્બરના 'ઊર્મિ-નવરચના'માં 'साहित्ययात्री'ના ઉપનામે પરિષદનો અહેવાલ આપ્યો. બધુંય ભાંગતે શરીરે ! ગાઉટના ત્રાસનો પાર નહોતો. નવેમ્બરના વીસેક દિવસો સારવાર માટે અમદાવાદ રહ્યા. ડિસેમ્બર બોટાદમાંય એવો જ ગયો !

> જૈસી ધૂણી અતીત કી
> જબ ખોલો તબ આગ !

એક મિત્રને લખ્યું : (પત્રાંક 606; પૃ. 667)

> "......હું તો શરીર ગુમાવી બેઠો. કંઈ ભરોસો જ નહીં. છતાં, સમાપ્તિ તરફ તો –
>
> singing a song, marching along !
> (ગાતાં ગુલાબી તૉરથી આગેકદમ !)
>
> એ મિજાજમાં જવાનું રાખ્યું છે."

## એક મોટો આઘાત : ડૉ. વ્રજલાલની વિદાય

ત્યાં એક મોટો આઘાત એકાએક આવી પડ્યો. મુંબઈનાં કોમી તોફાનોમાં

10-1-1947ને રોજ મુસ્લિમ લત્તામાં સેવા કરવા જતાં સાધુચરિત ડૉ. વ્રજ-લાલ મેઘાણીની હત્યા થઈ ! નિર્જન વનવગડે ફાલતાં-ફોરતાં ફૂલોની ખબર વેરાનમાં વસતી વાદળીને તો હોય છે જ, એટલે

> "Full many a flowers are
> born to blush unseen."

એ એની તો ફરિયાદ નથી. વ્રજલાલ એટલે પિતરાઈ ભાઈ એ લોહીનો નાતો ખરો; 'પ્રબુદ્ધ જૈન'નો નિયમિત લેખક 'વિવેકબુદ્ધિ', ચિંતક; 'દુઃખી દુનિયા' (1933) નવલકથા અને 'આળાં હૈયાં' (1946) વાર્તાસંગ્રહનો કર્તા પણ સમજ્યા; પણ નિત્યની જેની આ પ્રાર્થના હતી તે :

> "મનુષ્યના મહિમા વીસરું તો,
> જન્મ તણો હેતુ ભૂલું તો,
> સ્વર્ગ શી સૃષ્ટિ નષ્ટ કરું તો,
> ચેતનહીન પથ્થર કરજે !"*

એ રોજ માગનાર ! ને ધર્મ-કર્મ-દૃષ્ટિ પણ કેવી સાફ !

> "જેટલી કાળજી ભક્તિ-પૂજા-મોક્ષ-મુક્તિ માટે કરી છે ને જેટલો કાળક્ષેપ મૂર્તિ શણગારવા કર્યો છે તે કાળજી-કાળક્ષેપ માનવજાતને ઘડવા કર્યાં હોત તો પૃથ્વી પર જ સ્વર્ગ ને મોક્ષ હોત."*

ને આવું સ્વર્ગ ઉતારવા

> "પ્રભુને શિર પરે રાખી
> મરદ તો મોખરે ચાલે."[1]

એ ગાનારે પોતે ગાનને (ને ચિન્તનને) સાર્થક કર્યું ! એટલે આઘાત જેવો-તેવો નહોતો. જાણે

"આપણા પોતાના મૃત્યુના પુરોગામી ભણકારા"

– એમ એક મિત્રને કહે છે. ('ઊર્મિ-નવરચના' એપ્રિલ, 1947, પૃ. 81) (સહેજ સરખાવો ડૉ. વ્રજલાલ મેઘાણી અને ઝવેરચંદ મેઘાણીનાં જન્મ-મૃત્યુ--સાલ ! 1896 ને 1947 !) મેઘાણી ખૂબ ભારે હૈયે મુંબઈ ગયા હતા. 19-1-1947ની શોકસભામાં ત્યાં જે ચિન્તન-ચિન્તા વ્યક્ત કર્યાં હતાં તે આજેય સ્મરણીય છે :

---

1 (*"સ્વ. ડૉ. મેઘાણીને"....... જૈન હાઈસ્કૂલ, મુંબઈ; 1948માંથી)

> ''રાષ્ટ્રમાં અનેક કુકર્મોનો ઉદય થયો છે. એમાં સેંકડો હોમાય છે...... આમાં દોષ...... તો.......બંગલાઓમાં રહેવાવાળાઓનો..... કેટલીક જગ્યાએ રાષ્ટ્રીય સરકારની નિર્બળતા.....આવાં રમખાણો અચોક્કસ સમય સુધી લંબાય એ અક્ષમ્ય છે......''
>
> ('લિ. હું આવું છું', પૃ. 670)

હજી 'રાષ્ટ્ર' વૈધાનિક રીતે તો પ્રગટ્યુંય નહોતું, તે પહેલાં જ એને લાગુ પડેલ આ મહામારીની સામેની ચેતવણી ! એ શોકસભામાં મૃત્યુનાં બે મહિ-માગીત પણ ગાયાં : 'સંહારના સ્વામી'નું –

> 'તમે છો શિવ ને તમે છો સુંદર રે !'
>
> અને
>
> 'જાવું જગજનનીને ખોળલે રે !' ('ઊર્મિ-નવરચના' એપ્રિલ, '47; પૃ. 85)

ત્યારની અંજલિઓમાંથી એક અજાણ્યાની ઉતારવાનો લોભ ટાળી નથી શકાતો :

> ''આવા જૂજ માણસો સમાજરૂપી વહાણનાં
>
> લાકડાંઓના ખીલારૂપ બનીને સમાજના
>
> ધારણને ટકાવી રાખે છે.''
>
> ('સ્વ. ડૉ. મેઘાણીને', સં. માવજી ધનજી શાહ, જૈન હાઈસ્કૂલ, મુંબઈ; 1948; પૃ. 17)

ડૉ. મેઘાણીની વાર્તા 'જૈનાબીબીની બકરી' વાંચતાં એક ગરીબ નિઃસ-હાય વૃદ્ધાનું, કરુણાનીતરતું – જાણે એ સમાજનું જ પ્રતીક હોય એવું – ચિત્ર તરે છે ! પૂછી બેસાય : પ્રેમ ને પરહિતોપકારનાં 'પેલાં દિવ્ય લોચનિયાં રે, પ્રભુ, ક્યારે ઊઘડશે ? / આવાં ઘોર અંધારાં રે, પ્રભુ, ક્યારે ઊતરશે ?'

1947નો જાન્યુઆરી અડધો પ્રવાસમાં ગયો. 18થી 20ના અરસામાં મુંબઈ હતા. ચિત્ત વ્યગ્ર હોય તે સ્વાભાવિક છે. એ કળી જઈને એક સ્નેહીએ (શ્રી રતિભાઈ ઝાટકિયાએ) પ્રેમથી આગ્રહ કરીને વિમાનપ્રવાસ ગોઠવ્યો. દિલ્હી લઈ ગયા. ત્યાં ત્રણ દિવસ રહ્યા. બંધારણસભાગૃહ જોયું. હર્યાફર્યા.

વળતાં દિલ્હીથી અમદાવાદ પણ વિમાનમાં જ. રોમાંચ અનુભવ્યો : 'જન્મ ધરીને પહેલી જ વાર આ પૃથ્વી માતાનું વિરાટદર્શન' કર્યું. (પત્રાંક 617) 25મીએ અમદાવાદ આવી, રાત્રે જ નીકળી, 26મીએ શુક્લતીર્થ. વ્યાખ્યાન આપ્યું. નર્મદાદર્શન કર્યાં. નૌકાવિહાર કર્યો ને નાવિકો પાસેથી ભાતભાતની વાતો કઢાવી ! કબીરવડ જોયો. રંગઅવધૂત અને એમના નારેશ્વર વિશે જાણ્યું. 27મીએ નીકોરા. વ્યાખ્યાન. એક સરોવરે નૌકાવિહાર. દરમિયાન થયેલ પરિચયમાં એક જ્યોતિષીને જન્મ-સ્થળ-તિથિ વગેરેની વિગતો આપી. (પાછળથી એમણે કુંડળી બનાવી મોકલી. વિગતો માટે જુઓ 'શબદનો સોદાગર'નું પરિશિષ્ટ.) પછી અમદાવાદ આવ્યા. 'ઊર્મિ-નવરચના' ને પુસ્તકો અંગેનાં કામ પતાવી 31-1-'47ને રોજ પહોંચ્યા બોટાદ (પત્રાંક 611).

મેઘાણીનું આખું જીવન જુઓ : ક્યારે એ ક્યાં કેટલું નિરાંતજીવે બેઠા ?! સતત જાગરણ ને સતત પગરણ ! પહોંચ્યા બોટાદ કે પેલા મિત્રો હાજર : દર્દો : દાંત, આંખ, પેટ, પગ, આંગળાં, હરસ....... એમાં સૌને મળવું-હળવું ને સૌનીયે વેદનામાં ભળવું ગમે ! સમાજમાં જાતસંગોપન ને અંગત સંવેદનનું પણ સંગોપન ! એકસાથે અનેક કામો – ઘરનાં ને સાહિત્યનાં ઉપાડ્યાં હોય ! કલમ જ્યારે ઉપાડી ત્યારે કોરિયા પર લખેલું 'એશિયાનું કલંક'. પછી આવૃત્તિએ આવૃત્તિએ ત્યાં થયેલ ફેરફારો વિષે વાંચીવાંચીને ઉમેરતા રહેલા; એની છેલ્લી આવૃત્તિ હવે કરવી જોઈએ ને '47 સુધીની માહિતી એમાં આમેજ કરવી જોઈએ. મહેન્દ્રભાઈએ પત્રવ્યવહારથી મેળવી આપી. બેઠા લઈને. એ માટે વાંચ્યું. અન્ય વાચન પણ હોય જ ! દા. ત., છત્તીસગઢનાં લોકગીતો પરનું એલ્વિનનું પુસ્તક વાંચીને પાછી ચર્ચાય માંડે ! એમને પોતાની રિસાળુ–ફૂલવંતી-કથાની ચાવી મળ્યાનો આનંદ પ્રગટ કર્યો ને એ કથાસાર આપ્યો ! 'ઊર્મિ-નવરચના'નું કામ – નોંધો, 'પરકમ્મા', 'કાળચક્ર', સંતવાણીની ને દુહાની તારવણી, .......એ સાહિત્યનું ને ઘર-ગાયનુંય તે ! બાળકોને નાહવાધોવા લઈ જવાનાં, ફરવા જવાનું વગેરે. મુંબઈથી આવીને કામમાં આમ પૂર્વવત્ પરોવાયા હતા ત્યાં પાછું મુંબઈ જવાનું આવ્યું !

નાનાં બહેન સમજુબહેન ચુનીભાઈ પારેખ (જે પહેલાં બ્રહ્મદેશ હતાં), એમના પુત્ર ગુલાબભાઈનાં લગ્ન હતાં સ્નેહી મિત્ર રતિલાલ ઝાટકિયાનાં નાનાં બહેન ચંપાબહેન જોડે. બન્ને પક્ષે સંબંધ, ને મામા તરીકે પણ જવાની ફરજ. આ પ્રસંગ તો આપદધર્મ હતો, નહિ તો ડૉ. મેઘાણીના મૃત્યુની છાયાય

હજી ઢળી નહોતી. '.......સૌને વંદનીય વ્યક્તિના આવા કરપીણ મૃત્યુની અદબ જાળવીને જ બધું થાય એમાં જ આપણી સૌની શોભા' (પત્રાંક 618) – એ સલાહ સાથે અમદાવાદ થઈને મુંબઈ પહોંચ્યા ફેબ્રુઆરીની એકવીસમીએ. પ્રસંગ ઉકેલી, 26–27મીએ નીકળી, વડોદરા એક દી ને ગુણવંતરાય આચાર્યના રણજિતરામ ચંદ્રકપ્રદાન અવસર પર રોકાવું હતું છતાં ચિત્રાદેવીની તબિયત બગડ્યાનો પત્ર આવતાં બેએક દી અમદાવાદ રોકાઈ, માર્ચની પહેલીએ બોટાદ પહોંચ્યા.

પણ પહેલાંની સ્ફૂર્તિ જાણે નો મળે ! સાંજે સાથે ફરવા જતા મિત્રે પૂછ્યું, તો કહે, 'હમણાં થોડા દિવસથી મને હૃદયને આંચકો લાગે છે.' 'સંસ્કૃતિ' માટે એક લેખ, મધુભાઈ સંપાદિત દક્ષિણ ગુજરાતનાં લોકગીતો વિશેનો, મોકલતાં લખ્યું

> 'મારો લેખ શરીર કામ કરતું હશે ત્યાં સુધી તો દર અંકે હાજર થશે.'

એમાં જીવનની પછેડી વિષે સરસ પંક્તિઓ છે :

> 'એક ઝીણી પિછોડીની ઓઢણી
>
> એને ખસી જતાં નૈં લાગે વાર રે !'

'મૂળ રે વિનાનું કાયા ઝાડવું'ના જેવું જ ! અને એક વિનોદી ફટાણું છે જેમાં વેવાણને ભીંત પરની ગરોળી (પરવલ્લી) કહી છે :

> 'ભાંગી રે ભીંતે પરવલ્લી !
>
> ડાલમ ડોલમતી જાય !
>
> વેવાણને કરડી ગાલમાં,
>
> વેવાણ બબડતી જાય !
>
> ચાંદો ઊગ્યો ત્યારે
>
> મરી મસાલો,
>
> તેલનું ટીપું
>
> ચાં ચૂં ચપ ! ('ઊર્મિ-નવરચના' એપ્રિલ, '47; પૃ. 1112)

લોકસાહિત્યનો રસ જીવનની છેલ્લી ઘડી સુધી સજીવ અને સક્રિય હતો. એ દિવસોમાં તેઓ

> ‘‘......દુહાઓની એક પુસ્તિકા તૈયાર કરી રહ્યા હતા. .......એ માટે દુહાઓ સ્મરણમાંથી કાગળ ઉપર ટપકાવી રહ્યા હતા અને પાછળથી તેના અર્થ પૂરવા દરેક દુહા નીચે જગ્યા છોડતા જતા હતા. એ રીતે સવાસોક દુહાઓ ટપકાવ્યા બાદ તેમણે વીસેક દુહાઓના અર્થ પણ લખી નાંખેલા. સાંજ પડી, અંધારું થયું. એટલે બાકીનું કામ બીજા દિવસ ઉપર બાકી રાખી તેઓ ઊઠ્યા. પણ વળતી સવારથી શરૂ થયેલા ગૅસના દુખાવાએ એમને ફરી કલમ હાથમાં લેવા દીધી નહિ.’’ મહેન્દ્ર મેઘાણી (‘સોરઠિયા દુહા’, 9 ઑક્ટોબર, 1947; નિવેદન)

પછી એમનાં જ પુસ્તકોને આધારે એ કામ મહેન્દ્રભાઈએ પૂરું કર્યું. એ પુસ્તિકામાં 164 દુહા અને 9 કુંડલિયા છે. એ પુસ્તિકા તો અધૂરી રહેલી ને એમના મૃત્યુ બાદ સાત મહિને પ્રગટ થયેલી. પણ એ લોકવાણીની વાતો પ્રગટ કરવાની ઊલટ હતી વણથંભી ! એ પુસ્તિકાની જ એક વાનગી :

> ‘‘ગાલડિયું ગૂઢેરથ જ્યું વધીને વડ થિયું;
> ચંગે માડુએ ન પૂછીયું, (પછી) દલજી દલમેં રૈયું.
>
> ગૂઢાર્થની વાતો મારા મનમાં વધીને વડ જેવડી થઈ, પણ કોઈ સુજન માણસે મને એ પૂછી નહિ; (બેવકૂફને તો મેં કહી નહિ.) એટલે પછી એ બધી વાતો દિલની દિલમાં જ રહી ગઈ.’’

– ઝવેરચંદ મેઘાણી (‘સો. દુ.’ દુહો 22; પૃ. 2)

જાણે પોતાના સમગ્ર કાર્યના સંદર્ભમાં આત્મમૂલ્યાંકન ન કરતા હોય એવાં એમનાં ઉમાશંકરને લખેલ વૅણ સાંભરી આવે :

> ‘‘મારે બીજી કોઈ પ્રતિષ્ઠા જોઈતી નથી, લોકસાહિત્યની એક જ કલગી બસ છે, ને એને vindicate કરવા માટે મારી પાસે ઘણું છે.......હું ગળાઈને ઇતિહાસમાંથી કાંકરા-કસ્તર જેવો નીકળી જાઉં તોયે શો અફસોસ છે ? પણ હું મારી પાસે જીવનતત્ત્વ છે તેને ક્યાં લઈ જાઉં તે કોઈ કહેશો ?’’ –ઝવેરચંદ મેઘાણી. (પત્રાંક 228 : તા. 30-8-1940)

"મારું ઇતર લેખન જરૂર જરૂર ભલે ભૂંસાઈ જાઓ (ને ભૂંસાઈ જ જશે તો !), હું ફક્ત એકલા લોકસાહિત્યનું નામ લઈને ઊભો રહીશ. એમાં રહેલી નાનમ પણ મને મારી પોતાની લાગશે." (પત્રાંક 228 : તા. 8-1-1941)

આમાં લોકસાહિત્ય સાથેની એમના અંતરની એકતારતા, એના અણખૂટ ભંડારની મબલખતાની ખાતરી અને એ સામગ્રીનું મહત્વ – એ તો જીવન-તત્વ – ત્રણેય જોઈ શકાશે. એ નથી અહંવચન કે નથી પ્રીતિવચન; પ્રતીતિ-વચન છે. કાળસંજોગ જુઓ ! 'સોરઠી સંતવાણી'નું કામ એમને હાથે 8મીએ જ – મૃત્યુને આગલે દી – પૂરું થયું ! પ્રવેશકનું પ્રૂફ જ બાકી. 8મીએ સવારે વરિષ્ઠ પત્રકાર ઈશ્વરલાલ દેસાઈને મુલાકાત આપી. સાંજે પ્રાથમિક શાળાના શિક્ષકોના સંઘના ઉદઘાટનસમારંભને ઉદબોધન કર્યું. એ એમનું છેલ્લું જાહેર પ્રવચન. પ્રવચન દરમિયાન જ છાતીમાં દુખાવો અનુભવતા હતા. 9મીએ રવિવાર હતો. દુખાવો હતો. જમવાનીયે રુચિ ન રહી. પથારીવશ રહ્યા. સાંજની દવા લીધી પણ રાતનો 'ડોઝ' લેવા ચિત્રાદેવી ઉઠાડવા ગયાં રાત્રે અગિયારેક વાગ્યે ત્યાં આંખે અનન્ત શાન્ત આવીને બેસી ગયું હતું. જેણે પહેલા જ ગીતમાં સચરાચરના ઝાંખા દીવડાને જોયો – આરાધ્યો હોય, ને પછી નિરભે થઈ આપોપું ટાળી–બાળી, છેલ્લે એકતારો લઈ બેઠા હોય એ 'મરી ગયા' નહિ, 'તરી ગયા' ! 9મી માર્ચે રાત્રે મધરાત પહેલાં દેહોત્સર્ગ થયો. એ લોકસંતોની પંગતે જઈને બેઠા : એમની જ 'સંતવાણી'માં મૂળદાસ કહે છે તેમ :

મરવું એને કઈયેં, મરણના ભે ટળે,<br>
ટાળવું એને કઈયેં, આપ ટાળે,<br>
બાળવું એને કઈયેં, ફરીને ઊગે નહિ,<br>
ભાળવું એને કઈયેં, બ્રહ્મ ભાળે !

આ તો ભાળે જ નહિ, ભળાવે પણ : જુઓ, શબદના સોદાગરોની ઓ જાય ચલી વણઝાર જી !

## 'સોરઠી સંતવાણી' (9 એપ્રિલ, 1947)

### પ્રવેશક : ઇતિહાસ

......'સંતવાણી' પ્રગટ્યું તો અવસાનની પહેલી માસિક તિથિએ પણ એ

મેઘાણીની શબદખેપનો છેલ્લો પડાવ. 'કાળચક્ર' છો અધૂરું રહ્યું, આ પરિયાણ તો પૂરું કરીને જ ગયા – પ્રવેશક સુધ્ધાં. પ્રૂફ જ એનું બાકી હતું ! પ્રવેશક પણ ખાસ્સો બાસઠ પાનનો છે. અગત્યના ઘણા મુદ્દા આવરી લીધા છે.

ચૌદમી સદીમાં એ ભક્તો-સંતો-ભજનિકોનો કાફલો એકાએક ક્યાંથી ફૂટી નીકળ્યો ? એ ઇસ્લામ કે ખ્રિસ્તી અસર નથી. રાનડે કહે છે તેમ, ઉપ-નિષદમાં એની ગંગોત્રી. બૌદ્ધ ધર્મ જ્યારે મઠ છોડી લોક સુધી ને એમની ભાષામાં ફેલાયો ત્યારે એની – ખાસ કરીને એના યોગમાર્ગની અસર; એમાં નાથપંથીઓનીયે ખરી. પણ દક્ષિણના આલવારોથી ઊપજેલ રામાનુજી ભક્તિ, એમની પાંચમી પેઢીએ થઈ ગયેલ રામાનંદે ભારતભરમાં પ્રસારી. 'રામ' નામ અદ્વૈતનોય પર્યાય બની ગયું. જાતપાંત મૂકીને એક જ્યોતરૂપ-ની આરાધના; કબીરથી એને વેગ મળ્યો. રામકબીરિયા ને સતકબીરિયાની મુખ્ય ધારા રૂપે ગુજરાતના છેક નીચલા ગણાતા થર સુધી આ ભક્તિધા-રા ઊતરી. 'ધૂનો ધરમ', 'અજર-નિજાર પંથ', 'પાટપૂજા' રૂપે શબદરૂપ (ભજનરૂપ) લઈ, એકતારા પર રાતોની રાત ગજાવતી રહી – એ અન-ન્તરૂપની આરાધના. સૌની સમાનતાની જ આરાધ, જ્યોતની; માનવદેહને દેવ ગણવાની વાત; સ્ત્રીપુરુષ સાથે રહીને જ આરાધે એ રૂઢિ-પ્રચાર સાથે, યોગની અટપટી પ્રક્રિયાની જે આગવી પરિભાષા ભારતભરમાં હતી તે લઈને જ ઊતરી. જીવન કે સંસાર અભેદનું ઘર છે. દેહ દેવળ છે; એને માટીનો ઢગ કહો તો એય જ્યોતિવાળો છે :

"ધૂડના ઢગામાંય જી
  જ્યોત જલત હૈ
અંધાર મટ્યો કાળા દલ કો
એને અજવાળે રામ,
  અગમ ન સૂઝ્યો તેને
ભેદ મળ્યો નહિ એના ઘરકો !
  રામજીને બનાયો પવનચરખો !

મેઘાણી એ આખા ઇતિહાસને બતાવ્યા પછી થોડાંક વાક્યોમાં મઢી આપે છે :

"ગોરખનાથ, રામાનુજ, રામાનંદ, કબીર, જ્ઞાનેશ્વર, નામદેવ, જ્ઞાનદેવ

વગેરે મધ્યકાલીન સંતો અલગ અલગ પ્રાન્તના છતાં પરંપરાદૃષ્ટિએ અભિન્ન એક સંસ્થા કે સંઘસ્વરૂપ હતા. એ રહસ્યવાદીઓની ગૂઢ વાણીને આ ગુર્જર સાંઈસંતોએ પોતાની ગુજરાતી ભાષાના વાહનમાં બેસારી મઠો, તપોવનો અને મંદિરોની બહાર..... ચોક-ચૌટામાં લાવી મૂકી હતી. (પણ) ......એ અનુકરણ કે નકલ નથી, મૂળ પરંપરાનો જ, નિજત્વના તૉર પર પ્રવહમાન રાખેલો સાહિત્યસ્રોત છે.'' (પૃ. 14)

એ લોકવાણી છે, લોક-અનુભૂતિ છે, લોકગાન છે; એટલે લોકસાહિત્ય છે એટલું જ નહિ, લોકસાહિત્યને વટવૃક્ષરૂપે લેતાં વાર્તા, ગીત, ઉખાણાં-ટુચકા – એ બધાં સ્વરૂપો તો એનાં ડાળ-પાંખડાં, જ્યારે આ તો

''લોકવાણીનો અંતિમ પરિપાક....આખરી આત્મિક રહસ્યમંથન – .... તેય લોકવાણી .....જનસામાન્યને સ્પર્શે તેવા તાલસંગીતના કટોરામાં (પૃ. 3)........ શબ્દ, કાવ્ય અને સંગીતનું એ એકાકાર અને અર્થાનુગામી સ્વરૂપ (પૃ. 18).....દાર્શનિકતાનાં ઉત્તુંગ શિખરોને સાદામાં સાદા શબ્દે સર કરતી વાણી. (પૃ. 22) ......ભજનવાણી એ તો કલાત્મક સર્જન અને સ્વાનુભવની સમ્પત્તિ છે. એ સાચા અર્થમાં આપણું વાઙ્મય છે.'' (પૃ. 23)

આવી ઇતિહાસ-સ્વરૂપ-ચર્ચા પછી એ સાત ભજનિકોનાં જીવન-વાણીનો પવનવેગી પણ સદૃષ્ટાન્ત પરિચય આપે છે : ભાણસાહેબ, ખીમસાહેબ, રવિસાહેબ, મોરારસાહેબ, સંત હોથી, ત્રિકમસાહેબ અને 'દાસી' જીવણ.

પોતે આ ભજનો કેમ ભેગાં કર્યાં એની વાત કરતાં આ તો પ્રથમ ભાગ છે. બીજો આપવાની ઇચ્છા છે એમ પણ જણાવે છે (પૃ. 58). છેલ્લે આ ભજનોમાં યોગની ક્રિયા ને એની પરિભાષાના જે શબ્દો વારંવાર આવે છે તેની સમજ આપે છે.

પછીનાં 160 પાનાંમાં 103 ભજનો છે. પ્રત્યેક ભજનની નીચે અર્થ ને આગળ જરૂર પડી ત્યાં નોંધ છે. આ ભજનોને એમણે વિષયની દૃષ્ટિએ છ ખંડોમાં મૂકેલાં છે : ધણી અને ધરતી, ભક્તિનો માર્ગ, નવધા ભક્તિ, સતગુરુ, માનવ-અવતાર, અને પ્રેમલક્ષણા ભક્તિ. નવધાવાળો ખંડ મોટામાં મોટો, 41 ભજનોનો છે; ને એમાં 38 ભજનો તો ગંગાસતીનાં જ છે. બાકીનાંમાં 10 ને 15-17 વચ્ચે ભજનો છે. આ 103 ભજનો (પાંચેક નામાચરણ વિનાનાંને બાદ કરતાં) 32 ભજનિક સંતોનાં છે. એમાં લોયણનાં 3, તોરલનાં 2, ગંગાસતીનાં

38 ને પાનબાઈનાં 3, તથા મીરાંનાં 5 – એમ અડધોઅડધ તો સ્ત્રીસંતોનાં છે. મીરાંની આ સોરઠી, તળપદી, મીઠી વાણી ને અસ્સલ અહીંના જ તળપદા ભજનઢાળ આ સંગ્રહનું એક મોટું આકર્ષણ ગણાય. ઘણાંયમાં નામાચરણ ભ્રામક હોય તેમ અહીં પણ હોઈ શકે. પણ ભાવતીવ્રતા ને સંવેદન-આકલન મીરાંને અનુરૂપ છે !

– ‘સાંયા ! મેં તો પકડી આંબલિયાની ડાળ રે

જંગલ બિચ મૈં ખડી રે જી !’

– ‘ભાળેલ રે બાયું !

દેખેલ રે બેની ?

ગોકુળ ગામડાનો ગારડી રે, કાન કોયે ?’

કાળીનાગનાં કરડ્યાં બેની, કોઈ નવ ઊગરે વાલા !

ઝીણી ઝીણી આવે મુને લેરડી રે, કાન કોયે....’

– ‘ફૂલડિયાં વેરાવું ફાંટે ફાંટે રે,

મ જાવ મથુરાની વાટે રે !’

– ‘ઓધાજી ! કાનુડાને કોઈ સમજાવો રે

રે એક વાર ગોકુળમાં આવો !

.......અણવાણે પાયેં અથડાશો રે....

હૈડાંનાં દખડાં વાલાં હૈડે સમાણાં રે

દજડેં સુકાણી મોરી દેયું રે ! એક વાર૦’

– ‘છૈયેં રે દુ:ખીઆં અમે નથી સુખીઆં

મોરી દાઝલ દેયુંના અમે છૈયેં દુ:ખીઆં !’

– આવો સંગ્રહ આપીને મેઘાણીએ બહુ મોટું કામ કર્યું છે. એમની નોંધોય ક્યારેક તળપદા લોકજીવનની રસપ્રદ સામગ્રી પકડવાની એમની સૂઝ-સમજ દર્શાવે છે. ભોજલના ભજનની એક પંક્તિ છે – બિનઅનુભવી, કુંવારી શું જાણે એના અનુસંધાનમાં આવે છે :

‘વસમી વિયાજમ કેરી વેણ્ય’ –

એમાંના ‘વિયાજમ’ પરની પાદટીપ જુઓ :

> ''આ સોરઠી શબ્દ ખૂબીદાર છે. વિયા = બાળક, જમ = યમ, બાળકની અને યમની વચ્ચે માતાની જિંદગી માટે જ્યારે રકઝક ચાલે છે તે કટોકટીની વેલા એટલે 'વિયાજમ' એવો અર્થ લોકો બેસારે છે.''

એ આગવી લોકવ્યુત્પત્તિ છે ! (Folk-etymology) ! કેવી–કેટલી કલા કરી ગયો આ મોરલોય તે ! દાસી જીવણની જેમ આપણનેય પૂછવાનું મન થાય –

મોર તું તો અવડાં તે રૂપ ક્યાંથી લાયો રે ?
મોરલો મરત લોકમાં આયો !

એ તો લેખકોનેય કહેતો ગયો છે :

> ''મનની ઊર્ધ્વગામી બનવાની આ માંહ્યલી મથામણ જ સાચું ને સર્વોપરી રહસ્ય છે....એ રહસ્યને જ આગળ કરનાર લેખન કરો, અંદરના માનવીને શોધો. એ શોધને સહાયભૂત થાય તેવા જીવનપ્રસંગો અજવાળે આણો અને પછી આલેખન એવી શૈલીએ કરો કે જેથી સામાન્યો પણ વાંચીસમજી શકે.'' ('અંતરછબિ', પૃ. 433)

મેઘાણી-જીવનકાર્યના જિજ્ઞાસુએ, એમના પત્રોમાં એમણે પાથરેલ મત સુધી જવું હોય તો ભારતના આ જાતના સાહિત્યકારનાં પત્રસંપાદનોમાં જે નમૂનારૂપ બને તેવો સંગ્રહ છે તે અવશ્ય જોવો જ રહ્યો : 'લિ. હું આવું છું'. પણ...... એ ગયા છે જ ક્યાં ? પત્રકારત્વ, લોકવાણી અને સાહિત્ય ત્રણે ક્ષેત્રે ઝળહળતો બીજા કોઈનો તો શબ્દ બતાવો ! અને હોય કદાચ તોય જેવી વાણી એવું જ ઉમદા જીવન (પાણી) – એ કહેણી-કરણીની એકરૂપતા તો અશક્ય ! કચ્છનલિયાના કવિ લાલજી નાનજીની અવિસ્મરણીય અંજલિ છે :

મેઘો વરસે મોસમે એકલડાં પાણી;
વાણી ને પાણી અણથંભ્યો મેઘાણી.

('ઝવેરચંદ મેઘાણી સ્મરણ',
'ફૂલછાબ', 1947; પૃ. 179)

●

# પરિશિષ્ટ 1 : મેઘાણીસાહિત્યસૂચિ

**ગ્રંથસ્થ મેઘાણી-સાહિત્ય :**

1 સમગ્ર ગ્રંથસ્થ મેઘાણીસાહિત્ય બે મોટા વિભાગોનું :

क લોકસાહિત્યવિષયક અને ख અભિજાતસાહિત્ય.

क (1) લોકકથા : 16 (રસધાર બધી જ એક ગ્રંથમાં ‘સંકલિત આવૃત્તિ’ 1997માં ઉપલબ્ધ.)

| | | | | | |
|---|---|---|---|---|---|
| 1. | ડોશીમાની વાતો | (1923) | 9. | દાદાજીની વાતો | (1927) |
| 2. | સૌરાષ્ટ્રની રસધાર | (1923) | 10. | સોરઠી બહારવટિ-યા–2 | (1928) |
| 3. | સૌરાષ્ટ્રની રસધાર–2 | (1925) | 11. | સોરઠી સંતો | (1928) |
| 4. | સૌરાષ્ટ્રની રસધાર–3 | (1925) | 12. | સોરઠી બહારવટિ-યા–3 | (1929) |
| 5. | સૌરાષ્ટ્રની રસધાર–4 | (1925) | 13. | સોરઠી ગીતકથાઓ | (1931) |
| 6. | સૌરાષ્ટ્રની રસધાર–5 | (1927) | 14. | કંકાવટી–2 | (1936) |
| 7. | સોરઠી બહારવટિયા–1 | (1927) | 15. | પુરાતન જ્યોત | (1938) |
| 8. | કંકાવટી1 | (1927) | 16. | રંગ છે બારોટ | (1945) |

क **(2) લોકગીત : 10**

| | | | | | |
|---|---|---|---|---|---|
| 1. | રઢિયાળી રાત–1 | (1925) | 6. | ચૂંદડી–2 | (1929) |
| 2. | રઢિયાળી રાત–2 | (1926) | 7. | ઋતુગીતો | (1929) |
| 3. | રઢિયાળી રાત–3 | (1927) | 8. | રઢિયાળી રાત–4 | (1942) |
| 4. | ચૂંદડી–1 | (1928) | 9. | સોરઠી સંતવાણી | (1947) |
| 5. | હાલરડાં | (1928) | 10. | સોરઠિયા દુહા | (1947) |

(1થી 8ની બધી જ સામગ્રી 1973માં બે ભાગમાં અને 1997માં હવે એકમાં ઉપલબ્ધ.)

क **(3) લોકસાહિત્યવિવેચન : 5**

1. લોકસાહિત્ય–1 (1939)
2. લોકસાહિત્યની પગદંડીનો પંથ (1942)
3. ચારણો અને ચારણી સાહિત્ય (1943)
4. ધરતીનું ધાવણ (લોકસાહિત્ય–2) (1944)
5. લોકસાહિત્યનું સમાલોચન (1946)

(1થી 5ની બધી જ સામગ્રી હવે બે ભાગમાં 1997માં)

(ઉપલબ્ધ : 'લોકસાહિત્ય ધરતીનું ધાવણ' અને 'લોકસાહિત્ય અને ચારણી સાહિત્ય')

क **(4) લોકસાહિત્યની ખેપો : 2**

1. સૌરાષ્ટ્રનાં ખંડેરોમાં (1928) 2. સોરઠને તીરે તીરે (1933)

(હવે એક ગ્રંથમાં ઉપલબ્ધ)

क **(5) ક્ષેત્રકાર્ય-નોંધપોથીઓ : 2**

1. પરકમ્મા 1946) 2. છેલ્લું પ્રયાણ (1947)

(બન્ને એકમાં ઉપલબ્ધ.)

ख**–I સર્જન;** ख **II ઇતર :**

ख**–I (1) કવિતા :** 9 [હવે સમગ્ર કવિતા 'સોનાનાવડી'(1997)માં ઉપલબ્ધ]

| | | | | | |
|---|---|---|---|---|---|
| 1. | વેણીનાં ફૂલ | (1928) | 5. | પીડિતોનાં ગીતો | (1933) |
| 2. | કિલ્લોલ | (1930) | 6. | યુગવન્દના | (1935) |
| 3. | સિંધુડો | (1930) | 7. | એકતારો | (1940) |
| 4. | કોઈનો લાડકવાયો અને બીજાં ગીતો | (1931) | 8. | બાપુનાં પારણાં | (1943) |
| | | | 9. | રવીન્દ્રવીણા | (1944) |

**ख–I (2) વાર્તા : 11 ['મેઘાણીની સમગ્ર નવલિકા' ભાo 1, 2 (1998)]**

(* પરપ્રદીપ્ત; + પ્રતિનિધિ સંગ્રહો)

| | | | | | |
|---|---|---|---|---|---|
| 1. | કુરબાનીની કથાઓ | (1923)* | 8. | ધૂપછાયા | (1935) |
| 2. | ચિતાના અંગારા | (1931) | 9. | મેઘાણીની | |
| 3. | ચિતાના અંગારા | (1932) | | નવલિકાઓ–1 | (1942)+ |
| 4. | વર્તમાનયુગના | (1932)* | 10. | મેઘાણીની | |
| | બહારવટિયા (તે જ +) | | | નવલિકાઓ–2 | (1942)+ |
| 5. | જેલઑફિસની બારી | (1934) | + | દરિયાપારના | |
| 6. | પ્રતિમાઓ | (1934)* | | બહારવટિયા | |
| 7. | પલકારા | (1935)* | 11. | વિલોપન | (1946) |

**ख–I (3) નવલકથા : 14** ('મેઘાણી ગ્રંથાવલી' ખંડ 1, 2, 3માં ચૌદેય ઉપલબ્ધ, ત્રણ ગ્રંથોમાં, 1975) (* પરપ્રદીપ્ત / ઐતિo)

| | | | | | |
|---|---|---|---|---|---|
| 1. | સત્યની શોધમાં | (1932) | 7. | વેવિશાળ | (1939) |
| 2. | નિરંજન | (1936)* | 8. | રા'ગંગાજળિયો | (1939)* |
| 3. | વસુંધરાનાં વહાલાં | | 9. | બીડેલાં દ્વાર | (1939)* |
| | દવલાં | (1937)* | 10. | ગુજરાતનો જય–1 | (1940)* |
| 4. | સોરઠ, તારાં વહેતાં | | 11. | તુલસીક્યારો | (1940) |
| | પાણી | (1937) | 12. | ગુજરાતનો જય–2 | (1942)* |
| 5. | સમરાંગણ | (1938)* | 13. | પ્રભુ પધાર્યા | (1943) |
| 6. | અપરાધી | (1938)* | 14. | કાળચક્ર | (1947 : અપૂર્ણ) |

**ख–I (4) નાટક : 4** ('મેઘાણીનાં નાટકો', 1997, એક ગ્રંથમાં સમગ્ર)

(* અનુવાદિત)

| | | | | | |
|---|---|---|---|---|---|
| 1. | રાણો પ્રતાપ | (1923)* | 3. | શાહજહાં | (1927)* |
| 2. | રાજારાણી | (1924)* | 4. | વંઠેલાં | (1934) |

ख–IIમાંનું ઘણું – ‘માણસાઈના દીવા’ જેવાનાં પ્રસંગચિત્રો વગેરે લલિત સાહિત્ય-માં જાય તેવું છે.

ख–**II (1) જીવનચિત્રો : 10** (* સંપાદનો)

| | | | | | |
|---|---|---|---|---|---|
| 1. | બે દેશદીપક (‘સત્યવીર શ્રદ્ધાનંદ’ અને ‘નરવીર લાલાજી’) | (1927) | 6. | પાંચ વરસનાં પંખીડાં | (1942)* |
| | | | 7. | આપણા ઘરની વધુ વાતો | (1943)* |
| | | | 8. | દયાનન્દ સરસ્વતી | (1944)* |
| 2. | ઠક્કરબાપા | (1939) | 9. | માણસાઈના દીવા | (1945) |
| 3. | મરેલાંનાં રુધિર | (1942) | 10. | વસન્ત-રજબ સ્મારક ગ્રંથ | (1947)* |
| 4. | અકબરની યાદમાં | (1942)* | | | |
| 5. | આપણું ઘર | (1942)* | 11. | વિશ્વપ્રેમી એની બેસન્ટ | (1927) |

ख–**II (2) ઇતિહાસ, લેખ વગેરે : 16**
(* સાહિત્યવિષયક) (સ્વતંત્ર તેમજ સંપાદિત)

| | | | | | |
|---|---|---|---|---|---|
| 1. | એશિયાનું કલંક | (1923) | 9. | ભારતનો મહાવીર પડોશી | (1943) |
| 2. | મરણિયું આયર્લૅન્ડ | (1923) | 10. | ધ્વજમિલાપ | (1943) |
| 3. | હંગેરીનો તારણહાર | (1927) | 11. | સાંબેલાં | (1943) |
| 4. | મિસરનો મુક્તિસંગ્રામ | (1930) | 12. | અજબ દુનિયા | (1943) |
| 5. | સળગતું આયર્લૅન્ડ | (1931) | 13. | પરિભ્રમણ–1 (સાહિત્યસામગ્રી)* | (1944) |
| 6. | લાલકિલ્લાનો મુકદ્દમો | (1946) (સં૦) | 14. | સાંબેલાના સૂર | (1944) |
| 7. | આપણા ઉંબરમાં (વાર્તા વગેરે) | (1932) | 15. | પરિભ્રમણ–2 (સાહિત્યસામગ્રી)* | (1947) |
| 8. | વેરાનમાં | (1935) | 16. | પરિભ્રમણ–3 (નોંધ, નિબંધ વગેરે સાહિત્યસામગ્રી)* | (1947)* |

+ લિ૦ હું આવું છું (મૃત્યૂત્તર પત્રસંગ્રહ) ('લિ૦ સ્નેહાધીન ઝવેરચંદ' એ શીર્ષકે કેટલાક પત્રોનો સંચય થયેલો.) પત્રો મેઘાણીના જ હોવાથી એમની સાહિત્યસામગ્રીમાં એ લેખાય. એમનાં આત્મનિવેદનોનો સંચય 'અંતરછબિ' નામે થયેલો છે. મેઘાણીના જીવન અને સાહિત્યના સંદર્ભે એ બન્ને ઉપયોગી સ્રોતો છે. આ સર્જન-સૂચિની સાલવારી માટે જયન્ત મેઘાણીએ કરેલ ''મેઘાણીવિવેચનાસંદોહ'' ખંડ 2માંના (પૃ. 640 પરના) 'પ્રકાશન-ક્રમ'નો આધાર લીધો છે. પ્રા. જયન્ત કોઠારી સંપાદિત 'મે.વિ.સંદોહ'ના બે ખંડોમાં (પ્રકાશન : ગૂર્જર, 2002) મેઘાણીસાહિત્ય પરનું અત્યાર સુધીનું મહત્વનું બધું જ વિવેચન સંક્ષેપે સમાવાઈ ગયું છે.

●

# પરિશિષ્ટ 2 : શબ્દસૂચિ


અકબર 62
'અકબરની યાદમાં' 43, 62
અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ 38
'અપરાધી' 34, 38
અપ્ટન સિંક્લેર 33, 37, 38
અબુલ 77
અબ્દુલ ગફારખાન 63
'અભિસાર' 8, 50
અમદાવાદ 76, 77, 79, 80, 82
'અમારા ગામનાં કૂતરાં' 45
અમૃતલાલ શેઠ 7, 10, 23, 28
અશોક 77
'અંતર-છબિ' 45
'આઉટલૉઝ ઑવ્ કાઠિયાવાડ' 15
આકાશવાણી 76
'આખરે' 28
'આગે કદમ' 32
આઝાદ હિંદ ફોજ 36
'આત્માનો અસુર' 29
આનંદશંકર ધ્રુવ 30
આન્દામાન 63
'આપણા ઉંબરમાં' 44
'આપણા ઘરની વધુ વાતો' 62
'આપણું ઘર' 62
'આપણું ઘર પૃથ્વી' 43
'આરો ગલ્પ' 9
આલવાર સંતો 86
આલા મલેક 16
'આવજો આવજો વા'લી બા' 23
'આહીરની ઉદારતા' 10, 12
'આળાં હૈયાં' 81
ઇચ્છાબા 71
ઇડિપસ 54
ઇન્દુબહેન 77
ઈશ્વરલાલ દેસાઈ 85
ઈશ્વરલાલ મો. દવે 71
'ઉમાશંકર જોષી' 61, 79, 85
'ઊર્મિ–નo' 36, 44, 53, 65, 76, 77, 80, 83
'એ આવશે' 28
'એકતારો' 22, 40, 41, 45
એની બેસન્ટ 35, 63
'એશિયાનું કલંક' 8, 9, 83
ઐતિહાસિક નવલો 36

‘ઓતરાદા વાયરા ઊઠો’ 32
ઓતાબાપા 16
ઓરલ હિસ્ટરી 15
‘ઓળીયો’ 11
‘કકલભાઈ કોઠારી 7, 26, 62
કતપર 27
‘કથા ઓ કાહિની’ 6, 8
કથાનું પુનઃકથન 55
કનડાનો ડુંગર 16
કપિલભાઈ ઠક્કર 3, 19
કબીર 86, 87
કબીરવડ 82
કમ્પની સરકાર 14
કર્નલ વૉકર 14
‘કલમ અને કિતાબ’ 28, 29, 33, 42
કલાપી 60
‘કસુંબીનો રંગ’ 32
‘કંકાવટી’ 13, 18
કંઠસ્થ ઇતિહાસ 14, 15
‘કાકી’ 30
‘કાગ’ દુલા ભાયા 18, 26, 30
કાદુ મકરાણી 17
‘કાનજી શેઠનું કાંધું’ 45
‘કાન્ત’ 60
કાર્ટૂન કેસ 40, 42, 43, 65
કાલેલકર 46, 66
‘કાળચક્ર’ 34, 36, 76, 83, 86
કાંગડી (ગુરુકુળ) 63
‘કાંઠે રમનારાં’ 23
કિનકેઇડ 14, 15
‘કિલ્લોલ’ 22, 32
‘કિશોરની વહુ’ 44
કુમુદબહેન (ગોધરા) 11
‘કુરબાનીની કથાઓ’ 8, 9
કુલીનચન્દ્ર યાજ્ઞિક 35
કેશવ હર્ષદ ધ્રુવ 30
‘કોઈનો લાડકવાયો’ 24, 32, 33
‘કોઈનો લાડકવાયો અને બીજાં ગીતો’ 22, 26
કોમી હુલ્લડ 76, 81
‘કૌમુદી’ 32
કૌલ 43
ખાયણાં 20
ખીમસાહેબ 88
ગગુભાઈ 26
‘ગલ્પેર બઈ’ 9
ગંગાસતી 43, 88
ગાંધીજી 3, 16, 25, 35, 63, 64, 72, 77, 78
ગિજુભાઈ 30
ગીગાભગત 19
ગીગો (બહારવટિયો) 16
ગીતકથા 58

'ગીતાંજલિ' 49
'ગુજરાતનો જય' 34, 36, 37
ગુણવન્તરાય આચાર્ય 79, 83
ગુણાઢ્ય 46
ગુલમહમ્મદ (જમાદાર) 17, 26, 27
ગુલાબભાઈ 83
ગોખલે 63
ગોરખનાથ 87
ગોરખો (સંત) 19
ગોળમેજી 25
ગ્રાન્ટ (કૅપ્ટન) 16
જ્ઞાનદેવ 87
જ્ઞાનેશ્વર 87
ઘૂઘા પગી 26
'ઘોડી અને ઘોડેસવાર' 13
'ઘણ રે બોલેને' 32, 42
ચતુરકથા 58
ચલાલા 26
'ચંદણ-મૅણાગરી' 60, 61
'ચાડિયો કૉયલ' 23
ચારણ 15
'ચારણકન્યા' 23
'ચારણો અને ચારણી સાહિત્ય' 44, 45
ચાંપરાજ વાળા 16
'ચિતાના અંગારા' 26, 44
'ચિત્તરંજન દાસ 30, 63
ચિત્રાદેવી 28, 77, 83, 86
ચુનીભાઈ પારેખ 83
'ચૂંદડી' 19, 20, 21
ચૌદમી સદીની ભક્તિધારા 85
'છેલ્લી પ્રાર્થના' 32
'છેલ્લું પ્રયાણ' 48
'છેલ્લો કટોરો' 25, 32
'જગન્નાથ અહિવાસી 30
'જનમના જોગી' 60
'જનેતાનું હૃદય' 29
'જન્મભૂમિ' 28, 29, 31, 32, 33, 37, 44, 52
જપ્તી સામે સત્યાગ્રહ 73
જયન્ત મેઘાણી 44
'જયમનનું રસજીવન' 32
જયમલ્લ પરમાર 57
જયાબહેન દાણી 21
'જલ્લાદનું હૃદય' 29
જવાહર નહેરુ 63, 72
'જાગેલું ઝરણું' 50
જાદરો (સંત) 19
જામ સતા 37
જીવરામ બ્રાહ્મણ 73
જીવણલાલ મો. શાહ 4
'જૂતા-આવિષ્કાર' 8, 51
જેઠા બારોટ 56, 59
'જેલ ઑફિસની બારી' 24, 31

જેસલ (સંત) 19
જેસાજી-વેજાજી 14, 15, 37
જોગીદાસ ખુમાણ 16, 17
જોધો માણેક 17
ઝ. મેઘાણી : ‘મ’માં જુઓ
‘ઝંડાધારી’ 63
‘ઝાકળબિન્દુ’ 32
‘ઝાંસીકી રાણી’ 30
ઝુલ્ફિકાર અહમદ બુખારી 76
ઠક્કરબાપા 18, 62, 63
ઠક્કર વસનજી માધવજી વ્યાખ્યાનો 46
‘ઠાકુરમાર ઝૂલિ’ 9
‘ઠાકુરદાર ઝૂલિ’ 9
‘ડિક્ષનરી ઑવ્ ફોકલોર’ 15
ડોલરરાય માંકડ 33
‘ડોશીમાની વાતો’ 6, 9
ઢાંક 12
ઢેલીબહેન 19
‘તકદીરને ત્રોફનારી’ 41, 60
‘તરુણોનું મનોરાજ્ય’ 24, 32
તિલક (ટિળક બા. ગં.) 63
‘તુલસીક્યારો’ 34, 38, 39, 40
તુલસીશ્યામ 26
તોરલ 88
ત્રિકમસાહેબ 88
દક્ષિણારંજન મિત્રમજમુદાર 9
દમયન્તીબહેન 6, 25, 27
‘દયાનન્દ સરસ્વતી’ 62, 63
‘દરિયાપીરની દીકરી’ 10, 56, 57
‘દસ્તાવેજ’ 12
દંતકથા 19
દાણી દમ્પતી 18, 22
‘દાદાજીના દેશમાં’ 23
‘દાદાજીની વાતો’ 9, 13
દાદાભાઈ (નવરોજી) 63
દાના ભગત 19
‘દાસી’ જીવણ 88, 89
દાંડીયાત્રા 71, 72
દિનેશચન્દ્ર સેન 53
દિલ્હી 82
‘દિવાળીની બૉણી’ 45
‘દીકરાનો મારનાર’ 12
‘દીવડો ઝાંખો બળે’ 49
દીક્ષા 28
‘દુઃખી દુનિયા’ 81
દુર્લભજી ઉ. પરીખ 28
દુલા ભાયા ‘કાગ’ : ‘ક’માં જુઓ
દુહા 83
દેવીદાસ (સંત) 19
દ્વિજેન્દ્રનાથ ઠાકુર 30
દ્વિજેન્દ્ર રૉય 9, 30
‘ધરતીનું ધાવણ’ 47

'ધરતીનો સાદ' 29
'ધરતી માગે છે ભોગ' 32
'ધ લાફિંગ મૅન' 38
ધારાળા 71
'ધીમે ધીમે લોચન ખોલો' 41
ધીરેન્દ્ર મહેતા 38
'ધૂપછાયા' 44
'ધૂમકેતુ' 30, 37
'ધૂંધળીનાથ.....' 12
નરસિંહ મહેતા 37
નરસિંહરાવ 46
નવલકથા 34
નવલિકા 44
નાગેશ્રી 26
નાટિકાઓ 32
નાથાભાઈ 43
નાથીબા (દધીચ) 73
નાથો મોઢવાડિયો 16
નાનક મેઘાણી 75, 76
નાનાલાલ (કવિ) 16
નામદેવ 87
નારણભગત 19
નારસંગજી ઠાકોર 73
નાવિકગીતો 10
'નિકષરેખા' 13
'નિરંજન' 33, 34, 37
નિર્મળાબહેન મેઘાણી 76
નીકોરા 82
નોગૂચી (કવિ) 23
'પરકમ્મા' 2, 7, 8, 48, 83
'પરિભ્રમણ' 29, 30, 31
'પલકારા' 28
'પહાડોની ગોદમાં' 25
પંડિત ખરે 30
પાટપૂજા (ધૂનો ધરમ) 87
પાનકોર ડોશી 45
પાનબાઈ 88
'પાંચ વરસનાં પંખીડાં' 43, 62, 63
પિંગળશી પા. ગઢવી 18
'પીડિતોનાં ગીતો' 22, 26
'પુરાતન જ્યોત' 19, 20
પૉપ્યુલર લિટરેચર 15, 19
પ્રજાતિશાસ્ત્ર 15
'પ્રજાબંધુ' 44
'પ્રતિમાઓ' 28
'પ્રબુદ્ધ જૈન' 81
'પ્રભુ પધાર્યા' 34, 36
પ્રમોદકુમાર પટેલ 38
ફકીરો (બહારવટિયો) 16
ફ. બ. 45
ફાર્બસ (એ. કિ.) 46
'ફૂલછાબ' 26, 28, 29, 31, 34, 42, 43, 44, 52, 53, 65, 76

‘ફોક ટેયલ્સ ઑવ્ બૅંગાલ’ 53

‘ફો. ટે. ઑવ્ મહાકોશલ’ 54

બ. ક. ઠા. 33

‘બદનામ’ 28

બબલભાઈ મહેતા 66

‘બબલીએ રંગ બગાડ્યો’ 45

‘બલિદાન’ 32

બળવન્તભાઈ (કથાકથક) 57

બળવન્તરાય મહેતા 7

બાકે (ડૉ.) 60

‘બાપુનાં પારણાં’ 22

બાપુ ભાલાળો 54, 59

બાબર દેવા 70, 74

બારૈયા 71

‘બાલમિત્ર’ 6

બાવા વાળા 16

બાળગીતો 10

‘બીડીઓ વાળનારીનું ગીત’ 32

‘બીડેલાં દ્વાર’ 34, 38

બીમન 14

બીમ્સ 14, 15

‘બૂરાઈનાં દ્વાર પર ’ 45

‘બે ઘડી મૉજ’ 29

‘બે દેશદીપક’ 43, 62

બેલ (કેપ્ટન) 15

બૅલડ 58

બેંતાળીસની લડત 36

બોટાદ 26, 27, 29, 34, 76, 79, 83

ભગવાનલાલ 15

ભજન 41, 88

ભજનકથા 60

ભજનવાણી 10

‘ભાઈ અને બહેન’ 23

‘ભાઈબંધી’ 12

ભાઈલાલભાઈ (વલ્લભવિદ્યાનગર) 79

ભાણસાહેબ 88

ભાવનગર 18

ભીખાભાઈ (વ. વિ. નગર) 79

ભીમજીભાઈ પારેખ (‘સુશીલ’) 7

ભીમો જત 16

ભીલસેવામંડળ 63

ભૂચરમોરી 37

ભોજલ 89

મકરન્દ દવે 76

મગનલાલ સતીકુમાર 43, 62

મણિલાલ મા. શાહ 6

મધુભાઈ પટેલ 43, 84

‘મરતા બાળકનું આશ્વાસન’ 50

મરે 15

‘મરેલાંનાં રુધિર’ 43, 62

મસ્તાન મેઘાણી 79


મહમ્મદ બેગડો 14
મહાદેવ દેસાઈ 25
મહિડા પારિતોષિક 75, 76
મહિયાનું બહારવટું 16
મહી 72
મહેન્દ્ર મેઘાણી 8, 22, 76, 77, 83, 84, 85
'માણસાઈના દીવા' 48, 64 થી 76
'માણસિયો વાળો' 12
'માલાગૂંથણ' 23
મારીઆ લીચ 15
'માસ્તરસાહેબ' 19
'મિસરનો મુક્તિસંગ્રામ' 9
મીરા 88, 89
મીં–યો–ઓદોઈ 20
મુઝફ્ફર નહનૂ 37
મુનશી (ક. મા.) 37
મુંબઈ 28, 29, 76, 80
મૂળુ માણેક 17
મેકરણ (સંત) 19, 20
મેઘાણી (ઝવેરચંદ) :
અમદાવાદ હૉસ્પિટલમાં 44
અવસાન 36, 86
આત્મપરીક્ષણ 21, 85
કલકત્તાગમન 4, 5
કલમપ્રીતિ 53
કલમસંયમ 64
કાવ્યપ્રયાણ 21
કુટુમ્બ (સંતાનો) 77
કેળવણી 2, 3
ક્ષેત્રકાર્ય 7, 8
ગુંડાનો સામનો 40
છેલ્લું પ્રવચન 85
જન્મ 1
જન્મપત્રિકા 83
જીવનનો હિસાબ 52
જેલ 24, 25, 52
તખલ્લુસો 1, 2
નવલકથા 33, 34
નવલિકા-લેખનઆરંભ 44
પચાસમો જન્મદિન 79
પત્રકારત્વ 7
પરિષદપ્રમુખ 80
પિતા 1
ફરી બોટાદ ('ફૂલછાબ') 34
'બગસરામિત્રમંડળ' 2
બહારવટિયા-સામગ્રીનાં પ્રાપ્તિસ્થાનો 14, 15, 17
બહુશ્રુતતા 9
ભાષા 73, 74, 75
મહારાજ સાથે પ્રવાસ 66, 70, 71, 74
મહિડા-પારિતોષિક 76
માતા 1, 18

મિત્રો 2, 3, 4
મુંબઈગમન 27
મું. યુનિ. વ્યાખ્યાનો 46, 47
રણજિતરામ સુ. ચંદ્રક 21
રૂપાન્તરકલા 9, 33
લગ્નો 6, 28
લેખનઆરંભ 2, 3, 6
લેખનમાં ઋતુઓ 9
લોકકથા સંપાદનરીતિ 57
લોકગીતસંશોધન 19, 20
લોકવિદ્યા 7, 20
લોકસાહિત્ય 10
વતન 2
વિમાનપ્રવાસ 82
વિલાયતગમન 4
સંસ્કાર 1થી 4
સ્થળાન્તરો (જુઓ કલકત્તા, બોટાદ, ભાવનગર, મુંબઈ.)
મેપો (સંત) 19
મોંઘીબા (ઠક્કર) 3, 18
‘યશોધરા’ 32
‘યાચના’ 32
યાસિન દલાલ 25
‘યુગવન્દના’ 22, 32
રઘનાથજી ગરાસિયો 72
રજબઅલી 64, 77
‘રઢિયાળી રાત’ 10, 19, 20
રતિભાઈ ઝાટકિયા 82, 83
રતો (સંત) 19
રવિશંકર મહારાજ 64થી 76
રવીન્દ્રનાથ 6, 8, 9, 28, 47, 48, 49
‘રવીન્દ્રવીણા’ 22, 49થી 52
– ‘રસધાર’ (સૌરાષ્ટ્રની) 10
રંગઅવધૂત 82
‘રંગ છે બારોટ’ 48, 53, 54, 55
‘રા’ ગંગાજળિયો’ 33, 34
‘રાજા-રાણી’ 9, 54
રાજા રામમોહન રાય 63
રાજુલા 26
રાણપુર 18, 26, 34, 42, 52, 53, 76
‘રાણીજીના વિલાસ’ 8
રાણીંગ વાળા 15
‘રાણો પ્રતાપ’ 9
‘રાતાં ફૂલડાં’ 32, 33
રાનડે 86
રામજીભાઈ કામાણી 4
રામભગત 19
રામ વાળો 17
રામાનંદ 86, 87
રામાનુજ 86, 87
રા’માંડળિક 37
રામુભાઈ ઠક્કર 3


રાયદે (બહારવટિયો) 17
રાવણહથ્થો 60
રા. વિ. પાઠક 30, 80
રાસડો (બેલડ) 20, 59
‘ઋતુગીતો’ 10, 20
‘રૂપજીવિની’ 30
રોમાં રોલા 31
રૉબિનહૂડ 15
લખુભાઈ શાહ 80
લગ્નગીત 19, 21
લજપતરાય 63
લાલજી નાનજી 90
‘લિ. હું આવું છું’ 40, 45
લુવારીઆ 60, 61
લોકકથા 37, 54, 61
લોકગીત 19, 20, 54
લોકજાતિઓ 15
લોકવાણી 10, 87
લોકવ્યુત્પત્તિ 90
લોકસાહિત્ય 10, 85, 87
‘લોકસાહિત્ય–1’ 21, 47
‘લોકસાહિત્ય અને ચારણીસાહિત્ય’ 47
‘લોકસાહિત્યનું સમાલોચન’ 46
લોયણ 88
‘વડવાંગડું’ 31
વડોદરા 83
વર્ણક 58
‘વર્તમાનયુગના બહારવટિયા’ 26
વસન્તબહેન 21
‘વસન્ત-રજબ સ્મારકગ્રન્થ’ 62, 63, 64, 77
વસન્તરાવ 64, 77
‘વસુન્ધરાનાં વહાલાં દવલાં’ 34, 38
‘વહુ અને ઘોડો’ 45
‘વહુએ વગોવ્યાં.....’ 19
‘વળામણાં’ 30
‘વંઠેલાં’ 32
‘વાજસુર વાળા 3, 6, 56, 57, 80
વાલો નામેરી 17
વિક્રમકથાઓ 55
વિજયાબહેન પરીખ 28
વિનોદ મેઘાણી 45, 80
‘વિલોપન’ 44
‘વિવાહ’ 8
વિશ્વનાથ મ. ભટ્ટ 13
‘વીર બંદો’ 8
‘વીસામણ ભગત 19
‘વીંઝણો’ 32
‘વેણીનાં ફૂલ’ 22, 32
‘વેરાનમાં’ 31
વેરિયર એલ્વિન 20, 43, 46, 53, 54, 83
‘વેવિશાળ’ 34, 38, 39

વૉકર (કર્નલ) 14, 15
વ્રજલાલ મેઘાણી 80
વ્રતકથા 18
વ્રતો 10
શતાબ્દી વર્ષ 47
'શબદનો સોદાગર' 83
શાન્તિનિકેતન 42
શામળ 46
શામળદાસ કૉલેજ-મૅગેઝિન 2
'શારદા' 18
'શાહજહાં' 9
શિવલાલ પુ. ગોસળિયા 6
'શિવાજીનું હાલરડું' 23
શુક્લતીર્થ 82
'શેત્રુંજીને કાંઠે' 12
શ્રદ્ધાનંદ 63
'સત્યની શોધમાં' 26, 33, 34, 37
'સદાશિવ ટપાલી' 45
સમજુબહેન 83
'સમરાંગણ' 34, 36, 37
સરદાર પટેલ 63
સરધાર 26
'સળગતું આયર્લૅન્ડ 9
સંઘજી કાવઠિયો 12
'સંચયિતા' 49
'સંતવાણી' 19
સંત હોથી 88
'સંસ્કૃતિ' 84
'સાગરરાણો' 32
સામત 26
સાવરકર 63
સાસણ 26
સાહિત્ય પરિષદ સંમેલન (રાજકોટ) 80
'સાંઈ નેહડી' 12
'સિંધુડો' 22, 23, 24, 26
સુખલતા સેન 9
સુલતાન મહમ્મદ 37
'સૂના સમદરની પાળે' 24, 32
સૈયદ એહમદ 63
'સોનાનાવડી' 22, 33, 50, 51
'સોરઠ, તારાં વહેતાં પાણી' 33થી 36
'સોરઠને તીરે તીરે' 20, 26
'સોરઠિયા દુહા' 84
'સોરઠી ગીતકથાઓ' 24, 25
'સોરઠી તવારીખ' 16
'સોરઠી બહારવટિયા' 13, 14
'સોરઠી સંતવાણી' 77, 80, 81, 82, 85, 86
'સોરઠી સંતો' 13, 18, 19, 20
'સૌરાષ્ટ્ર' 6થી 10, 18, 23, 25, 31, 34, 52


'સૌરાષ્ટ્રનાં ખંડેરોમાં' 26
'સૌરાષ્ટ્રની રસધાર' 10, 11
સ્ત્રી-સંતો 88
સ્થાનિક કંઠસ્થ ઇતિહાસ 14
હરખજી વ્યાસ 4
હરગોવિંદ પંડ્યા 7
હરજી થાનકી 16
હરભાઈ દેસાઈ 17
હરસુર 15
હાલરડાં 10, 23
'હાલરડાં' 20
હિમાંશી શેલત 45
હૉલ કેઇન 38
હ્યુગો 31, 38, 69



માણસાઈના દીવા માટેના પારિતોષિક-સ્વીકાર પ્રસંગે



**"મુખડા ક્યા દેખો દર્પણમેં"**
(ઝવેરચંદ મેઘાણીએ દોરેલું વ્યંગ-ચિત્ર)



યુવાન વયે



દમયંતીબહેન



કુટુંબ સાથે : ૧૯૪૫

વીસમી સદીના બીજા દાયકામાં અંગ્રેજી સાથેનો એક યુવાન ગ્રૅજ્યુએટ, તેય વણિક, લોકપ્રેમ ને શબ્દશ્રદ્ધાના અદમ્ય ખ્યાલથી પ્રેરાઈને, વિલાયતયાત્રાના લાભ સાથેનું સ્વબળે પોતાને મળેલું એક પ્રસિદ્ધ વેપારી પેઢીમાંનું ઊંચા દામ-દરમાયાવાળું સ્થાન ઘડીના છઠ્ઠા ભાગમાં ફગવી દે, અને વતનમાં આવી આખુંયે આયખું કલમને ધરી દે, એ પુનઃ પુનઃ સ્મરણીય મેઘાણીજીવનનું આ સાહિત્યિક ચરિત્ર છે. મેઘાણીએ 'શબ્દનો વેપાર' માંડ્યો તો શબ્દે એની અઢળક રૂપસમૃદ્ધિથી એમને અને આપણને બેયને કેવાં ન્યાલ કરી દીધાં એની અહીં વાત છે. મેઘાણીજીવનની ભોંય પર મેઘાણીસાહિત્યનો આ આલેખ છે.

